ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Vol No.:9 - ISSUE : 09 • December 2021 • PAGES : 44 • PRICE 30/-

ગુજરાતી અંગ્રેજી વર્ષ : ૯ (કુલ વર્ષ ૯૩) અંક : ૯ • ડિસેમ્બર ૨૦૨૧ • પાનાં : ૪૪ • કિંમત : ૩૦/-



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન: ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન: ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ:**

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | અભ્યાસ સતત, નિરંતર એ જ નિર્વાણ! | સેજલ શાહ | ૦૩ |
| ૨. | એક જ દે ચિનગારી | કુમારપાળ દેસાઈ | ૦૭ |
| ૩. | સત્પુરુષો પ્રાપ્ત લબ્ધિ અને મંત્રોનો ઉપયોગ પરમાર્થે જ કરતા હોય છે | ગુણવંત બરવાળિયા | ૧૦ |
| ૪. | ગાંધી મનન યાત્રા : સાવરકર, દયાની અરજીઓ, ઈતિહાસ અને રાજમોહન ગાંધી | સોનલ પરીખ | ૧૨ |
| ૫. | વિનોબા વાઙ્મયનું આચમન | રમજાન હસણિયા | ૧૪ |
| ૬. | સંત કવયિત્રી પીરોમા-પંજાબના ઉપેક્ષિતા | કાલિન્દી પરીખ | ૨૦ |
| ૭. | તિરૂકકુરળ ચિંતનિકા-૨ | પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ. સા. | ૨૮ |
| ૮. | જ્ઞાન સંવાદ - ૧૨ | પાર્વતીબેન ખીરાણી | ૨૯ |
| ૯. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન છાડવા | ૩૧ |
| ૧૦. | માનવીયતા | વિજય શાસ્ત્રી | ૩૪ |
| ૧૧. | Hemchandracharya | Kamini Gogri | ૩૬ |
| ૧૨. | સર્જન સ્વાગત | સંધ્યા શાહ | ૩૮ |
| ૧૩. | ભાવ-પ્રતિભાવ | – | ૪૧ |
| ૧૪. | અતીતની બારીએથી આજ | બકુલ ગાંધી | ૪૩ |
| ૧૫. | જો મારો હોય અંતિમ પત્ર તો... | હરીશ દાસાણી | ૪૪ |


*"હું તો માત્ર ધરાને જ ઓળખું છું અને મને ખબર છે કે એને કોઈ નામ નથી."*

– પાબ્લો નેરુદા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

વિક્રમ સંવત ૨૦૭૮ • વીર સંવત ૨૫૪૮ • માગસર સુદ - ૧૩

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## અભ્યાસ સતત, નિરંતર એ જ નિર્વાણ!

ધર્મને બે બાબતો ટકાવે છે, એક તેને અનુસરનારાઓનું વર્તન અને ધર્મના શાસ્ત્રીય ગ્રંથોનો અભ્યાસ કરી તેના વિષે વાત કરનારની સજ્જતા અને ઉદારતા કેવી અને કેટલી છે! બીજું ધર્મગ્રંથની ઉપયુક્તતા આજના સમયમાં સમજી તેનું દોહન તે રીતે કરાય તે પણ મહત્વનું છે. ધર્મ તેના નિયમોથી નહીં પણ સમજથી ટકે અને વિસ્તરે છે.

એકવાર ધર્મ માટેનો પ્રેમ અને આદર, બન્ને કેળવાય પછીનો રસ્તો અઘરો નથી બનતો. દરેક ધર્મ પાસે તેના મૂળ વચનો કોઈને કોઈ રૂપે હોય છે, ઈસુની વાણી, પયગમ્બરના શબ્દો, કૃષ્ણના શબ્દોગ્રંથમાં બદ્ધ છે અને પ્રજા એ શબ્દોને પોતાની રીતે સમજીને તેનું અનુસરણ કરે છે. એ જ રીતે ભગવાન મહાવીરની વાણીને ગણધરો દ્વારા સૂત્રરૂપે ગૂંથી લેવામાં આવી તે આગમ કહેવાય છે. આપ્તનું વચન તે આગમ છે. 'આગમ' શબ્દ માત્ર જૈન ધર્મમાં જ છે તેમ નથી, અન્ય ધર્મમાં પણ છે, શૈવ આગમ છે એ રીતે અન્ય આગમ પણ છે, જૈન ધર્મનો પાયો 'જૈન આગમ' છે. જૈન ધર્મનો પ્રતિનિધિરૂપ ગ્રંથ 'સમણસુત્તમ' કહેવાય છે, પણ ધર્મના મૂળ પાયા આગમમાં છે. એ મૂળ તીર્થંકરના મુખપાઠના આધાર પર ગણધર દ્વાદશાંગીની રચના કરે છે. અંગો સિવાયના આગમોની રચના સ્થવિરે કરી છે. પ્રાચીનકાળમાં સમસ્ત શ્રુતજ્ઞાન ૧૪ પૂર્વોમાં સમાઈ જતું હતું. ભગવાન મહાવીરે પોતાના ૧૧ ગણધરોને ઉપદેશ આપેલો. ધીમે ધીમે કાલદોષને લીધે આ પૂર્વ નષ્ટ થઈ ગયા. માત્ર એક ગણધર તેમને જાણનાર રહ્યા, અને છ પેઢીઓ સુધી આ જ્ઞાન ચાલુ રહ્યું. ચૌદ પૂર્વોના નામ – ઉત્પાદ પૂર્વ, અગ્રાયણી, વીર્યપ્રવાદ, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, સમયપ્રવાદ, પ્રત્યાખ્યાન પ્રવાદ, વિદ્યાનુપ્રવાદ, અવંધ્ય, પ્રાણવાય, ક્રિયાવિશાલ અને બિન્દુસાર. આગમ – નન્દીસૂત્રમાં આગમોની જે યાદી આપી છે તે બધાય આગમો હાલ ઉપલબ્ધ નથી. શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજ ઉપલબ્ધ મૂળ આગમો સાથે કેટલીક નિર્યુક્તિઓને મેળવી ૪૫ આગમ માને છે

આ અંકના સૌજન્યદાતા
પુણ્ય સ્મૃતિ
**પિતાશ્રી શ્રી દીપચંદ ગાર્ડી**
હસ્તે :
**શ્રી હસમુખભાઈ દીપચંદ ગાર્ડી**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઈન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

અને કોઈ ૮૪ માને છે. સ્થાનકવાસી અને તેરાપંથી પરંપરા બત્રીસને જ પ્રમાણભૂત માને છે. દિગંબર સમાજ માને છે કે બધાય આગમો લુપ્ત થઈ ગયાં છે. સાંપ્રત સમયમાં મળતાં આગમો ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૬ મૂલસૂત્ર, ૬ છેદસૂત્ર અને ૧૦ પ્રકીર્ણ એમ ૪૫ વિભાગોમાં વિભક્ત છે. જૈન આગમોની મૂળ ભાષા અર્ધમાગધી છે. આગમવાચનાઓ શ્રમણ મહાવીરના પરિનિર્વાણ પછી આગમ સંકલનાર્થે પાંચ વાંચનાઓ થઈ. પ્રથમ વાંચના – વીર નિર્વાણની બીજી શતાબ્દી (ઈ. પૂ.૨૫૪) પાટલિપુત્રમાં આર્ય સ્થૂલિભદ્રની અધ્યક્ષતામાં થઈ. બીજી વાચના - ઈ. પૂ. બીજી સદીના મધ્યમાં સમ્રાટ ખારવેલના શાસનકાળમાં ઉડીસાના કુમારી પર્વત પર થઈ. તૃતીય વાચના – વીર નિર્વાણ ૮૨૬થી ૮૪૦ વચ્ચે મથુરામાં થઈ. ચતુર્થ વાચના – વીર નિર્વાણ ૮૨૭થી ૮૫૪-૮૪૦ વચ્ચે વલભી (સૌરાષ્ટ્ર)માં આચાર્ય નાગાર્જુનની અધ્યક્ષતામાં થઈ. પાંચમી વાચના – ઈ. ૪૫૪-૪૫૬માં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં વલભીમાં થઈ. એમાં આગમોને ગ્રંથસ્થ કરાયા.

આપ્તપુરુષોનું અનુભવ કથન જૈન આગમ ગ્રંથ વિશ્વ સાહિત્યનો અણમોલ ખજાનો છે. આજે શતાબ્દી વીતી ગઈ છતાં આગમ સાહિત્યનું મહત્વ કાયમ છે જ. પરંતુ દિવસે ને દિવસે વધી રહ્યું છે. એના થોડાક કારણો તરફ નજર કરીએ તો આ ગ્રંથોમાં વૈજ્ઞાનિક તર્કબદ્ધ મુદ્દા મળે છે. મૌલિક દર્શન, વ્યવહારિક સિધ્ધાંતો, સ્વ-પર હિતકારી જીવન શૈલી, અને આડંબર-મુક્ત ઉપાસના પધ્ધતિઓને કારણે જૈન ધર્મ આજે વિશ્વમાં એક સર્વાધિક વૈજ્ઞાનિક ધર્મ રૂપે પ્રતિષ્ઠિત છે. એવી અનેક બાબતોના સ્પષ્ટ અને ગર્ભિત નિર્દેશ મળે છે. જૈન પરમ્પરામાં સદીઓથી આનું પાલન થતું રહ્યું છે. વનસ્પતિમાં જીવતત્વ, શબ્દનું પુદ્ગલ થવું, કાળની અવધારણા જેવા અનેક જૈન દર્શનના તથ્યો વૈજ્ઞાનિક જગતમાં સિધ્ધ થયા છે. વનસ્પતિમાં જીવ હોવાની વાત જૈન દર્શનમાં વર્ષો પૂર્વે કહેવાયેલી જ હતી. એ ઉપરાંત પાણી ગાળીને કે ઉકાળીને પીવું તે વાત જૈન દર્શનમાં વર્ષો પૂર્વે કહેવાયેલી હતી, જેને વૈજ્ઞાનિક આધાર વર્ષો પછી પ્રાપ્ત થયો. રાજસ્થાનમાં એકવાર નારુ-બાલા નામનો રોગ ફેલાયો હતી જેમાં પેટમાં કૃમિ થઈ જતા ભયંકર રોગમાંથી પસાર થવું પડતું, એ જ રીતે હાલમાં કોરોનાના સમય દરમ્યાન અંતર જાળવીને જે રીતે એકાકી અવસ્થામાં રહેવાનું કહેવામાં આવ્યું તો એ વાતનો ઉલ્લેખ પૂર્વના ગ્રંથોમાં મળે છે. આ પ્રકારનો ઉપચાર પૂર્વે પણ સૂચવવામાં આવ્યો છે. રાજસ્થાનના પ્રદેશમાં તે રોગ જે વિસ્તારમાં હતો ત્યાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે જૈન પ્રજા પર આની બહુ અસર નથી થઈ અને એનું કારણ તેમની પાણીને ગાળીને/ઉકાળીને પીવાની આદત કારણભૂત છે. ગળ્યા વગરના પાણીથી જે કૃમિ શરીરમાં પહોંચે છે, તે રોગનું કારણ બને છે. જે પ્રજા પાણીના વપરાશ અંગે કાળજી લે છે, તેમને આ મુશ્કેલી નડતી નથી.

આગમના ગ્રંથોમાં આચાર-વિચાર, પર્યાવરણ, સામાજિકતા જેવા અનેક વિષયોને સ્પષ્ટ કરાયા છે. જૈન સમાજ માટે આ ગ્રંથ માત્ર પૂજનીય નથી, પરંતુ જીવનની રીતિ-નીતિ સમજાવતો, તત્વનો ઉઘાડ કરાવતો ગ્રંથ છે. ગત સદીઓમાં આગમગ્રંથના ઉધ્ધાર માટે અનેક કામો થયા છે, અનેક આચાર્યો દ્વારા આ ગ્રંથનું વિવેચન, સ્પષ્ટતા આપતા લેખો મળ્યા છે. એને આધારે અનેક નવા શોધ-સંશોધન આધારિત અનુસંધાનો પ્રકાશમાં આવ્યા છે. જૈન ધર્મની ઐતિહાસિકતા, મૌલિકતા વગેરે વિશેના સત્યો અહીંથી મળે છે. આજે અધૂરા જ્ઞાનને કારણે ધર્મના પાયાની સમજ અંગે ખૂબ મિથ્યાભાવ જોવા મળે છે, અનેકાંત, સમભાવ, અનુકંપા શબ્દો અંગે મનફાવે તેવા પ્રયોગો થયા છે, કેટલાક શબ્દો/સંજ્ઞા એટલા ચલણી બની ગયા છે કે તેના મૂળ અર્થને વીસરી ગયા છે. **એ શબ્દનો શીખવા કરતા શીખવવાની વૃત્તિ છલકાઈ રહી છે.** આગમ ગ્રંથોનું અધ્યયન આપણા ભ્રમ પર રહેલા મિથ્યાત્વને અધૂરા ઘડા જેવા જ્ઞાનને સ્પષ્ટતા આપે છે. પ્રાકૃત પ્રાચીન ભાષા છે, ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા જેવા વિષયો માટે આગમ સાહિત્યમાંથી વિપુલ સામગ્રી મળે છે. ભારતીય ભાષા, સાહિત્ય, સંસ્કૃતિના સમગ્ર અધ્યયન માટે આગમ સાહિત્ય અને પ્રાચીન જૈન સાહિત્ય મહત્વપૂર્ણ અને ઉપયોગી જાણકારી આપે છે. આજે ટેકનોલોજીના યુગમાં આ સાહિત્યના મૂળભૂત દ્દષ્ટાંતો સાચવી લઈ આગામી સમયને પ્રદાન કરવાની આપણી નૈતિક જવાબદારી છે. આ અંગે જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટે કેટલુંક પાયાનું કામ શરૂ કર્યું છે. ગત વર્ષમાં જૈન સાહિત્યનો એકવર્ષીય અભ્યાસક્રમ આપ્યા બાદ જૈન આગમના વર્ગનો આરમ્ભ કર્યો છે. મૂળ ગ્રંથની નિકટ લઈ જઈ તેનો પરિચય કરાવવાનો આ પ્રયત્ન સ્તુત્ય છે.

કોર્સ અંતર્ગત આગમના કેટલાક રહસ્યો ઉદ્‌ઘાટીત કરાય છે. દરેક આગમમાં રહેલી વિશાળતા અને ઊંડાણ જાણવા મળે છે. ૨૪ વ્યાખ્યાન દરમ્યાન સંપૂર્ણ આગમના મહત્વના રહસ્યો ઉજાગર થાય છે.

આજે જૈન સમાજમાં જ્ઞાનનું અને જ્ઞાનીનું મહત્વ વધે એ દિશાના કાર્યો કરાવાય એ જરૂરી છે. જૈન ધર્મમાં સ્વાધ્યાયનું મહત્વ પૂર્વેથી છે, અર્થ સમજી એનું ગૌરવ કરીએ અને તો એ આપોઆપ વ્યવહારમાં આવે. જૈન સાહિત્ય એકેડેમીએ જૈન આગમ અને જૈન સંગીતના અનન્ય વર્ગો શરૂ કરી અભ્યાસની દિશામાં નવતર પ્રયોગ કર્યો છે ત્યારે જૈન સમાજ તેની નોંધ લઈ પૂરતું પ્રોત્સાહન આપે તો નક્કર કામની દિશામાં આગળ જરૂર વધાશે. બાકી સંપત્તિ, સત્તા અને સ્વાદપૂજના વચ્ચે આ મોતીઓ ખોવાઈ જાય તો નુકશાન આપણું જ. જેમને આ વર્ગ માટે રસ હોય તેઓ સંપર્ક કરી શકે છે.

આજે વિશ્વ કક્ષાએ પર્યાવરણ અને હિંસા આ બન્ને પ્રશ્નો દિવસેને દિવસે વણસી રહ્યા છે. પ્રગતિની દિશામાં ભૌતિકવાદે માઝા મૂકી છે, આતંક, હિંસા, ભ્રષ્ટાચાર, શોષણ, ભૂખમારી, યુદ્ધ જેવી સમસ્યાઓ પૂરી થવાનું નામ જ નથી લેતી. વિકાસ એકપક્ષી અને એકલક્ષી બની ગયો છે. સંકુચિતતા વધી રહી છે ત્યારે ધર્મ, અધ્યાત્મ આપણા મનને, મગજને સ્થિર રાખે છે. મનુષ્યનું વર્તન અને ટૂંકી દ્રષ્ટિથી સમાજનું અજાણતા અહિત સધાઈ રહ્યું છે, ત્યારે મનના કાપને દૂર કરે તેવું વાંચન અને મનન આવશ્યક છે. આજે ઓનલાઈન વર્ગોની સંખ્યા ખૂબ વધી છે અને તેના અનેકોનેક ફાયદા પણ છે. પ્રવાસનો સમય બચી જાય અને ઘરના અનુકૂળ પર્યાવરણમાં રહેવાય અને ત્યારે રોજીંદા એ જ સાંસારિક કાર્યની વચ્ચે આવા વૈચારિક પ્રવાહો ચાલ્યા કરે અને એ દ્વારા તમે એટલા સમય પૂરતા એ લોકોના સંસર્ગમાં રહો તો વૈચારિક સકારાત્મક વલણ આવે અને રાગ-ઇર્ષાથી બચી જવાય. જેની સાથે રહીએ તેના જેવા થઈએ, એ સહજ ઉક્તિ જ કેટલું બધું કહી જાય છે. અધીરાઈ, જિદ્દ, અહંકાર જેવા સંગથી દૂર રહેવા ગ્રંથ, સ્વાધ્યાય અને યોગમાં રહેવું વધુ ઉપકારક બને છે. આગમ સાહિત્યનો અભ્યાસ એ દિશાની એક વિશિષ્ટ પહેલ છે. એમાં દીર્ઘ કાળ-ખંડ, વિશાળ પરિપ્રેક્ષ્ય અને બહુધર્મી સંસ્કૃતિનું ચિંતન છે. ભાષાની વિકાસ યાત્રા વિષે મહત્વના સૂચનો છે. આગમને જાણીએ, સમજીએ અને મનન કરી અનુસરીએ. **ધર્મ માત્ર ક્રિયાથી નહીં પણ સમજભરી ક્રિયા અને સંતોષકારક જવાબથી આવતી પેઢી સામે ટકશે, એ ભૂલતા નહીં!** તમે તમારા જીવનમાં આ સમાજને શું આપીને ગયા એ કહેવા માટે જો તમારે ઉભા થવું પડે તો તમારા કાર્યનું મૂલ્ય શૂન્ય છે, તમે તમારા સમાજને શું આપ્યું તે અંગે તમારો સમાજ બોલે અને કહે તો તમારું કાર્ય મહત્વનું જાણવું. છેલ્લે કહીશ કે,

**સર્વ વિજ્ઞાનોનું કરાવે ભાન**
**આગમ છે મહાનિધાન**
**પરમ પદ ભણી કરાવે પ્રસ્થાન**

જીવન અભ્યાસ અને સિદ્ધિતત્વની પ્રાપ્તિનું એક માધ્યમ છે. મનુષ્યજન્મને સાકાર કરવાની વાતો કરનાર ઘોંઘાટથી દૂર થઈ ચાલો મનુષ્યજીવનને સાકાર કરવાના પ્રયત્ન તરફ વળીએ. હું કોઈનું ભલું કરી શકનાર આત્મા નથી, હું પોતાના ઉધ્ધાર દ્વારા સર્વને સાચો માર્ગ દેખાડીશ.

દરેક ધર્મસંપ્રદાયની મૂળ પાયાગત વિચારણા સમજવી અત્યંત આવશ્યક છે. આગમ સાહિત્ય એ માત્ર પૂજનીય ગ્રંથ છે, એમ સમજીને મૂકી દઈએ, તો કેમ ચાલશે? આ ગ્રંથ આપણા પ્રશ્નોનો ઉકેલ આપે છે અને એ માટે શ્રધ્ધા અને કુતૂહલતા સાથે ત્યાં જવું પડે. વાંચવા અને સમજવાનો આગ્રહ અને એ માર્ગ જ નિર્વાણ અપાવે છે. ઘણીવાર સમયના અભાવે અથવા અત્યંત સંતોષકારક સ્વભાવને કારણે માણસની નવું જાણવાની વૃત્તિ સમાપ્ત થઈ જાય છે. એ ગ્રંથો સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષામાં હોવાને કારણે પણ ન સમજાવાથી આપણે એનાથી દૂર રહીએ છીએ. પણ છેલ્લી અનેક સદીઓમાં આ દિશામાં ખૂબ કામ થયું છે. વિપુલમાત્રમાં વિવેચન લખાયા છે, મુશ્કેલ એ છે આપણી પાયાની કેળવણીમાં સાંભળવાને અને લખવાને બધુ મહત્વ અપાયું છે, વાંચનફાજલ સમયમાં કરવાનો એક ખોટો શિરસ્તો પડી ગયો છે. આગમ સાહિત્યના અભ્યાસમાંથી પસાર થતી વ્યક્તિને જાણ છે કે તેની આંતરિક સમૃદ્ધિમાં કેટલો મોટો બદલાવ આવી રહ્યો છે. તે પોતાના કાર્યને, સમજને તાર્કિક રીતે સિદ્ધ કરી શકે છે. જૈન સમાજે અભ્યાસ અને સ્વાધ્યાયને ખૂબ જ ભાર આપવો જોઈએ.

વિશ્વના અનેકોનેક વિષયો વિશે એમાં વાત સમાવિષ્ટ થઈ છે. 'ગમ' ધાતુને 'આ' ઉપસર્ગ લગાડી 'અગામ' શબ્દ નિર્માણ થયો છે. આ ઉપસર્ગનો અર્થ, પૂર્ણ – સમન્તાત થાય છે. જ્યારે 'ગમ' ધાતુનો અર્થ ગતિ એમ થાય છે. અર્થાત્ વસ્તુનું પૂર્ણ જ્ઞાન, પદાર્થોના રહસ્યનું જ્ઞાન, પૂર્ણતા અર્થ તરફની ગતિ એવા કેટલાક અર્થ મળે છે. એને લખનાર જ્ઞાનને પ્રાપ્ત કરી આલેખે છે. જેને પૂર્ણ જ્ઞાનની દશા પ્રાપ્ત કરી છે, તેને એનું આલેખન કર્યું છે. **આ વાચના એ અર્થ અને સમજની પ્રાપ્તિ માટેની નિસરણી છે.** જ્યાં જ્યાં બૌદ્ધિકતા છે, ત્યાં પ્રશ્ન છે. હવે જે વસ્તુને આપણે માત્ર આદેશાત્મક અનુકરણથી સ્થાપિત કરી એને સહમતી સધાવીને સ્થાપિત કરીએ, એમાં બહુ જ મોટો ફરક છે. આજે મુશ્કેલી એ છે કે ધીરજનો અભાવ અને પ્રતિબદ્ધતાનો અભાવ, તેને કારણે આપણે આપણી પોતાની વર્ચ્યુઅલ દુનિયામાં સુખી અને સ્થિર થઈ ગયા છીએ. પ્રભુના વચનોને, વિશ્વના સત્યને સમજવતા આ દસ્તાવેજને ગ્રંથાલયમાંથી બહાર લાવી અભ્યાસ કરવાનો સમય આવી ગયો છે. મહિમા કરવો એ ક્રિયા છે પણ મહિમા સમજવો એ અભ્યાસ છે. બીજુ આ અભ્યાસ આપણે પોતાના માટે કરવાનો છે, સુખ-દુઃખ, સંતોષ-અસંતોષ સર્વ વિભાવનાથી મુક્ત થઈ જે સમય, જે રીતે આવ્યો છે, તેને એ રીતે જોવાનો છે. વર્ષોથી સત્તાના કેન્દ્ર પરથી ઠાલા આશ્વાસનનો અને ખોટા હુકમો આવતા રહ્યાં છે અને ત્યારે ત્યારે દરેક વખતે ઝેરનો ડર રાખ્યા વગર સોક્રેટીસની માફક બોલવું પડે છે પરંતુ એ પૂર્વે એ સમજની દઢતા અનિવાર્ય છે. ચારવેદ ઓલ્ડ ટેસ્ટામેન, બાઈબલ, પિટક, દાઓ દિર જિંગ, એ દરેક ગ્રંથોએ ધર્મને ખરા અર્થમાં સમજાવ્યું છે. તેમ આગમમાં પણ જીવનને સમજવાની ચાવી પ્રાપ્ત થાય છે. આ ગ્રંથ વિશ્વના દર્શનસાહિત્યને અપાયેલી અમૂલ્ય ભેટ છે, જેને વિશ્વને સમજાવવા માટે આપણે પોતે પહેલા સમજવો પડશે. પોતાના ઘરની ચાવી શોધતા અને તેને ખોલતા, મનુષ્યને જાતે/પોતે જ આવડવું જોઈએ.

❑ **ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com

પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરો :

(૧) sejalshah702@gmail.com

મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.

પ્રબુદ્ધ જીવન સામયિક માટેનો પત્રવ્યવહાર, લેખ નીચેના સરનામે જ મોકલવા.

**સરનામું :**
૧૦/બી, ૭૦૨, અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્ષ, આકુલી રોડ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

| ભારત માટેના લવાજમના દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ **વાર્ષિક લવાજમ** | **₹ ૩૦૦** | ✦ **1 વર્ષનું લવાજમ** | **$ 30** |
| ✦ **ત્રણ વર્ષનું લવાજમ** | **₹ ૭૫૦** | ✦ **3 વર્ષના લવાજમ** | **$ 80** |
| ✦ **પાંચ વર્ષનું લવાજમ** | **₹ ૧૨૫૦** | ✦ **5 વર્ષના લવાજમ** | **$ 130** |
| ✦ **દસ વર્ષનું લવાજમ** | **₹ ૨૫૦૦** | ✦ **10 વર્ષના લવાજમ** | **$ 250** |

વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર)માં મોકલાવો તો **$** પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બેંન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

## મારો અસબાબ – ૮

# એક જ દે ચિનગારી

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

કેવી છદ્મવેશી અને છેતરામણી હોય છે સફળતા! જીવનસાગરમાં આવતું એક મોજું ક્યારેક ઊંચા આકાશને આંબે છે, તો ક્યારેક એ પછી ઘૂઘવતા સાગરમાં ક્યાંક ખોવાઈ જાય છે. સફળતા અનંત શક્યતા લઈને આવે છે, પણ એની સાથે સ્વપ્નનો અનુબંધ ન સધાય, તો એ સઘળી શક્યતાઓ આથમી જાય છે. ૧૯૬૫ના સમયગાળામાં ગુજરાતી સાહિત્યમાં બાળસાહિત્યની બોલબાલા હતી. 'રમકડું', 'ઝગમગ', 'બાગસંદેશ' જેવાં બાળસામયિકોથી ગુજરાત તરબતર હતું. આથી ૧૯૬૫માં લાલબહાદુર શાસ્ત્રીના જીવનચરિત્રના પુસ્તકમાં ઘણી સફળતા મળી એટલે સામાન્ય રીતે ચિત્ત આવાં ચરિત્રોના લેખન તરફ દોડી જાય.

એકવાર જે રાહ પર ચાલતાં ફાવટ આવી ગઈ, પછી એ જ રાહ પર ફરી ચાલીને પુનરાવર્તન કરવાનું મન થાય. કોઈ સર્જકને ગ્રામજીવન કે શહેરીજીવનના કથાનકમાં સફળતા સાંપડે એટલે પછી એ જ એમના લેખનવિષયનો એકમાર્ગી રસ્તો બની જાય. આથી ક્યારેક તો એવું બને કે સર્જકની પ્રથમ કૃતિ ઉત્તમ હોય અને પછી પુનરાવર્તનને કારણે એમાં મૌલિકતા કે નાવીન્ય ન હોય.

વળી એ સમયે અખબારોમાં નિયમિતપણે લખાણો પ્રગટ થતાં હતાં, પરંતુ મનમાં એવી પાકી ગાંઠ વાળેલી કે પત્રકારત્વ અને સાહિત્ય એ ભલે જોડિયા ભાઈઓ ગણાતા હોય; પણ બંનેના સ્વરૂપ, આલેખન, વાચક અને શિસ્ત તદ્દન ભિન્ન છે. પરિણામે અખબારમાં લખાતાં લખાણો પુસ્તક રૂપે પ્રગટ કરતાં પહેલાં સો ગળણે ગાળવાં એમ માનતો હતો. એ સમયે સામયિકમાં છપાયેલા લેખોને એકઠા કરીને પુસ્તક-પ્રકાશકને એનાં કટિંગ્સ મોકલી આપવામાં આવતાં, કેટલાક પ્રકાશકો એમાંની ક્ષતિઓને યથાતથ રાખીને પ્રગટ પણ કરતા હતા. બાલસાહિત્યનાં પુસ્તકોના પ્રકાશનની જાહોજલાલીનો એ જમાનો હતો, પણ વિચાર કર્યો કે આ ધોધના પ્રવાહમાં વહેવું નથી, બલ્કે વરસાદની વાર જોવી છે.

કોઈ જાણીતી વ્યક્તિ કે કોઈ કાલ્પનિક વાર્તા તરફ ધસી જવાને બદલે મૌલિક વિચાર સૂઝે એની રાહ જોવાનું મુનાસિબ માન્યું. કોઈ વિચાર મનમાં ઊગે, દૃઢ થાય, સાંપ્રત લાગે ને બાળકોને યોગ્ય હોય, તે પછી જ લેખન કરવું એવો દૃઢ નિશ્ચય કર્યો. પરિણામે લાંબા સમય સુધી કશું લખાતું નહીં. માત્ર 'એક જ દે ચિનગારી'ની માફક કોઈ વિચારબીજની રાહ જોતો. જેવો કોઈ મૌલિક વિચાર કે પરિસ્થિતિપ્રેરિત ભાવ જાગે કે તરત એ વિષયને અનુરૂપ કથાઓની ખોજ કરવાનું શરૂ કરી દેતો. પછી એ સામગ્રીની પ્રમાણભૂતતાની યોગ્ય ચકાસણી કરતો, એ અંગેનાં પુસ્તકો ઉથલાવતો, જરૂરી મુલાકાત લેતો અને સઘળી સામગ્રી તૈયાર થયા પછી લખવાના શ્રીગણેશ કરતો હતો. ચિત્રકાર પાસે વાર્તાનું શીર્ષક સજાવીને મૂકતો અને જાણીતા ચિત્રકાર પાસે મુખપૃષ્ઠ કરાવતો. કારણ એટલું જ કે મારા પિતા 'જયભિખ્ખુ' કહેતા હતા કે બાળકો માટેનાં પુસ્તકો તો રમકડાં જેટલાં આકર્ષક હોવાં જોઈએ.

બાળપણમાં મુઘલ યુગના અકબર બાદશાહ અને બીરબલની ચાતુર્યની ઘણી કથાઓ વાંચી હતી. આમાં કેટલીક કાલ્પનિક પણ હતી, પણ એનો હેતુ અંતે બાળકોને બીરબલની આબાદ ચતુરાઈ દર્શાવવાનો હતો. એક દિવસ મનમાં એવો વિચાર જાગ્યો કે ચતુરાઈનો ઈજારો માત્ર બીરબલનો જ છે? શું ચાતુર્ય ધરાવનાર કોઈ વ્યક્તિ ગુજરાતમાં થઈ નથી? મનમાં ગાંઠ વાળી કે ગુજરાતનાં બાળકોને બુદ્ધિ-ચાતુર્ય ધરાવતા ગુજરાતીની ચતુરાઈની કથાઓ આપવી અને એ કથાઓની પશ્ચાદ્‌ભૂમિમાં એ સમયના ગુજરાતનું વાતાવરણ ઉપસાવવું. આ માટે ઇતિહાસ તરફ મીટ માંડી.

ગુજરાતના સુવર્ણયુગ સમા સોલંકી યુગમાંથી દામોદર મહેતાનું પાત્ર મળી આવ્યું. આ પાત્રની ચતુરાઈ વિશે દંતકથાઓ, રાસાઓ અને પ્રબંધોમાં માત્ર આછા-પાતળા ઉલ્લેખો જ મળતા, પરંતુ ઇતિહાસમાં વધુ શોધ-સંશોધન કરતાં ગુજરાતના સુવર્ણયુગ સમા સોલંકીયુગના ઇતિહાસમાં દામોદર મહેતાના ચાતુર્યની કેટલીક રસપ્રદ ઘટનાઓ પ્રાપ્ત થઈ.

મુઘલ બાદશાહ અકબરના દરબારમાં વિખ્યાત નવરત્નોમાં જેમ એક બીરબલ હતો, એ જ રીતે ગુજરાતના રાજા ભીમદેવના દરબારમાં મંત્રી દામોદર મહેતા હતો. જે પાત્ર આજે પણ 'ડાહ્યોડમરો'

જેવી કહેવતમાં જીવંત છે. બસ, પછી તો મનમાં એ ડાહ્યાડમરાના વ્યક્તિત્વની રેખાઓ દોરાવા માંડી અને આ 'ડાહ્યોડમરો' એટલે આદર્શ ગુજરાતી, મોજીલો, પરોપકારી અને દેશાભિમાની. એ સમયે રાજા ભીમદેવ અને વિમલ મંત્રી જેવા યોદ્ધાઓએ રણમેદાનમાં શસ્ત્રોથી શોર્ય બતાવીને વિજય મેળવ્યા હતા, તો દામોદર મહેતાએ નિઃશસ્ત્ર રહીને પોતાના બુદ્ધિ-ચાતુર્યથી વિરોધીઓને પરાજિત કર્યા હતા અને મા ગુર્જરીની સેવા કરી હતી.

આ પાત્ર વિશેનું શોધ-સંશોધન કરીને એ સમયના ગુજરાતની પશ્ચાદ્ભૂમિમાં એને જીવંત કરવાનો પ્રયાસ કર્યો. પાટણ, ઊંઝા, સિદ્ધપુર જેવાં એ સમયનાં સમૃદ્ધ નગરોના વાતાવરણમાં ડાહ્યાડમરાની ચતુરાઈભરી કથાઓ આલેખી. ગુજરાતના લગભગ ભુલાઈ ગયેલા આ મહાન નરરત્નની કથા આપીને બાળકોને વિનોદ અને ચતુરાઈની સાથસાથ ગુજરાતના ગૌરવની ઝાંખી કરાવી.

'મહામાનવ શાસ્ત્રી' પુસ્તક લખાયા પછી પૂરા એક વર્ષ બાદ 'ડાહ્યોડમરો' પુસ્તક પ્રગટ થયું. આમાં સોલંકીયુગની કેટલીક પ્રચલિત કથાઓનો પણ ઉપયોગ કર્યો. ગુજરાતીઓ વીર અને વિચક્ષણ હોય છે, તેવા વિચારને દર્શાવવાની સાથોસાથ આ મહાન નરરત્ન દામોદર મહેતાની કથા વિનોદી બુદ્ધિચાતુર્ય સાથે ગુજરાતનાં બાળકોને એ પાત્રની ઝાંખી કરાવતું રહ્યું.

૧૯૬૮માં એક મિત્રના લગ્નપ્રસંગે કચ્છના પ્રવાસે જવાનું થયું. એ સમયે ચિત્તમાં તો સોનગઢમાં શ્રી દુલેરાય કારાણી પાસેથી સાંભળેલી કચ્છના નરબંકાઓની કથાઓ સાંભળી અને એને પરિણામે ચિત્તમાં એક નવો ઝબકાર થયો. આપણા ઇતિહાસમાં તો અમીચંદ કે કાક જેવાં પાત્રોના દેશદ્રોહની વાતને વારંવાર દોહરાવવામાં આવી છે ને તેથી બાળકો અને અભ્યાસીઓને એમ જ લાગે કે આપણા દેશનો ઇતિહાસ જાણે દેશદ્રોહીઓથી ભરેલો છે!

વળી સામાન્ય રીતે એવો ખ્યાલ પ્રવર્તે છે કે કોઈ રાજ્ય વ્યક્તિને જાકારો આપે એટલે એ કાં તો બહારવટિયો થાય અથવા તો રાજદ્રોહી બને. ખડતલ અને ખમીરવંતા શૂરવીરો ધરાવતા કચ્છના ઇતિહાસમાંથી એવી કથાઓ સાંભળવા મળી કે રાજાએ જેનું ઘોર અપમાન કર્યું હોય, એવા માનવીઓએ માત્ર પોતાના વહાલા વતન(વલો અસાજો વતન)ના અખૂટ પ્રેમને કારણે દુશ્મનોનાં વિશાળ લશ્કરોની સામે પોતાની માતૃભૂમિના રક્ષણ કાજે એકલા લડીને શહાદત વહોરી લીધી છે. અંગત માન-અપમાન કરતાં માતૃભૂમિની રક્ષા ઘણી મહાન છે – એવા પ્રસંગોનું આમાં આલેખન કર્યું. આવી વીરગાથાઓ મેળવીને 'કેડે કટારી', 'ખભે ઢાલ' નામના બાળસાહિત્યના પુસ્તકનું સર્જન કર્યું. માતૃભૂમિની મુક્તિ અને માનવતાનું ગૌરવ કરવા માટે કશાય લોભ, સ્વાર્થ કે લાલસા વિના સામાન્ય માનવીઓએ આપેલાં બલિદાનોની કથાઓ મેળવી. મનમાં થયું કે આવાં બલિદાનો જ જનહૃદય પર અને જનસંસ્કૃતિ પર અમીટ છાપ પાડી જાય છે. દેશની સાચી મૂડી જ એ છે.

એ સમયે ગુજરાત રાજ્યના મહેસૂલ અને કાયદાખાતાના પ્રધાન શ્રી પ્રેમજીભાઈ ઠક્કરે ગ્રંથના પ્રારંભે 'અંગુલિનિર્દેશ'માં કહ્યું, 'કચ્છ પ્રદેશ પુરાણ પ્રાચીન પ્રદેશ છે, ત્યાંનો ઇતિહાસ ખમીરવંતો છે, સૌરાષ્ટ્રની ધરતી જેટલું જ ભાતીગળ લોકસાહિત્ય છે. ભૌગોલિક રીતે વર્ષો સુધી વિખૂટો પડેલો આ પ્રદેશ એકલા-અટૂલા પ્રદેશ તરીકે વર્ષો સુધી રહ્યો છે, છતાં રાંકના રતનની જેમ પોતાની શોર્ય-ગાથાઓને એ જાળવી શક્યો છે. કચ્છના લોકો પાસે પેઢી-દરપેઢી એ બધી વાતોનો સભર ખજાનો સચવાયેલો છે. આજેય કોઈ સંશોધક આ કામ માથે લે, તો કચ્છના ઇતિહાસમાંથી એને ઘણું મળી રહેશે.'

જ્યારે આ પુસ્તકના પ્રારંભે એની પ્રસ્તાવનામાં મનોભાવ પ્રગટ કરતાં મેં લખ્યું, 'સૌરાષ્ટ્રની ધરતીની વીરતાની વાતો સરળ, રોચક અને જનસમૂહને સ્પર્શે તેવી શૈલીમાં અનેક લેખકોને હાથે લખાયેલી છે, પણ સામાન્ય રીતે આજ સુધી બહુધા ઉપેક્ષા પામેલા કચ્છના ઇતિહાસની વીરતાની વાતો આવી શૈલીમાં લખાયેલી નથી. આવી કથાઓ બાળકો અને પ્રૌઢને કચ્છી સંસ્કૃતિના ખમીર અને વીરતાનો યત્કિંચિત્ ખ્યાલ આપશે.'

'વળી કચ્છ દેશની વીરગાથાઓ ગાવાનો અહીં એકમાત્ર ઉદ્દેશ નથી, પરંતુ એ દ્વારા આ મહાન વિશાળ દેશના અંગભૂત નાના પ્રદેશોમાં આતિથ્ય અને આત્મસમર્પણનું જે ભારતીય ખમીર ઊછળે છે, તેનું નિદર્શન કરાવવાનો મુખ્ય આશય છે. આ ગાથાઓ દેશ તરફ ભક્તિ, સિદ્ધાંત માટે સ્નેહ અને નેકટેક કાજે જાનફેસાનીની ભાવનાઓ જગાડશે, તો હું મારી કલમને ધન્ય માનીશ.'

બન્યું એવું કે 'ડાહ્યોડમરો' પુસ્તકને ગુજરાત સરકારની બાળસાહિત્યની સ્પર્ધામાં પારિતોષિક મળ્યું, તો 'કેડે કટારી, ખભે ઢાલ' પુસ્તક પ્રગટ થયું. માત્ર વિષાદ એટલો હતો કે ૧૯૬૯ની ૨૪મી ડિસેમ્બરે જીવનમાં સતત પ્રેરણાસ્ત્રોત બની રહેલા પિતા

'જયભિખ્ખુ'નું અવસાન થયું હતું અને તેથી આ પારિતોષિક પ્રાપ્ત થયાનો આનંદ ઝાંખો-પાંખો જ રહ્યો.

સમય વહેતો ગયો. ઈ. સ. ૧૯૭૧માં કોમી રમખાણો થયાં અને એમાંથી 'બિરાદરી' નામના પુસ્તકનું સર્જન કરવાનો વિચાર આવ્યો. માન્યતા એવી બંધાઈ ગયેલી કે બિરાદરી એટલે માત્ર હિંદુ-મુસલમાનનું ઐક્ય, પણ આ પુસ્તકમાં શીખ અને સિંધી પ્રજાએ દાખવેલી પરધર્મ પ્રત્યેની બિરાદરીને પણ વણી લેવામાં આવી. એમાં ગુરુનાનક જેવા ધર્મસ્થાપકની કથા આલેખી છે, તો બીજી બાજુ સિંધી કોમના ચેટીચાંદ ઉત્સવની પાછળ રહેલી સિંધી, હિંદુ અને મુસ્લિમ ધર્મના ઐક્યની કથા લખી. હિંદુઓ એમને 'ઉડરોલાલ' નામથી પૂજતા હતા, તો મુસલમાનો એમને 'જિંદ પીર' નામથી નમવા લાગ્યા. ઉદયચંદ્રને લોકો 'લાલસાંઈ'ના નામથી ઓળખતા. આજે ચૈત્ર સુદિ એકમના દિવસે સિંધમાં આવેલા લાલસાંઈના મંદિરે જઈને હિંદુ અને મુસલમાન સહુ એકસાથે એમની ઉપાસના કરે છે. આ પવિત્ર દિવસને 'ચેટી ચાંદ'ના નામે પાળવામાં આવે છે. સિંધી કોમ તો આ દિવસે મોટો ઉત્સવ ઊજવે છે. આમ હિંદુના દેવ અને મુસલમાનના પીર રાજપુત્ર ઉદયચંદ્ર સહુને એકતાનો વારસો આપી આપી ગયા.

ગુરુનાનક જેવા ધર્મસ્થાપકનો પ્રસંગ આલેખતાં નોંધ્યું કે એમના હિંદુ અને મુસલમાન શિષ્યો પોતાના ગુરુની અંતિમ વિધિ પોતાના ધર્મ પ્રમાણે કરવા માગતા હતા, ત્યારે એક ઘોડેસવારે કહ્યું કે, 'સત્ય, દયા અને એક સંપના સિદ્ધાંતોનું પાન કરાવનાર ગુરુના ઉપદેશોનો વિચાર કરો અને એમનું કફન ઉપાડીને એમનાં અંતિમ દર્શન કરી લો.'

બંને કોમના લોકોએ કફન ઉપાડીને જોયું તો નીચે માત્ર ગુલાબના ફૂલોનો ગંજ જોવા મળ્યો અને તેથી લોકો ગાવા લાગ્યા,

'ગુરુ નાનક શાહ ફકીર,
હિંદુ કા ગુરુ, મુસલમાન કા પીર.'

જયસિંહ સિદ્ધરાજ અને રણથંભોર રાજવીના અન્ય ધર્મ પ્રત્યેનું ઔદાર્ય અને સમર્પણ મળે છે, તો ભારતના રામકિશનની જોડી કથામાં ભારતના ઇતિહાસમાં પાક મુસલમાન અશ્ફાક ઉલ્લા ખાં અને ચુસ્ત આર્યસમાજી રામપ્રસાદ 'બિસ્મિલ' એ કાકોરી સ્ટેશન પર અંગ્રેજ સરકારનો ખજાનો લૂંટ્યો હતો અને એ બંને પર અદાલતમાં કેસ થયો અને બંનેને ૧૯૨૭ની ૨૯મી ડિસેમ્બરે જુદાં જુદાં સ્થળે જેલમાં ફાંસી મળી, પરંતુ હિંદુ અને મુસલમાનને એક સાથે બલિદાન આપ્યું હોય એવી ઘટનાની ખોજ કરતાં અમદાવાદમાં વસંત-રજબની અહિંસક શહાદતની કથા મળી.

૧૯૪૬ની ૧લી જુલાઈએ અમદાવાદની ધરતી પર કોમી રમખાણો થતાં હતાં, ત્યારે વસંતરાવ અને રજબ અલી બંનેએ જમાલપુરના હુલ્લડથી ઘેરાયેલા વિસ્તારમાં ખુન્નસે ભરાયેલાં ટોળાંને શાંત કરવા જતાં પોતાના પ્રાણ આપ્યા અને એ રીતે એક સાથે બે ભિન્ન કોમના યુવાનોની અમદાવાદની ધરતી પર વીરતાભરી અહિંસક શહાદત ઇતિહાસમાં અજોડ બની રહી.

એવામાં અમદાવાદના પ્રસિદ્ધ ભદ્રના કિલ્લામાં આવેલી કબરમાંથી એક ઘટના મળી આવી, એ હતી શેખ અબુબકરની. એ સમયે હિંદુ કારખાનેદાર પાસેથી ઉપજનો પાંચમો ભાગ ખાસ કર તરીકે વસૂલ કરવામાં આવતો હતો. એની સામે અમદાવાદના મજૂર પ્રવૃત્તિના આગેવાન શેખ અબુબકરે અવાજ ઉઠાવ્યો અને સૂબા અમીદ ખાનને અન્યાય દૂર કરવા કહ્યું.

હિંદુ કામદારો સાથે મળીને શેખ અબુબકરે સૂબા અમીદ ખાનને હંફાવ્યો, ત્યારે આ સૂબાએ દોસ્તીનો હાથ લાંબો કરીને અબુબકરને મિજલસમાં બોલાવ્યો અને ત્યાં મીઠાઈમાં ઝેર આપીને એના પ્રાણ લીધા. ઈ. સ. ૧૯૬૨ની આખરનો એ સમય હતો, જ્યારે મજૂરપ્રવૃત્તિના એક મુસ્લિમ આગેવાને હિંદુ કામદારો માટે જાનફેસાની કરીને ઇતિહાસ સર્જ્યો. મેગ્સેસે પારિતોષિક પ્રાપ્ત કરનારા 'સેવા' સંસ્થાનાં ઇલાબહેન ભટ્ટને જ્યારે આ કથા કહી, ત્યારે તેઓ પ્રસન્ન થઈ ગયાં હતાં. તો વળી જ્યાં મુખ્યત્વે મુસલમાન વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, એવી અમદાવાદની એક શાળાએ પોતાના તેજસ્વી વિદ્યાર્થીઓને ભેટ રૂપે 'બિરાદરી' પુસ્તક આપ્યું. ૧૬મી નવશિક્ષિતો માટેની સાહિત્યસ્પર્ધામાં આને પારિતોષિક મળ્યું. આમ બાળસાહિત્યનું પુસ્તક બે-ત્રણ વર્ષે લખાતું, પણ ખરી મજા તો મનમાં સતત ચાલતા વિચાર-મંથનથી આવતી. પછી ચિત્તમાં કોઈ વિચારની ચિનગારીનો કોઈ ઝબકારો થતાં એ વિશે શોધ-સંશોધનો કરતો અને એને વિશેની કથાઓને મેળવીને એની પ્રમાણભૂતતા ચકાસતો, એની પશ્ચાદ્ ભૂમિ વિશે વિચારતો અને પછી આ બધા રંગો ભેગા થાય, ત્યારબાદ કલમ-પીંછીથી જુદા જુદા રંગો દ્વારા એ સૃષ્ટિને આલેખતો હતો. (ક્રમશઃ)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૪૦ ૧૯૯૨૫

# સત્પુરુષો પ્રાપ્ત લબ્ધિ અને મંત્રોનો ઉપયોગ પરમાર્થે જ કરતા હોય છે

ગુણવંત બરવાળિયા

સંયમપંથમાં સાધુતાની પગદંડી પર વિહરતા સંતોનું જીવન દિવ્ય હોય છે. મતિની નિર્મળતા અને સાધનાના પરિપાક રૂપે સંતોના જીવનમાં સહજ ભાવે લબ્ધિ પ્રગટ થતી હોય છે.

પૂર્વાચાર્યોનાં આધારભૂત ચરિત્રો લખવાની જ્યારે પ્રથા ન હતી એ કાળમાં સંતોના જીવન વિશે દંતકથાઓ પ્રચલિત હતી. આ દંતકથાઓ એ સંતાના અધ્યાત્મ જીવનને સમજવામાં ઉપયોગી બને છે.

અવધૂત આનંદઘનજીમાં કેટલીક ચમત્કારિક શક્તિ પ્રગટેલી હતી એમ તેમની પાસે આવનારાઓને લાગતું હતું. કોઈ એક યોગી મહાત્માને શ્રી આનંદઘનજી સાથે મિત્રતા થઈ હતી. તેમણે રસસિદ્ધિની એક શીશી આનંદઘનજીને ભેટરૂપે પોતાના શિષ્ય સાથે મોકલી. એ સમયે આનંદઘનજી પાસે રસની શીશી લઈને આવ્યો. જ્યારે શ્રી આનંદઘનજી ધ્યાનમુક્ત થયા ત્યારે પેલા ચેલાએ, રસસિદ્ધિની શીશી તેમની આગળ ધરી અને કહ્યું કે, ગુરુએ આપને માટે ભેટસ્વરૂપે આ શીશી મોકલી છે. આનંદઘનજીએ શીશી હાથમાં લીધી અને પથ્થરની શિલા પર પાડી ફોડી નાખી. તેમને આમ કરતાં જોઈ પેલો ચેલો ડઘાઈ ગયો. એનાથી રહેવાયું નહીં. રોષે ભરાઈ તેણે કહ્યું, અરે શેવડા (સાધુ), તું રસસિદ્ધિને શું જાણી શકે? મારા ગુરુએ કેટલી બધી ઉગ્ર સાધના કરીને આ રસસિદ્ધિ તૈયાર કરી હતી અને તે તેને ઢોળી નાખી? તું ખરેખર મૂઢ ગમાર છે. આનંદઘનજી પેલા અજ્ઞાની શિષ્યનું અયોગ્ય વચન સાંભળી અને તારા ગુરુજીને રસસિદ્ધિ વડે શું આત્મકલ્યાણ સાધ્ય છે, એમ પૂછ્યું.

શિષ્ય કહ્યું, રસસિદ્ધિ વડે પથ્થરમાંથી સુવર્ણ બનાવી શકાય છે. ચમત્કારથી જગતને વશ કરી શકાય છે. આનંદઘનજીએ કહ્યું. આત્મસાધનાની આગળ સુવર્ણસિદ્ધિ કોઈ વિસાત નથી. શિષ્ય કહે, આત્માની મોટી વાતો કરનારા ઘણા છે, પરંતુ આવી સિદ્ધિઓ મેળવનારા કોઈક વિરલા જ હોય છે. આ શબ્દો સાંભળીને આનંદઘનજીને થયું કે એ શિષ્યને સાધનાનો કંઈક પરિચય બતાવવો જોઈએ. તેમણે ઉઠીને પાસેના પથ્થરોની એક નાની શિલા પર લઘુશંકા કરી તેથી કરી તે પથ્થરની શિલા સોનાની થઈ ગઈ. એ જોઈ પેલો શિષ્ય આશ્ચર્યચકિત થઈ ગયો અને બોલ્યો, અહો, જેની લઘુશંકા (મૂત્ર) સુવર્ણસિદ્ધિ છે તેને રસસિદ્ધિનું શું કામ? પોતાની લઘુશંકા વડે જો સુવર્ણ બનાવી શકાતું હોય તો તેમની યોગશક્તિ કેટલી વિશિષ્ટ હશે!

જે સંતોની વડીનીત – લઘુનીત (વિષ્ટા અને મૂત્ર) કે અશુચિ જે શરીરમાંથી બહાર પડે છે તેમાં એટલી સિદ્ધિ હોય તો તે સંતોમાં કેટલી તાકાત હશે!

સૌરાષ્ટ્રના જૈન સંત પૂ. માણેકચંદજી મ.સા. (તપસ્વીમુનિ)ના જીવનનો એક પ્રસંગ છે. એક વાઈના દર્દીને, વાઈ આવતા પૂજ્ય મહારાજસાહેબની અશુચિનો સ્પર્શ થતાં વાઈનું દર્દ ગાયબ થઈ ગયું હતું.

આ સંતોના અણુ અને પરમાણુમાં શીતળતા અને વિશુદ્ધિ હોય. એમણે પોતાની સાધના દ્વારા કાયાકલ્પ કરી, શરીરની સાથે આત્માની આંતરિક વિશુદ્ધિ કરી છે તેનું પરિણામ તેની અશુચિમાં પણ હોય. એમની અશુચિ પણ આપણી પાવનસંપદા બની માંગલ્યનો સાક્ષાત્કાર કરાવે તેથી જ તો તીર્થંકોના શ્વાસ કે શરીરમાંથી સુગંધ આવે છે. ભગવાનના સમોવસરણમાં ભગવાનની વાણી શત્રુઓ મિત્ર બનીને સાંભળે. સિંહ અને બકરી સાથે આવે, તીર્થંકરના ભાવોની પ્રબળતા મૈત્રીભાવ અને વાત્સલ્ય પ્રગટાવે છે.

સાધુને સાધનામાં સ્વકલ્યાણ સાથે લોકકલ્યાણની ભાવના હોય છે. જ્યારે લબ્ધિ પ્રગટે ત્યારે તેનો ભાવ સ્વ પર માંગલ્ય-કલ્યાણની ભાવનાથી કાર્ય કરે છે.

જૈનદર્શન ચમત્કારમાં માનતું નથી. સાધુઓની સમાચારી પ્રમાણે સંતાનો કે સતીઓને લબ્ધિપ્રયોગના પ્રદર્શનનો નિષેધ છે. સ્વસુખ કે લોકપ્રિયતા માટે સંતો કદી આવા પ્રયોગો કરતા નથી.

આજે પણ કેટલાય સંતોના જીવનમાં વચનસિદ્ધિ અને અન્ય લબ્ધિઓ પ્રગટેલી છે. સંતો પાસે લબ્ધિ હોય તે તેનો પ્રયોગ વિના કારણ ન કરે. ચતુર્વિધ સંઘની લાજ સાચવવા, શીલની રક્ષા કે કટોકટી સમયે શ્રદ્ધા અને ધર્મ પ્રભાવના ટકાવવા માત્ર કરુણાબુદ્ધિથી જ કરે છે. તપસ્વી, તીર્થ અને ધર્મની રક્ષા અર્થે, જીવદયા અર્થે, માનવસર્જિત કે કુદરતી આપત્તિ ટાળવા છેલ્લા ઉપાય તરીકે જ અનિવાર્ય સંજોગોમાં આ પ્રયોગ કરે છે.

સાંસારિક દુઃખ દૂર કરવા, ભૌતિક સુખ મેળવવા અને ક્ષુલ્લક કારણોસર ગુરુ પાસે લબ્ધિ પ્રયોગ કરવા વિનંતી કરવી તે શ્રાવકાચારથી

વિપરીત છે.

દેવાધિદેવ પરમ તીર્થંકર ભગવાન મહાવીરના જીવનનો એક પ્રેરક પ્રસંગ લબ્ધિ પ્રયોગ અંગે આદર્શ ને દિશાદર્શન કરાવનારો છે.

મગધદેશમાં મોરાક નામનું એક ગામ હતું. તે ગામમાં એક પાખંડી રહે. અચ્છંદક એનું નામ. મંત્ર, તંત્ર અને સિદ્ધિઓની એ કંઈક વાતો કરે.

લોકો તો બિચારા અજ્ઞાન અને અંધશ્રદ્ધા ચમત્કારની જરાક વાત સાંભળે કે બધું મૂકીને ટોળે વળી જાય અને આવી વાતોને સાચી ગણી કરી પ્રસરાવે ત્યારે જ તેઓને સંતોષ થાય અને તેથી ચમત્કાર કરનારની બધે વાહવાહ થઈ જાય.

ભૌતિક સુખની ઝંખના કરતી આ દુનિયામાં તન-મનનાં દુઃખીઓનો કોઈ પાર નથી. શારીરિક રોગ, સંતાનની આશા, દરિદ્રતા, વળગાડ, વહેમ, ધન અને પદ માટે લાલચ, મોહ અને મમતા સંસારમાં ભર્યાં પડ્યાં છે.

આવું હોય ત્યાં પાખંડીની બોલબાલા, જેટલી વધુ ચાલાકી એટલી વધુ બોલબાલા, અચ્છંદક તો કંઈ કંઈ કરતો જાય. ભોળા લોકો તો સમજે કે કેવો ત્યાગી, વૈરાગી અને યોગી! અચ્છંદકનો ધંધો તો ધીકતો ચાલવા લાગ્યા. કાળક્રમે ભગવાન મહાવીર મોરાક ગામે આવ્યા અને ગામ બહાર રહ્યા.

અચ્છંદકની ચમત્કારિક વાતો ભગવાનના જાણવામાં આવી. એમણે જોયું કે દિવસે સાધુ-સંત-યોગી થઈને રહેતો અચ્છંદક રાતે ન કરવાનાં કામો કરે છે, પાપો આચરે છે.

ભગવાન તો કરુણાના અવતાર. એમને થયું આમાં તો લોકોય ડૂબશે અને અચ્છંદક પણ ડૂબશે. આનો કંઈ ઉપાય કરવો ઘટે, પણ એમણે જોયું કે ચમત્કાર વગર લોક નહીં માને.

જ્ઞાની ભગવંત તો બહારના અને ભીતરના બધાય ભેદ ક્ષણમાં ભાખી દે. એમણે તો કોઈના મનની વાત કહી, કોઈને તેના જીવનની રહસ્યમય વાત બતાવી તો કોઈની ભૂતકાળની વાત કહી સંભળાવી.

લોકસંજ્ઞાનો પ્રવાહ ઢાળ જુએ ત્યાં દોડી જાય. એ તો અચ્છંદકને ભૂલીને ભગવાન પ્રતિ વળવા લાગ્યો. હવે બધે ભગવાનની વાહ વાહ થવા લાગી. ભગવાનની લોકપ્રિયતા વધવાથી અચ્છંદક અકળાયો. લોકો પરથી પોતાની પક્કડ ઢીલી પડવાથી તેણે ભગવાનને બદનામ કરવાનો પ્રયત્ન કર્યા, ભય બતાવ્યો, લાલચ આપી પણ ભગવાન એનાથી પાછા ન પડ્યા.

પછી તો ભગવાનના ચમત્કારની કંઈ કંઈ વાતો લોકજીભે રમવા લાગી.

પણ ભગવાન તો આત્મસાધના કરવા નીકળેલ યોગી. આત્મામાં પરમાત્માને પ્રગટાવવા તેણે સર્વસ્વનો ત્યાગ કરેલો. એમને તો આંતરશુદ્ધિ સિવાય બીજું કશું જ ન ખપે.

ભગવાન તો જાણે છે કે ચમત્કારનો માર્ગ તો સંસાર વધારવાનો અને આત્માને ખોવાનો માર્ગ, એમાં તો આપણા અંતરાત્માનો અવાજ રૂંધાય અને દુનિયા છેતરાય ને વળી પાંચ જાંબુ માટે હીરાના સોદા જેવો ખોટનો ધંધો!

ભગવાનનું મનોમંથન પરાકાષ્ટાએ પહોંચ્યું. પહેલા આત્માને તારવો પછી જ દુનિયાના ઉદ્ધારનો વિચાર કરવો. આત્મકલ્યાણ એક જ સાચો માર્ગ, આવા ચમત્કારથી દૂર સારા. અને લોકોને સાવધાન કરીને ભગવાને બીજે વિહાર કર્યો.

જીવનની દુન્યવી બાબતોથી પર એ મહાન આત્માને કંચન કે કીર્તિની કોઈ કામના ત્યાં રોકી ન શકી.

અચલગચ્છીય આચાર્ય શ્રી મહેન્દ્રસૂરિ હાલ પાકિસ્તાનમાં જે પ્રદેશ છે તે નગરપારકરમાં ઐતિહાસિક ચાતુર્માસ કરી, રાજસ્થાનના બાડમેર કીરાડુ ક્ષેત્રમાં પધાર્યા. સં. ૧૨૫૮ની આસપાસ એ વિશાળ ક્ષેત્રમાં દુષ્કાળ પડ્યો. ધર્મસ્થાનકમાં સત્સંગ પ્રવચન પછી મહારાજ સાહેબે ગામના શ્રેષ્ઠી આલ્હાને પૂરા ક્ષેત્રના દુષ્કાળ પીડિતોને સહાય કરવા કહ્યું.

એક દિવસ એ સંત આલ્હાને ઘરે ગૌચરી વહોરવા ગયા. શ્રેષ્ઠી ચિંતામાં હતા તે તેમના ધ્યાનમાં આવ્યું. બીજે દિવસે શ્રેષ્ઠી ઉપાશ્રયમાં આવ્યા ત્યારે ચિંતાનું કારણ પૂછતાં જણાવ્યું કે આપે જે કામ સોંપ્યું છે તેને પહોંચી વળાય એટલું ધન મારી પાસે નથી.

કાગડાને કા... કા... કરતો સાંભળ્યો. આ વૃક્ષ બાજુ નીચે સંપત્તિ દટાયેલી પડી છે. તેનાથી તમે આ પુણ્ય કાર્ય કરી શકશો. આ ક્ષેત્ર ઘણું વિશાળ છે અને દુષ્કાળ ત્રણ વર્ષ ચાલશે તેથી આજુબાજુમાંથી અનાજ, કઠોળ વગેરે કોઠારો ભરો. પાણી માટે કૂવા, સરોવરના તળ ઊંડા કરાવો અને પશુઓ માટે ઘાસચારો વિપુલ પ્રમાણમાં ખરીદી રાખો.

વૃક્ષની બાજુમાં ખોદકામ કરતાં શ્રેષ્ઠી દસ લાખ સુવર્ણમુદ્રા સંપ્રાપ્ત થઈ જેથી તે સુપેરે દુષ્કાળ પીડિતોથી સહાય કરી શક્યા. સંત પક્ષીઓની ભાષા જાણતા હતા. સત્પુરુષો પોતાની પ્રાપ્ત લબ્ધિનો ઉપયોગ પરમાર્થ કે કલ્યાણ અર્થે જ કરતા હોય છે તે ઉક્તિ અહીં ચરિતાર્થ થઈ.

સં. ૧૩૩૬ થી ૧૪૯૦ રાઉલ ખેંગારનું રાજ્ય હતું. રાણકદેવી ખેંગારનો ઐતિહાસિક ગુજરાત-જૂનાગઢનો એ વિશાળ પ્રદેશ હતો. આચાર્ય શ્રી ભુવનતુંગસૂરિજી એ પ્રદેશમાં વિચરણ કરી ધર્મ પ્રભાવના કરી રહ્યા હતા. એ પ્રદેશમાં સીમ, જંગલ અને વન પ્રદેશોમાં જાળ બિછાવી સર્પ પકડી તેને ભઠ્ઠીમાં મોકલી ખાલ-ચામડી અને સાપનો વેપાર પુષ્કળ પ્રમાણમાં ફૂલ્યો ફાલ્યો હતો. આ જોઈ સંતનું હૃદય દ્રવી ઊઠ્યું. રાજ્યકર્તાઓને વિશ્વાસમાં લઈ સમગ્ર વિસ્તારના અગ્રગણ્ય ૧૬ ગારુડીઓ સાથે વાદ કર્યા. સમજણ અને શરતો સાથે આ વાદમાં તેણે તક્ષનાગને પ્રત્યક્ષ લાવી વાદ જીત્યા અને સાપ પકડવાનો, તેની ખાલ ઉતારવાનો ધંધો ન કરવાના નિયમો લેવરાવ્યા. રાજ્ય દ્વારા વૈકલ્પિક આજીવિકાનું શક્ય તેટલું કાર્ય કરાવી, રાજા પાસેથી ફરમાન મેળવી સવાલાખ જાળ છોડાવી તથા પાંચસો ભંડારખાના, ભઠ્ઠીઓ બંધ કરાવી અહિંસાની ઉત્કૃષ્ટ પ્રરૂપણા કરાવી.

પ્રબુદ્ધ કરુણાના કરનાર આચાર્યો પોતાની મંત્રવિદ્યા અને લબ્ધિનો પ્રયોગ જીવદયા અર્થે કર્યો. ''કમ્પેરેટીવ એન્ડ ક્રીટીકલ સ્ટડી ઑફ મંત્રશાસ્ત્ર''ની નોંધ પ્રમાણે જૈનાચાર્યોના પ્રભાવથી રાઉલ ખેંગાર માંડલિક રાજાઓ ધર્માભિમુખ થયા હતા.

✦ ✦ ✦

gunvant.barvlia@gmail.com
સંપર્ક : ૯૮૨૦૨૧૫૫૪૨

**ગાંધી મનનયાત્રા**

# સાવરકર, દયાની અરજીઓ, ઇતિહાસ અને રાજમોહન ગાંધી

**સોનલ પરીખ**

*(રાજનાથ સિંહના સાવરકર-ગાંધી વિધાનો સંદર્ભે 'વાયર'ના કરણ થાપરે લીધેલી ગાંધીજીના પૌત્ર અને ગાંધીજીવનચરિત્રકાર રાજમોહન ગાંધીની દીર્ઘ મુલાકાત સાવરકર, ગાંધી, દયાની અરજી અને બન્નેના સંબંધો પર સારો એવો પ્રકાશ પાડે છે. પ્રસ્તુત છે આ મુલાકાતનો અંશ...)*

ઇતિહાસ એટલે કે હિસ્ટ્રી શબ્દ પ્રાચીન ગ્રીક 'હિસ્ટોરિયા' પરથી બન્યો છે. તેનો અર્થ તપાસ, પ્રશ્નો દ્વારા મેળવેલું જ્ઞાન કે અવલોકન એવો થાય છે. એટલે ઇતિહાસકારો શાની અને કેવી તપાસ કરે છે, તેમને કેવા જ્ઞાનની શોધ છે અને તેઓ તેમની પાસે આવેલી હકીકતો કે પુરાવાઓનું કેવું અર્થઘટન કરે છે એ સવાલ પાસે બધું અટકે છે અથવા શરૂ થાય છે.

ઇતિહાસ સાક્ષી છે કે સંઘપરિવારના આરાધ્ય વી. ડી. સાવરકરે આંદામાન જેલમાંથી છૂટવા દયાની અનેક અરજીઓ કરી હતી. તાજેતરમાં સાવરકર પરના એક પુસ્તકના વિમોચન નિમિત્તે રાજનાથ સિંહે કહ્યું કે આ અરજીઓ સાવરકરે મહાત્મા ગાંધીના કહેવાથી કરી હતી. આ વિધાને વિવાદના મધપૂડાને છંછેડ્યો છે. એક પક્ષ કહે છે કે રાજનાથ સિંહે એવી ઘટના સામે લાવીને મૂકી છે જે ગણતરીપૂર્વક ભૂલી જવાયેલી હતી. બીજો પક્ષ ઇતિહાસ સાથે થઈ રહેલી રમતથી દુઃખી છે. ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ ધ્યાન દોર્યું છે કે સાવરકરે ૧૯૧૧માં અરજી કરી ત્યારે ગાંધીજી ભારતમાં ન હતા, દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ કરી રહ્યા હતા અને ભારતની સ્થિતિ પરત્વે સક્રિય પણ ન હતા. તેઓ આક્રોશ સાથે કહે છે, 'આ કોઈ નિર્દોષ ગોટાળો નથી. આ ઇતિહાસ સાથે જાણી જોઈને થયેલું ચેડું છે.'

'વાયર'ના કરણ થાપરે ૧૯ ઑક્ટોબરે લીધેલી ગાંધીજીના પૌત્ર અને ગાંધીજીવનચરિત્રકાર રાજમોહન ગાંધીની દીર્ઘ મુલાકાત આ આખી ઘટના અને તેના પૂર્વાપર સંબંધો પર સારો એવો પ્રકાશ પાડે છે. પ્રસ્તુત છે આ મુલાકાતનો અંશ.

***'રાજમોહન ગાંધી, રાજનાથ સિંહે કરેલાં ત્રણ વિધાનો 'સાવરકરે કુલ સાત અરજીઓ (૧૯૧૧,૧૯૧૩ અને ૧૯૧૪ દરમ્યાન) કરેલી', 'આ અરજીઓ છૂટવા માટે નહીં પણ રાહત મેળવવા કરી હતી' અને 'આ અરજીઓ કરવાનું સૂચન મહાત્મા ગાંધીએ કર્યું હતું' સંદર્ભે તમારે શું કહેવાનું છે?'***

પહેલી વાત તો એ કે સાવરકરે સાત નહીં પણ અનેક અરજીઓ કરી હતી. બીજી વાત, એમાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે, 'હું ભલા, ઉદાર અને દયાળુ બ્રિટિશ શાસકોને મને છોડવાની વિનંતી કરું છું' અને ત્રીજી વાત, જરા વિગતે કરું – ૧૯૨૦માં સાવરકરના ભાઈ નારાયણરાવના પત્રના જવાબમાં ગાંધીજીએ લખ્યું હતું કે, 'તમને ચોક્કસ સલાહ આપવી મુશ્કેલ છે, પણ મારું એવું સૂચન છે કે તમે, રાજકીય કેદી છો એ હકીકત પર ભાર મૂકીને રાહતની માગણી જરૂર કરી શકો.' આ સમયે ગાંધીજી પંજાબમાં હતા અને જલિયાંવાલા હત્યાકાંડ તેમ જ અન્ય અત્યાચારોની વિગતો મેળવી

રહ્યા હતા. નારાયણરાવ પોતાના કેદ પકડાયેલા બન્ને ભાઈ – વિનાયક અને ગણેશ – માટે કંઈક કરવા માગતા હતા. વારંવાર વિનંતી કર્યા પછી ગાંધીજીએ ઉપર પ્રમાણે સલાહ આપી હતી. નારાયણરાવ અને ગાંધીજી વચ્ચે થયેલો પત્રવ્યવહાર 'અક્ષરદેહ'માં સચવાયો છે.

ગાંધીજીએ એ વર્ષના મે મહિનામાં 'યંગ ઈંડિયા'માં સરકારે સાવરકર બંધુઓને છોડવા જોઈએ એ મતલબનો એક લેખ લખ્યો હતો. આ લેખ પણ પ્રાપ્ય છે. સાવરકર બંધુઓ બ્રિટિશ શાસનના વફાદાર છતાં પોતાની રીતે દેશની સ્વતંત્રતા માટે પ્રયત્ન પણ કરતા હતા. ગાંધીજીને આનો ખ્યાલ હતો. તેથી જ સૈદ્ધાંતિક મતભેદ છતાં તેઓ ઇચ્છતા હતા કે સાવરકર બંધુઓ જેલમાંથી છૂટે.

***સાવરકરનું જીવનચરિત્ર લખનાર વૈભવ પુરંદરે કહે છે કે 'મારા મતે આ અરજીઓથી સાવરકર વિદ્રોહી તરીકે ઊણા નથી ઊતરતા અને અંગ્રેજોના ટેકેદાર પણ સાબિત નથી થતા.' ઇતિહાસકાર તરીકે, જીવનચરિત્રકાર તરીકે આપ શું કહો છો?***

માત્ર અરજીઓથી સાવરકર અંગ્રેજોના ટેકેદાર સાબિત નથી થતા એ બરાબર છે. પણ આ અરજીઓ કર્યા પહેલા, ૧૯૩૯માં યુદ્ધ શરૂ થયું ત્યારે કે પછી ૧૯૪૨ના 'હિંદ છોડો' આંદોલનમાં સાવરકર અંગ્રેજોની પડખે રહ્યા છે તેના દસ્તાવેજી પુરાવા છે. એક તરફ સાવરકર-હિંદુમહાસભાએ અને બીજી તરફ ઝીણા-મુસ્લિમ લીગે સ્વાતંત્ર્યસંગ્રામથી અળગા રહેવાનું પસંદ કર્યું કારણ કે ઝીણા એ નિશ્ચય પર આવ્યા હતા કે તેમના અસલી દુશ્મનો અંગ્રેજો નહીં પણ હિંદુઓ છે અને સાવરકર પણ માનતા કે તેમના અસલી દુશ્મનો અંગ્રેજો નહીં પણ મુસ્લિમો છે. આ બાજુ ગાંધી, નહેરુ, પટેલ, સુભાષચંદ્ર, મૌલાના આઝાદ અને અસંખ્ય ભારતીયો અંગ્રેજોને પોતાના અસલી દુશ્મન ગણતા અને માનતા કે બ્રિટિશરો એક દિવસ જશે અને હિંદુ-મુસ્લિમો મતભેદો છતાં એક થશે. આ ભેદ પાયાનો હતો. જોકે એનાથી પણ સાવરકર અંગ્રેજોના ટેકેદાર સાબિત નથી થતા, પણ એનાથી સાવરકરની કેદ થયા પહેલાની સ્વાતંત્ર્ય પ્રાપ્તિની જે જ્વલંત ઝંખના હતી તે ધૂંધળી તો પડે છે.

***ગાંધીજી અને સાવરકર ૧૯૦૯માં લંડનમાં મળ્યા હતા ત્યારે, સાવરકરે માર્સિલીમાં સ્ટીમરની બારીમાંથી કૂદી પડી નાસી જવાની જે હિંમત બતાવી હતી તેના ગાંધીજીએ વખાણ કર્યા હતા. ૧૯૪૪માં કસ્તૂરબા મૃત્યુ પામ્યા ત્યારે સાવરકરે એમના નામે એકઠા થઈ રહેલા ફંડમાં ફાળો આપવાની ના કહી હતી. ગાંધી-સાવરકર સંબંધોને આપ કઈ રીતે વર્ણવો?***

સાવરકરની સ્ટીમરમાંથી નાસી જવાની પ્રસિદ્ધ ઘટના, ગાંધીજી અને સાવરકર લંડનમાં મળ્યા એ પછી બની હતી. પહેલા બની હોત તો ગાંધીજી એને જરૂર વખાણત. અને ગ્રામીણ-અભણ સ્ત્રીઓના ઉત્કર્ષ માટે એકઠા થઈ રહેલા કસ્તૂરબા-ફંડમાં ફાળો ન આપવા બદલ હું સાવરકરને બિલકુલ વખોડું નહીં. એ તેમની ઇચ્છાની વાત છે.

હિંદુ-મુસ્લિમ સમસ્યા સંદર્ભે ગાંધીજી અને સાવરકરના દૃષ્ટિકોણમાં જે જબરજસ્ત તફાવત હતો, તેને આંબેડકરે એમના ૧૯૪૦માં પ્રગટ થયેલા 'થોટ્સ ઓન પાકિસ્તાન' પુસ્તકમાં બરાબર વર્ણવ્યો છે : 'વિચિત્ર લાગે, પણ સત્ય એ છે કે સાવરકર અને ઝીણા સામસામે પક્ષે ઊભા હોવા છતાં એક છે. બંને માત્ર સંમત જ નથી; ખાતરીપૂર્વક, આગ્રહપૂર્વક માને છે કે ભારતમાં બે રાષ્ટ્ર વસે છે – હિંદુ રાષ્ટ્ર અને મુસ્લિમ રાષ્ટ્ર.' ગાંધીજી આ દ્વિરાષ્ટ્ર સિદ્ધાંતની બિલકુલ વિરુદ્ધ હતા. ભાગલા પહેલા પણ, ભાગલા પછી પણ. મુખ્ય મતભેદ ત્યાં હતો.

બીજો મતભેદ સ્વતંત્રતા કઈ રીતે મેળવવી એ બાબતે હતો. સાવરકરનો માર્ગ ગન અને બોમ્બનો હતો. ગાંધીજી માનતા કે જે માર્ગે આજે અંગ્રેજોની હત્યા થાય છે તે માર્ગે ભવિષ્યમાં દેશબાંધવોની હત્યાઓ પણ થશે; એટલે તેમણે સત્યાગ્રહનો રસ્તો બતાવ્યો જે ભારત જેવા દેશ માટે વધારે સલામત, વધારે અનુકૂળ હતો. જેમાં ગરીબ અને નિર્બળ પણ સશક્ત બનતો હતો. સાવરકરના મોટાભાગના અનુયાયીઓ બ્રાહ્મણ અને ઉચ્ચ વર્ણના હતા. છેવાડાના લોકોનું સશક્તીકરણ એ સાવરકરનું ધ્યેય ન હતું. હિંદુઓને એક કરવા સાવરકરે આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન આપ્યું હતું, પણ અસ્પૃશ્યો તરફની ઉચ્ચ વર્ણોની ક્રૂરતા સાથે એમને નિસબત નહોતી. ૧૯૨૦માં ગાંધીજીના કહેવાથી કોંગ્રેસે અસ્પૃશ્યતા નિવારણને પોતાનું કાયમી ધ્યેય બનાવ્યું હતું. ૧૯૨૧માં એક સભામાં ગાંધીજીએ કહ્યું હતું, 'અંગ્રેજોના અત્યાચારોને આપણે વખોડીએ છીએ, પણ આપણે આપણા અસ્પૃશ્ય ભાઈઓને પેટે ચલાવીએ છીએ, નાક રગડાવીએ છીએ અને લાલ આંખ કરી ટ્રેનમાંથી ઉતારી મૂકીએ છીએ. આ અત્યાચાર નથી?'

હિંદુ-મુસ્લિમ એકતા અને સમાજમાં સમાનતાના ગાંધીજીના

આગ્રહે સાવરકરને ગાંધીના કટ્ટર દુશ્મન બનાવ્યા. ગાંધીના વિરોધીઓ તો અનેક હતા. પણ બે આગેવાનો એવા હતા જેઓ હંમેશા ગાંધીજીની વિરુદ્ધ રહ્યા, ઝીણા અને સાવરકર. ભાગલા પછી ઝીણા ભારતીય જ ન રહ્યા અને સાવરકર ભારતમાં રહ્યા, પણ ગાંધીજી સાથે કદી સુલેહ ન થઈ શકી.

***ઇતિહાસકાર તરીકે આપ સાવરકરને કઈ રીતે મૂલવો?***

સાવરકર સારા કવિ અને લેખક હતા. તેમના સર્જનમાંથી તેમનો મહારાષ્ટ્ર અને ભારત પ્રત્યેનો પ્રેમ અને ગર્વ નીતરે છે. સ્ટીમરમાંથી ભાગી જવાની ઘટનાએ તેમને લાડકવાયા વીર બનાવ્યા હતા. તેઓ વિદ્વાન હતા, ચિંતક હતા. ૧૮૫૭ના વિદ્રોહને સ્વાતંત્ર્યયુદ્ધ તરીકેનો દરજ્જો સૌ પ્રથમ સાવરકરે આપ્યો હતો. હિંદુત્વના તેમના સિદ્ધાંતે મુસ્લિમો અને ખ્રિસ્તીઓને શરૂઆતથી જ દ્વિતીય કક્ષાના નાગરિક ગણ્યા હતા. આ સિદ્ધાંતમાં લોકશાહીનું તત્ત્વ કે આધુનિક અપીલ નથી, છતાં એમના અનુયાયીઓની સંખ્યા બહોળી છે. તેમણે અનેકવાર રાજકીય હિંસા થવા દીધી છે, બલકે પ્રેરી છે પણ પોતે શાંત અને અલિપ્ત રહ્યા છે. કેટલાક લોકો આને કૌશલ્ય ગણે, કેટલાક ન ગણે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૩૩૭ ૦૮૪૯૪

# વિનોબા વાઙ્મયનું આચમન

ડૉ. રમજાન હસણિયા

**વિ**નોબાજીના સાહિત્યની વાત માંડવાની છે ત્યારે આરંભે વિનોબાજીએ આપેલી સાહિત્યની વ્યાખ્યા પર એક નજર કરી લઈએ. તેઓ કહે છે, 'જે સત્યનો યશ ગાય, જીવનનો અર્થ સમજાવે, વ્યવહારમાં માર્ગદર્શન કરે અને ચિત્તની શુદ્ધિ કરે તે સાહિત્ય'.

સાહિત્યમાં સત્યતા, જીવન સાથેની નિસબત, વ્યવહાર જ્ઞાન આપવાની ક્ષમતા અને સૌથી વધુ ચિત્ત શુદ્ધિ પર ભાર મૂકતા વિનોબા પોતે આ જ આદર્શને અનુસરે તે સ્વાભાવિક છે. વિનોબાજીના શબ્દે સત્યનો યશ ગાયો છે. એટલું જ નહીં પણ સત્ય જગતને સમજાવ્યું છે. વિનોબાજીની વાત આટલી બધી અસરકારક કેમ બની છે એનું એક કારણ એ છે કે વિનોબાનો શબ્દ જીવાયેલો શબ્દ છે. એટલે એમના શબ્દની અસરકારકતા વધી ગઈ છે. મીરાંએ રામ રાખે તેમ રહ્યા પછી ગાયું કે, 'રામ રાખે તેમ રહીએ, ઓધવજી... રામ રાખે તેમ રહીએ સાદી સરળ બાનીમાં આટલી અસરકારકતા આવી છે કેમકે એ પ્રથમ જીવ્યાં છે ને પછી બોલ્યાં છે. એમનો શબ્દ અનુભૂતિની અગ્નિમાં પાકીને, પરિશુદ્ધ બનીને આવ્યો છે. વિનોબાની વાત પણ આ જ કારણસર આટલી પ્રભાવક બની છે.

બીજી વાત છે જીવન સાથેની નિસબતની. નિસબત બહુ મોટો શબ્દ છે, આપણે એને છાશવારે જ્યાં ત્યાં વાપરી દેતાં હોઈએ છીએ, પણ વિનોબા જેવાનાં સંદર્ભમાં આ શબ્દપ્રયોગ એકદમ સાર્થક સાબિત થાય. વિનોબા જીવનના પરમ ચાહક છે. જીવન સાથેની એમની નિસબત એમનાં શબ્દે શબ્દે અનુભવાય છે.

ત્રીજું વ્યવહાર જ્ઞાન આપવાનું બહુ મોટું કામ એમના સાહિત્યએ અનાયાસ કર્યું છે. આચાર્ય મમ્મટએ કહેલ કાન્તાસંમિત ઉપદેશ તેમની વાણીમાં સહજ રીતે આવીને માનવજીવનનાં ઉર્ધ્વીકરણનું કારણ બને છે.

ચોથું ચિત્તની શુદ્ધિ કરે તેને વિનોબા સાહિત્ય કહે છે. આધુનિક માપદંડોની લ્હાયમાં કે કલા ખાતર કલાની દોટમાં ચિત્તને ભ્રમિત કરી દેનાર સાહિત્ય તરફ ઝૂકી ગયેલ સમાજને એક ઋષિ તો ચિત્ત શુદ્ધિને માર્ગે જ વાળેને! અધ્યાત્મ માર્ગના આ પથિકે ચિત્તશુદ્ધિની કેડી પોતાના શબ્દોમાં કંડારી આપી છે. આમ, પોતે આપેલી વ્યાખ્યાને વિનોબાએ પોતે સાર્થક કરી આપી છે.

વિનોબાની શબ્દશ્રી એમનાં દળદાર ૨૦ ખંડોમાં સંગૃહિત થયેલી છે. પવનાર આશ્રમ દ્વારા એ પ્રકાશિત થયેલ છે અને હવે તો એ ઓનલાઈન પીડીએફ ફોર્મેટમાં પણ ઉપલબ્ધ છે. આ ખજાનો એવો છે કે જેણે અનેકને વિચારસમૃધ્ધ કર્યાં છે, ભાવસમૃદ્ધ કર્યાં છે અને આત્મસમૃધ્ધ પણ કર્યાં છે.

ઉષાબેન વોરા 'કૃતયોગી વિનોબા' પુસ્તિકાના પૃષ્ઠ નં. ૩૮-૩૯ પર નોંધે છે તેમ, 'વેદથી લઈને ગાંધી અને અણુયુગ સુધીનું તેમનું એ ચિંતન, પાંચસો પાનાંનો એક એવા વીસ ખંડોની માલિકારૂપે પણ પ્રકાશિત થયું છે. આજના યુગને માટે એ

અણમોલ ચિંતન ખજાનો છે. તેમની પ્રજ્ઞા, મેઘા, પ્રતિભા, આત્માનુભૂતિના રસે રસાયેલું એ સાહિત્ય સપાટી પર છબછબિયાં મારતા આજના સમાજને 'ગહેરે પાની પૈઠ'નું દિશાદર્શન કરાવી જાય છે.'

વિનોબાજીએ આપણે જેને સર્જનાત્મક સાહિત્ય કહીએ છીએ એવું ઓછું લખ્યું છે. પણ, તેમણે સાચા અર્થમાં સર્જનાત્મક-વ્યક્તિ અને સમાજનું ઘડતર કરનારું, ચારિત્ર્ય નિર્માણ કરનારું-સાહિત્ય રચ્યું છે. એમની આ જુદા પ્રકારની સર્જનાત્મકતાની કદાચ આજે સમાજને વિશેષ જરૂર છે. કોઈ સંતની કરુણા શબ્દોમાં વહીને આવે તો કેવું રૂપ ધારણ કરે એ કોઈએ જોવું હોય તો તેમણે વિનોબા વાઙ્મયમાંથી પસાર થવું રહ્યું.

વિનોબા વાઙ્મયની એક બહુ મોટી વિશેષતા છે એની ભાષાની કુમાશ. એમની પદાવલી નરસિંહની જેમ એકદમ કોમળ પદાવલી છે. તેથી એમની વાણીમાં ક્યાંય ભાર અનુભવાતો નથી. હળવી ફૂલ જેવી વાતોમાં વિનોબા જીવનના ભારેખમ સત્યો સમજાવી દે છે. એમનો શબ્દ વાચકને ઉર્ધ્વીકરણની દિશામાં લઈ જનાર બની રહે છે.

વિનોબાની વાણીમાં જેમ કુમાશ અનુભવાય છે તેમ જ અનુભવાય છે વિચારનું નાવીન્ય. ભૂમિપુત્રના પ્રથમ પાને વિનોબાને વાંચીએ ત્યારે એમ થાય કે વાહ! કેવી નવી વાત, નવો વિચાર લઈને આવ્યા છે! તેઓ 'दिने दिने नवम नवम' છે. 'અહિંસાની ખોજમાં' નામક તેમની આત્મકથા કહેવાયેલ પુસ્તકમાં તેમનું વિધાન કંઈક આ રીતે અંકિત થયું છે. પોતાના વિશે વિનોબા કહે છે, હું એટલો બે ભરોસાવાળો માણસ છું કે આજે હું એક મત વ્યકત કરીશ અને કાલે મને બીજો મત યોગ્ય લાગશે તો તેને વ્યક્ત કરતા થોથવાઈશ નહીં. કાલનો હું બીજો હતો અને આજનો હું બીજો છું. હું પ્રતિક્ષણ ભિન્ન ચિંતન કરું છું. હું સતત બદલતો જ આવ્યો છું. ('વિનોબાની વાણી' પૃષ્ઠ –૨-૩)

વળી, એમના લેખનમાં એક પ્રકારની તાજગી છે. તાજા ખીલેલાં સુગંધી પુષ્પ જેવા તેમના શબ્દોના સંપર્કમાં આવે તેની સ્થિતિ અત્તરની દુકાનમાં લટાર મારનાર જેવી થાય છે. ખરીદે નહીં તોય સુગંધ તો એને આલિંગન આપી જ દે છે.

વિનોબાનો શબ્દવૈભવ પાણી પર તરતી હિમશીલા જેવો છે; ઉપર દેખાય છે તેથી ઘણો મોટો ભાગ અંદર છે, અછતો છે. વિનોબાએ જ આ વાતને ટેકો આપતા કહ્યું છે કે મારું જીવન તમે સપાટી પર જુઓ છો એટલું જ નથી, હું જુદી જ દુનિયાનો માણસ છું.' આશ્રમમાં આકાશવાણીના કોઈ પ્રતિનિધિ તેમની સાથેનો વાર્તાલાપ ધ્વનિમુદ્રિત (રેકોર્ડ) કરવા આવ્યા ત્યારે બાબાએ કહેલું કે, 'મને બ્રોડકાસ્ટમાં નહીં, ડીપકાસ્ટમાં રસ છે.' ને પછી હસતાં હસતાં પૂછેલું કે, 'તમારું ટેપરેકોર્ડર મારું બોલેલું તો રેકોર્ડ કરી લેશે પણ શું એને મારું મૌન રેકોર્ડ કરતા આવડશે? (વિનોબા ચિંતન-પ્રસાદ, સં. રમેશ સંઘવી, અંતિમ પૃષ્ઠ)

એમનું મૌન પકડવાની તાકાત તો મારામાં નથી પણ એમના શબ્દોનો હાથ પકડીને થોડી વાત કરું છું. વિનોબાજીએ ગાંધીજીએ એકાદશ વ્રત વિશે લખેલી નાનકડી પુસ્તિકા 'મંગળ પ્રભાત'નો મરાઠીમાં 'अभंग व्रतें' નામે પદ્યાનુવાદ કર્યો છે. એની પ્રસ્તાવનામાં એમની વિનમ્રતા તો જુઓ. એમણે કહ્યું કે, 'અનુવાદની પ્રેરણા પરમાત્મા તરફથી મળી, પ્રસાદ મહાત્માજી દ્વારા મળ્યો અને તે પ્રસાદ વહેંચવા માટે વાણી સંતોની કૃપા દ્વારા મળી. આમાં વિન્યાનું કોઈ કર્તૃત્વ નથી.'

વિનોબા સફળ સંપાદક, ઉત્તમ અનુવાદક અને લલિત નિબંધ જેવા ચિંતનાત્મક ગદ્યના સ્વામી છે. એમના સંપાદન અને ગદ્યની વાત પછી કરું. 'મંગળ પ્રભાત'નો પદ્યાનુવાદ કરનાર વિનોબાનો શ્રેષ્ઠત્તમ અનુવાદ હોય તો તે છે – ''ગીતાઈ''. વિનોબાજીના માએ કહ્યું કે, 'ગીતા વાંચવી છે, પણ સંસ્કૃત આવડતું નથી. તું મરાઠીમાં એનો અનુવાદ કરે તો કેવું!' આમ, માની પ્રેરણાથી વિનોબાજીએ ગીતાનો મરાઠીમાં અનુવાદ કર્યોને ગીતાના દર્શનને માતૃભાષામાં લાવી દઈ સર્વજન સુલભ બનાવી દીધું.'ગીતાઈ' = ગીતા + આઈ (મા). એમણે કહ્યું છે, 'गीताई माउली माझी'(ગીતા મારી મા).

ગીતાના અભ્યાસુ, પંડિતો, ટીકાકારો, વિદ્વાનો તો ઘણા થયા હશે પણ ગીતાનું સંતાન તો વિનોબા જ થઈ શકે! અને એટલે ગીતા પોતાના રહસ્યો તેમની પાસે ઉદ્‌ઘાટિત કરે ને જેલમાં 'ગીતા પ્રવચનો'નું પ્રાગટ્ય થાય! શ્રીકૃષ્ણ જેલમાં જન્મ્યા હતા, વિનોબાએ ગીતા પ્રવચનોની વાતો જેલમાં કરીને પુનઃ કૃષ્ણને, તેમના દર્શનને જેલમાં જન્માવ્યા. આ છે વિનોબાની પ્રજ્ઞાનો પ્રતાપ.

ગીતાના પ્રવચનો વિશે તો કેટલુંયે બોલાયું, લખાયું છે એટલે

ઝાઝું કહેતો નથી. વિનોબાની પરિણીત પ્રજ્ઞાનું ફળ તે ગીતા પ્રવચનો છે. કવિતા પણ આવા સાધકો પાસે પોતાનું અંતઃસત્વ ઉઘાડવા તત્પર હોય છે. એમણે જે રીતે સ્વધર્મની વ્યાખ્યા સમજાવી છે કે સ્થિતપ્રજ્ઞની વાત કરી છે, તે વાંચીએ ત્યારે તેમના દર્શન પાસે ઝૂકી જવાય. અને તે પણ પાછું સાદી સરળ બાનીમાં. વિનોબા વિશે સમજાવતા મારા ગુરુજન દર્શનાબેન ધોળકિયાએ કહેલું કે ગાંધીયુગીન ગદ્યનો ઉત્તમ દૃષ્ટાંત વિનોબાનું સાહિત્ય છે. સરળ છતાં એટલું જ ઊંડુંને અર્થસભર. એકાદ ઉદાહરણ આપ્યા વિના રહી શકતો નથી. સ્વધર્મની વાત સમજાવવા પુંડલિકનું ઉદાહરણ વિનોબાજીએ આપ્યું. માતા-પિતાની સેવારૂપીકર્તવ્યમાં નિમગ્ન પુંડલીક સામે ભગવાન આવે તોય તે પોતાના સ્વધર્મથી ચ્યુત થતા નથી. વિનોબા કહે છે કે, 'ફળત્યાગી પુરુષની કર્મ સમાધિ આવી ઊંડી હોય છે.'

''ઉપનિષદોનો અભ્યાસ'' નામે તેમનું પ્રથમ પુસ્તક ૧૯૨૩માં તેમની ૨૮ વર્ષની ઉંમરે લખાયેલું. પોતાના જ લખાણને વિનોબા જટિલ અને છતાં ઊંડું કહે છે. ઉપનિષદોનું મૂલ્ય સમજાવતા તેઓ એવી વાત કરે છે કે જેના તરફ બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું છે. વિનોબા પાસે અર્થઘટનની જબરદસ્ત તાકાત છે. વેદ-ઉપનિષદ કેટલાય વિદ્વાનોએ વાંચ્યા હશે પણ વિનોબાજીના અર્થઘટન જોશો તો ખ્યાલ આવશે કે એમાં કેટલું નાવીન્ય છે. આપણે સ્વર્ગના પ્રલોભનો આપવામાં ને નરકની બીક બતાડવામાં જ અટવાઈ ગયા, જ્યારે વિનોબા ઉપનિષદને કઈ રીતે જુએ છે તે જુઓ...

'ઉપનિષદે ત્યાં સુધી કહેવાની હિંમત કરી છે કે જે ગ્રંથોનો અંત્યત ઉપકાર આપણે માનતા હોઈએ તેમનું યે વિસર્જન કર્યા વિના જ્ઞાન નથી થતું. 'वेदान अपि संन्यसति' નારદને કહેવામાં આવ્યું કે વેદોનો ય સંન્યાસ કરવો પડશે, વેદોનો યે છોડવા પડશે. કોઈ છે એવો બીજો ધર્મગ્રંથ જે પોતાનું જ ખંડન કરે, પોતાનો જ નિષેધ કરે અને કહે કે એ પોતે પણ બોજરૂપ છે અને એને ય છોડવો પડશે? એને છોડ્યા વિના અસીમ સુધી નહીં પહોંચી શકાય, સીમામાં જ રહીશું.' (ઉપનિષદોનો અભ્યાસ, પૃષ્ઠ-૫)

ઉપનિષદોએ વિનોબાને શું આપ્યું? તો જવાબ છે પાપી કે દોષી હોવાના ગીલ્ટમાંથી મુક્તિ. એમણે લખ્યું કે, 'ઉપનિષદોએ એમ ન કહ્યું કે તું મારી પાસે આવ, હું તને પુણ્ય માર્ગ બતાવીશ, સાધનાનો માર્ગ દાખવીશ. એણે તો સીધું એમ જ કહ્યું કે તું પાપી-બાપી છે નહીં, તું તો બ્રહ્મ જ છે. આ ગ્રંથે મને એટલી બધી હિંમત આપી છે કે દુનિયા આખી મારી સામે ઊભી હોય, તો પણ મારી ઇચ્છા વિરુદ્ધ મને દબાવી શકે નહીં, એવો આત્મવિશ્વાસ હું અનુભવું છું. (ઉપનિષદોનો અભ્યાસ, પૃષ્ઠ-૫) ઉષાબેન વોરા નોંધે છે તેમ પુ. લ. દેશપાંડેએ આ પુસ્તક વાંચીને કહેલું કે, 'લાગે છે, જાણે ઉપનિષદનું દૂધ પીને જ વિનોબાએ માનાં ગર્ભમાં પ્રવેશ ન કર્યો હોય! ગાંધીજીની માગણીથી વિનોબાજીએ ઈશોપનિષદના ૧૮ મંત્રો પરની તેમની સૂત્રરૂપ ટીપ્પણી લખી તે ઈશાવાસ્યવૃત્તિ નામે પ્રગટ થઈ.

'જ્ઞાનદેવ ચિંતનિકા' નામે તેમણે જ્ઞાનદેવના ભજનોની ઊંચાઈ, ઊંડાણ, માધુર્ય અને ગાંભીર્યને આત્મસાત કરીને પ્રતિધ્વનિત કર્યાં છે. જ્ઞાનદેવ વિનોબાના આરાધ્યોમાંના એક છે. પોતે ત્રણ મહાપુરુષોના ઋણી છે એવું કહી એ પ્રથમ મહાત્મા ગાંધી, પછી આદ્ય શંકરાચાર્ય અને ત્રીજું નામ જ્ઞાનદેવનું આપે છે. 'ગાંધીજીનો સહવાસ પ્રાપ્ત થયો. શંકરાચાર્યે મારી શંકાઓનું સમાધાન આપ્યું.' – એમ કહેનાર વિનોબાએ જ્ઞાનેશ્વર સાથે તો સીધો અંતરનો અનુબંધ જાણે અનુભવ્યો છે. તેઓ કહે છે કે, 'મેં જેટલું સાહિત્ય લખ્યું તે જ્ઞાનદેવના ચરણોમાં સમર્પિત છે. મેં જે કાંઈ બે અક્ષરો પાડ્યા, એનું સઘળું શ્રેય એમને જ છે. એમણે મને ભાવ આપ્યો – ભાષા આપી, મૂળે પથ્થર જેવો કઠોર હતો. આ પથ્થરમાંથી ઝરણું વહેતું કર્યું તો તે જ્ઞાનદેવ મહારાજે જ.' વિનોબાના લેખનમાં આ પ્રકારે અનુભવાય છે તેમની ભારોભાર કૃતજ્ઞતા. વેદના અભ્યાસ તરફ વાળનાર શંકરાચાર્ય –જ્ઞાનેશ્વરને યાદ કરવાનું તેઓ ચૂકતા નથી.

અધ્યયન કોને કહેવાય એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ જોવું હોય તો ''ઋગ્વેદ સાર'' જોવું રહ્યું. માના મુત્યુના દિવસે જ તેમણે ઋગ્વેદ વાંચવાનું શરૂ કર્યું. તેઓ લખે છે ''જ્યાં એક માતા ગઈ, ત્યાં બીજી માતાનો આશ્રય લીધો. વિનોબા લખે છે, 'આ રીતે મેં વેદનું અધ્યયન ૫૦ વર્ષ કર્યું. ચાર-સાડાચાર હજાર મંત્ર મને કંઠસ્થ છે. તેમાંથી જ મેં ૧૩૧૯ મંત્ર ચૂંટી લીધા. ઋગ્વેદમાં કુલ ૧૦૫૫૮ મંત્ર છે. તેનો અષ્ટમાંશ કર્યો અને ઋગ્વેદ-સાર પ્રકાશિત કર્યો. પચાસ વરસના અધ્યયનનો આ નીચોડ...' (વેદઃ આધુનિક નજરે -પૃષ્ઠ-૯)

વિનોબા કેવળ અભ્યાસના જ નહીં પણ આચરણના પણ

માણસ છે. તેમણે કહ્યું કે ઠીક છે કે વેદમાં મારી શ્રધ્ધા છે અને હું વેદોનું અધ્યયન કરું છું. પરંતુ મારું આચરણ જો એવું હોય કે જેનાથી દુનિયામાં વેદો માટે નફરત પેદા થાય, તો મેં ખુદને વેદાભ્યાસી કહીને વેદનું મહત્વ દુનિયામાં ઓછું કરી નાખ્યું. મારું આચરણ એવું હોવું જોઈએ, જેના પરથી લોકો કહે કે આ વેદાભ્યાસીનું આચરણ આટલું પવિત્ર છે, તો સ્વયં વેદો કેટલા પવિત્ર હશે! આપણા આચરણ ઉપરથી આપણા સ્વાધ્યાયનું મહત્વ નક્કી થશે.' (વેદઃ આધુનિક નજરે - પૃષ્ઠ-૯) અધ્યયન કરનાર વ્યક્તિની જવાબદારી કેટલી વધી જાય એની અહીં પ્રતીતિ થાય છે, ને બીજી વાત એ પણ સમજાય છે કે અધ્યયનનો અધિકાર આચરણથી પરિપૂર્ણ થાય છે. જોકે એવું વિચારનાર કેટલા?

વિનોબાજી કોઈ કામ કરે ત્યારે કેવી નિષ્ઠાથી કરે એનું વધુ એક ઉદાહરણ ઉષાબેન વોરાના શબ્દોમાં નોંધું. ઉષાબેન સાનંદ નોંધે છે કે, '૧૯૩૯માં તેમને કુરાનનું અધ્યયન કરવાનો વિચાર આવ્યો. કુરાનનો અંગ્રેજી અનુવાદ જોયો. પરંતુ મૂળ જોયા વગર ચેન ન પડ્યું તે માટે અરબી ભાષા શીખી. સાતવાર કુરાન વાંચ્યું. ઓછામાં ઓછું વીસ વર્ષ શ્રદ્ધાપૂર્વક અધ્યયન કર્યું. રેડિયો પરથી કુરાનના ઉચ્ચારણ શીખ્યા. અરબી ભાષામાં શુધ્ધ ઉચ્ચારણની કાબેલિયત હાંસિલ કરી. જેટલી શ્રધ્ધાથી હિન્દુ ધર્મગ્રંથનું અધ્યયન કર્યું, તેટલી જ શ્રધ્ધાથી કુરાનનું પણ કર્યું. ગીતા વાંચતી વખતે તેમની આંખોમાં આંસુ આવતા. તે જ અવસ્થા કુરાન અને બાઈબલ વાંચતી વખતે પણ થતી. કેમકે તેમની દૃષ્ટિ મૂળતત્વને જ પકડતી. એમનું 'કુરાન-સાર'પુસ્તક ૧૯૬૨માં પ્રથમવાર પ્રકાશિત થયું. એ પુસ્તક અંગે સુપ્રસિદ્ધ મૌલાના મસુદીએ કહ્યું – 'પચ્ચીસ મૌલવી દસ વરસ બેસીને, લાખો રૂપિયા ખર્ચ કરીને જે કામ ન કરી શકે, તેવું આ કામ થયું છે. (કૃતયોગી વિનોબા, પૃષ્ઠ-૩૬)

નિસબતની જે વાત આગળ કરી એ વાતને અહીં પણ જોડી શકાય. કોઈ કામ કેટલો પરિશ્રમ માંગે છે ને એમાં કેવી ચીવટ જરૂરી છે તેનું ઉદાહરણ અહીં મળશે. આવી જ નિસબત ને જહેમતથી તેમણે ખ્રિસ્તીધર્મ સાર, ભાગવત ધર્મસાર, જપૂજી, ધમ્મપદ વગેરેનું સંકલન કર્યું છે. સર્વધર્મનો અભ્યાસ રામકૃષ્ણ પરમહંસ પછી વિનોબાજીએ જ કર્યો છે. પોતપોતાના ધર્મમાં ઊંડા ઊતરનાર અનેકાનેક સંતો-મહંતો આપણને મળશે. સમાનતાની વાતો કરનાર પણ થોડાં-ઘણા જડી આવે. પણ આ રીતે એક-એક ધર્મનો અભ્યાસ કરનાર ને તેનાં ઊંડાણ સુધી પહોંચનાર જવલ્લે જ જડે.

આ સાર આપવાં પાછળનો તેમનો ઉદ્દેશ્ય પણ નિરાળો છે. વિનોબા કહેતા કે, 'લોકો પુસ્તકનો સાર પ્રકટ કરે છે જેથી મૂળ પુસ્તક વાંચવાની પ્રેરણા મળે, જ્યારે મારી દૃષ્ટિ છે, વિસ્તારમાં જવાની જરૂર ન પડતા સારતત્વ હાથમાં આવે.' – (કૃતયોગી વિનોબા, પૃષ્ઠ-૩૭ ) ધર્મગ્રંથોમાંથી પણ સાર લેવાની વૃત્તિએ તેમની પાસેથી આ પ્રકારના કામ કરાવ્યા છે. તેમણે કહેલું, સારલો અસાર છોડો.

વિનોબા પરમ આસ્તિક વિભૂતિ છે પણ એમની ઈશ્વરની વાતોમાં જડ ધાર્મિકતાની ગંધ નથી આવતી, પણ આધ્યાત્મિકતાની સુગંધ પ્રસરે છે. અધ્યાત્મની ઉપાસના ઘણીવાર નિષ્ક્રિયતા તરફ દોરી જાય, એકાંત ભણી લઈ જાય એવું બને. વિનોબાએ તો સમાજ સેવા કરતાં-કરતાં અધ્યાત્મનો એકડો ઘૂંટવાની કલા હસ્તગત કરી લીધેલી ને અન્યને શીખવી પણ ખરી એમણે કહેલું કે, 'હૃદયમાં રામ, મુખમાં નામ અને હાથમાં સેવાનું કામ – આજ છે આજની સાધના.'

સંતસાહિત્યના ચયનમાં પણ વિનોબાજીનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. મહારાષ્ટ્ર ઉપરાંત આસામ, દક્ષિણ ભારતના અન્ય સંતો સહિત તુલસીદાસજીના ભજનોના એક-એક ચયનાત્મક પુસ્તકો તેમણે આપ્યાં છે. તેઓ બહુ સારા સંપાદક પણ છે, એની સાબિતીરૂપ આ તમામ ગ્રંથો છે. તુલસીદાસજીના ભજનોનું પુસ્તક વિનયાંજલિ નામે પ્રગટ થયેલું છે.

ભૂમિ સંપાદનનું કામ કરતાં કરતાં હૃદય અને દિલોનું સંપાદન-સમન્વય કરવાનું બહુ મોટું કામ વિનોબાજીએ કર્યું છે. ગાંધી અને વિનોબાએ દિલોને જોડવાનું કામ જ કર્યું છે. વિનોબાજી તો શબ્દશઃ આ વિધાન કહે છે કે, મારી જિંદગીના બધા કામ દિલોને જોડવાના એકમાત્ર ઉદ્દેશથી પ્રેરિત છે. વિનોબાની વાતોમાં ખંડનાત્મકતાનો અભાવ અને વિધાયકતાનો પ્રભાવ નિરંતર અનુભવાય છે. વિનાયક મૂળે વિધાયક છે.

વિનોબાના લેખનમાંથી પસાર થઈએ ત્યારે લખાયેલા શબ્દોમાં બોલતાં વિનોબા સતત અનુભવાય છે. કોઈ ઋષિ ઓટલે બેસીને તેમના શિષ્યોને વાત કરતા હોય એવું તેમને વાંચતાં અનુભવાય.

આ ઋષિએ પોતાના દર્શનની લ્હાણી છૂટે હાથે કરી છે. તેમનું બોલતું ગદ્ય એટલું તો રસાળ બન્યું છે કે જાણે કોઈ લલિત નિબંધ વાંચતા હોઈએ એવું લાગે! આ લાલિત્ય તેમના ચરિત્રનું લાલિત્ય છે, જે શબ્દે-શબ્દે વાચકને શાતા આપતું જાય છે.

વિનોબા વાર્તાના માણસ છે. એવી એવી સરસ કથાઓ મૂકીને વાતો કરે કે એમની વાત એકદમ ગળે ઉતરી જાય. એમણે કહેલી ઘણી વાર્તાઓ-પ્રસંગો પ્રસિદ્ધ થયા છે. કેવી કેવી માર્મિક વાત કેવી અસરકારક રીતે કરતા તેમને આવડે છે તે જુઓ.

''એકવાર એક છોકરો મારી પાસે આવ્યો. એના કાનમાં દર્દ થતું હતુ. તે રડી રહ્યો હતો. મેં એને વિનોદમાં પૂછ્યું અલ્યા, દર્દ તો કાનમાં થાય છે, તો પછી તારી આંખો કેમ રડી રહી છે? પણ કાનના દુઃખનો આંખની સાથે સંબંધ એ જ જીવતા શરીરનું લક્ષણ છે. એવી જ રીતે જે ગામમાં એક પડોશીનું દુઃખ બીજા પડોશી સુધી પહોંચતું નથી એ ગામનો સમાજ મડદા જેવો છે; એમ સમજવું રહ્યું.'' કાન પકડાવીને કબુલ કરાવે તે વિનોબા. કોઈપણ વાત દાખલા-દલીલ વગર ન કરે. વિનોબામાં એક જબરદસ્ત કન્વીન્સીંગ પાવર છે.

વિનોબા અને ગાંધીએ માસ (Mass) સાથે કામ લેવાનું હતું. તેથી સામાન્યજનને સમજાય એવી ભાષામાં આ બન્ને મહાપુરુષોએ વાતો કરી છે, લખી છે. પણ, તેથી એનું સ્તર જરાય ઓછું નથી આવ્યું. સાદગીમાં ઊંચાઈ જોવી હોય તેણે ગાંધી-વિનોબા વાંચવા રહ્યાં. ગાંધી કરતાં પણ મને અંગતભાવે વિનોબાનું લેખન વધુ સરળ અને આસ્વાદ્ય લાગ્યું છે.

કચરો કાઢવા જેવી સાદી-સીધી ક્રિયાને અધ્યાત્મની ઉંચાઈ પર લઈ જાય તે વિનોબા. ''જે માણસ બહાર જરા પણ કચરો સહન કરતો નથી, તે અંદરનો કચરો પણ સહન નહી કરે. એને અંદરનો કચરો કાઢવાની જોરદાર પ્રેરણા મળશે.''

વિનોબાની વિચાર-પોથીમાં તેમના ચિંતનનો અર્ક જોવા મળે છે. વિચાર-પોથીમાં તેમના ૭૦૦ વિચારો સંગ્રહિત થયા છે. થોડાં ઉદાહરણ જોઈએ.

* વેદમાં सहते' ધાતુના બે અર્થ થાય છેઃ (૧) સહન કરવું (૨) જીતવું – જે સહે છે તે જીતે છે.

* અંતરમાં જે વિવેકબુદ્ધિ છે, એ જ આપણો ગુરુદેવ છે. અખાએ કહેલી 'ગુરુ થા તારો તું જ'ની વાત જાણે તેમના મુખે બોલાય છે.

* સાચા ગુરુની તાલીમ કેવી હોય, જુઓ! –'ઉત્સાહમાં મર્યાદા છૂટી જવાનો પ્રશ્ન રહે છે. ઉત્સાહ સાથે ધૃતિ એટલે કે ધૈર્યના ગુણની જરૂર છે.'

* ટુંકું ને ટચ છતાં કેટલું મોટું વિધાન

રાજનીતિ + વિજ્ઞાન = સર્વનાશ, અધ્યાત્મ + વિજ્ઞાન = સર્વોદય.

* મોહનો ક્ષય તે મોક્ષ.

વિનોબાજીએ 'મહારાષ્ટ્ર ધર્મ' નામક શરૂ કરેલ માસિકમાં તેમની કેટલીક લેખમાળાઓ ચાલી, જેમાંથી 'મધુકર' જેવા પુસ્તકો થયા. અત્યારે પણ પવનાર આશ્રમથી પ્રગટ થતું મૈત્રી અને વડોદરાથી પ્રગટ થતું 'ભૂમિપૂત્ર' વિનોબાના વિચારોને લોકહૃદય સુધી પહોંચાડી રહ્યાં છે. ગુજરાતી ભાષામાં વિનોબા વિચારને પ્રસરવવામાં 'યજ્ઞ પ્રકાશને' પ્રશસ્ય કાર્ય કર્યું છે.

વિનોબાજીનો શબ્દ કેવી રીતે ફૂટે છે તેનું એક ઉદાહરણ જોઈએ. ૨૧ માર્ચ ૧૯૫૫, ફ્રાંસની એક મહિલાને જગન્નાથપુરીના મંદિરમાં પ્રવેશ ન આપવામાં આવે ને આપણા બાબા 'ભગવાન કે દરબાર મેં નિવેદન' નામે પ્રવચન આપે જે સાંભળનારા શબ્દશઃ લખી લે ને પછીથી તે પુસ્તક આકારે પ્રગટ થાય. વિનોબાના વચનોને ઝીલીને તેને ગ્રંથસ્થ કરી લેનાર એમના સાથીઓએ બહુ મોટું કામ કર્યું છે. ઋષિની ચેતનામાંથી પ્રગટેલા શબ્દોને એમણે વેડફાઈ જવા નથી દીધા. આવા ઝીલનારાનું પણ એટલું જ અદકેરું મૂલ્ય છે.

વિનોબાજીને બોલતાંયે આવડ્યું ને ચુપ રેહતાંયે આવડ્યું છે. ગાંધીજી હતા ત્યાં સુધી ક્યાંય પોતે ચિત્રમાં ન આવ્યા. ચૂપચાપ કામ કરતા રહ્યા. તેમણે કહ્યું કે ગાંધી હોત તો હજુ હું પ્રકાશમાં ન આવત. પ્રજ્ઞાવાન હોવાં છતાં જાતને ગૌણ બનાવીને બેસી રહેવાની કળા પણ એમણે હસ્તગત હતી.

વિનોબાજી પાસે સૂક્ષ્મ અભ્યાસ દષ્ટિ છે. આખા ઋગ્વેદમાં એક જ વાર પ્રયોજાયેલો શબ્દ 'વિશ્વમાનુષ'ને તેઓ પકડે છે. એટલું જ નહીં વિશ્વમાનવીની વેદની કલ્પનાને સાકાર કરવા તેમણે જીવનભર મથામણ કરી છે, ને સૂત્ર આપ્યું તે – જય જગત. રાષ્ટ્રવાદના સંકુચિત કોચલામાં બંધાઈ રહે તેવો આ સાધુ ન્હોતો.

આટલું બધું સર્જન કરનાર વિનોબાજીએ અઢળક પુસ્તકો વાંચ્યા છે. આઠ વર્ષની ઉંમરે એમણે 'જ્ઞાનેશ્વરી' વાંચી લીધી હતી. વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરીના મોટા ભાગના પુસ્તકો વાંચી લીધા હતા. સ્મૃતિ પણ એવી જ જબરદસ્ત હતી. ૨૫-૩૦ હજાર પદો તો બાળપણમાં જ એમને કંઠસ્થ હતા. અત્યંત પ્રજ્ઞાવાન યુવાન વિનાયકને એક તરફ બંગાળની ક્રાંતિ ખેંચતી હતી ને બીજી તરફ ખેંચતી હતી હિમાલયની શાંતિ. ગાંધીજીમાં તેમને બંનેનો સમન્વય જોવા મળ્યો ને તેમની પાસે ઠરીઠામ થયાં. પોતાની ભૂમિકા અદા કરી ઉચિત સમયે ક્ષેત્રસંન્યાસ લેતાં પણ તેમને આવડ્યું. ઉષાબેન વોરા ઉચિત રીતે જ નોંધે છે કે, ''વિનોબા સાધક પણ હતા, સેવક પણ હતા, શોધક પણ હતા. સાધકની તીવ્રતા, સેવકની તત્પરતા અને શોધકની જિજ્ઞાસાના માનો વિનોબા ત્રિવેણીસંગમ.'' (કૃતયોગી વિનોબા -પૃષ્ઠ-૧૪)

વિનોબાજી પોતાના વચન અને લેખન દ્વારા આજીવન માનવધર્મને સ્થાપિત કરવા પ્રયત્ન કરતા રહ્યા. આ માટે કેટલીક અનિવાર્ય એવી પરહેજની વાત તેમણે કરી જેની કદાચ આજે વધારે જરૂર છે. એમણે કહેલું કે, ''અમે શ્રેષ્ઠનો ભાવ છોડવો પડશે.''

બધા પોતાને જ શ્રેષ્ઠ માને છે, એનું અભિમાન કરે છે, મુક્તિ તો અમારા માર્ગે જ મળે એવી વાત કરે છે. અમારાથી ચડિયાતું કોઈ હોઈ ન શકે. મુક્તિ અમારા સિવાય કોઈ અપાવી ન શકે એવું વિચારનાર-બોલનારને વિનોબા માર્મિક રીતે કહે છે, કેટલી અજબ વાત છે! સામાન્ય મનુષ્યના ઘરના બે-ત્રણ દરવાજા હોય છે, પણ ધર્મવાળાઓએ ઈશ્વરના ઘરમાં પ્રવેશવાનો એક જ દરવાજો રાખ્યો છે! વિનોબા તો બહુ જ ક્રાંતિકારી છે, એ તો ત્યાં સુધી કહે છે કે ધર્મ જન્મજાત નહીં ૧૮ વર્ષની ઉંમરે પસંદ થાય તો કેવું?

વિનોબા આજીવન શિક્ષક રહ્યા છે. પોતાની જાતને એમણે શિક્ષક તરીકે ઓળખાવી છે. શિક્ષકો માટે ભાષણ આપતા તેમણે કહેલું કે, 'મને જો પૂછવામાં આવે કે, તમારો ધંધો શું?' તો હું એ જ કહું કે, 'મારો ધંધો શિક્ષકનો છે.' ને તેથી તેઓ આજીવન વિદ્યાર્થી પણ છે. જે પ્રાંત-પ્રદેશમાં જાય તે પહેલા તેની ભાષા શીખે છે. અધ્યયન-અધ્યાપન જ કરતાં રહે છે. એમ એમણે પોતાના આચાર્ય વિનોબા નામને સાર્થક કર્યું છે. તેમણે વિદ્યાર્થીને શિક્ષકનો દેવ ગણાવ્યો છે ને શીખવનાર ગુરુમાં પ્રેમ અને જ્ઞાનના સાયુજ્યની વાત કરી છે.

વિનોબા સતત નવું નવું વિચારે છે, બોલે છે ને લખે છે. ગાંધીજીએ આપેલ 'સત્યાગ્રહ' શબ્દ એમને બહુ ગમતો નથી કેમકે એમાં સત્ય ઘણીવાર બાજુ પર રહી જાય છે ને આગ્રહ જ કેન્દ્રમાં રહી જાય છે એવું તેઓ માને છે. એટલું જ નહીં 'સત્યાગ્રહી'ને બદલે 'સત્યગ્રાહી' એવો નવો શબ્દ તેઓ પ્રયોજે છે. નવાં નવાં શબ્દો બનાવવાની તેમને હથરોટી છે. એમને અનુસરતા ગુણવંતભાઈ શાહ પણ નવાં નવાં શબ્દો બનાવે છે. એમણે પ્રહ્લાદને પ્રથમ સત્યાગ્રહી ગણાવ્યો છે, જેણે પિતા હિરણ્યકશ્યપુ સામે અહિંસક સત્યાગ્રહ ચાલુ રાખ્યો હતો.

વિનોબાના આટલા ઊંડા અધ્યયન-અભ્યાસ અને નૂતન દૃષ્ટિકોણના કારણે તેમનાં સાહિત્યમાં આપણને એક પ્રકારની વ્યાપકતાના દર્શન થાય છે. આવા નખશીખ સર્જક વિનોબાએ સર્જકત્વનો ભાર પણ નથી રાખ્યો. સર્જકત્વના ભારથી મુક્ત થવા વિનોબાજીએ પોતાના કાવ્યો પાણીમાં વહાવી દીધાં છે, અગ્નિમાં બાળી દીધાં છે. તેઓ પોતે જ કહે છે કે, 'મારા વિચારોને કવિતામાં ગોઠવવાનો મને શોખ હતો. હું રચના કરતો. એક-એક કવિતા રચવામાં બબ્બે, ત્રણ-ત્રણ કલાક, ક્યારેક તો દિવસ આખો લાગી જતો. પછી એને ગાતો. કોઈ ઉણપ લાગે તો ઠીક કરી લેતો અને જ્યારે પૂરું સમાધાન થઈ જતું કે કવિતા સારી બની ગઈ, ત્યારે એને અગ્નિનારાયણમાં હોમી દેતો. કાશી ગયા પછી ત્યાં ગંગાકાંઠે બેસીને આમ જ કવિતા બનાવતો અને સમાધાન થઈ જાય પછી ગંગામાં વહેવડાવી દેતો. (વિનોબાની વાણી, પૃષ્ઠ-૫૧)

આ છે આપણા વિરલ વિનોબા અને એમના જેવું જ વિરલ તેમનું વાઙ્મય. વિનોબા વાઙ્મયમાં આપ સૌ ડૂબકી લગાવી 'માંહે પડ્યા તે મહાસુખ માણે'ની સ્થિતિને વરશો એવા ભાવ સાથે વિરમું છું.

અંતે વિનોબાજી વિશે લખાયેલાં બે-ત્રણ કાવ્યોની એક-બે પંક્તિઓ સાદ કરીને મારી વાત સંકેલું.

***(૧) નારાયણ દેસાઈ***

*સતયુગનો સંત દ્વાર આવિયો રે,*
*તને કરતો આહવાન. (૨)*
*હૈયાના દ્વાર આજ ખોલજો,*
*કરો પ્રેમ તણું દાન (૨)*
*ભૂમિદાન મંત્ર સંત લાવિયો.*

*(૨) બબલભાઈ મહેતા*

*ચાલ્યા પૈદલ વિનોબા ગામ ગામડે રે,*
*એ એને બાપુના મંત્ર બધા આવડે રે.*

*(૩) જયંતીલાલ માલધારી*

*કોણ જાણે કેમ ધરતી જાગીને જાગ્યા પાણીને પવન,*
*આભ ગોરંભમાં ચેતના જાગીને જાગ્યાં મૂંઝાયેલા મન.*
*જાગ્યાં વન વગડા ઝાડી,*
*જાગી ઉઠી દૂબળી માડી!*
*કોણે ગરીબને ઝૂંપડે જઈને ઉપાડી લીધાં બાળ?*
*હૈયે ચાપી કોણે હેત કીધાં? બહુ ઠરી છે હૈયાવરાળ?*
*વ્હાલો મારો કોણ છે એવો,*
*જાણે ગાંધી બપુ જેવો?*
*માનવતાએ પ્રેમને કીધું કે હાલ લઈએ અવતાર,*
*બેય ભેળાં થઈ માનવકુળના, બની ગયાં તારનાર,*
*વિનોબાજી સંતને નામે*
*ફરે આજ ગામડે ગામે*

*(તા. ૦૪/૦૯/૨૦૨૧ ને શનિવારના રોજ ગુજરાતી સાહિત્ય અકાદમી – યુ. કે. દ્વારા આયોજિત ઓનલાઈન કાર્યક્રમમાં આપેલ વક્તવ્ય)*

✦ ✦ ✦

# સંત કવયિત્રી પીરોમા–પંજાબના ઉપેક્ષિતા

## કાલિન્દી પરીખ

**પં**જાબના સંત કવયિત્રી પીરોમા સંત ગુલાબદાસના શિષ્યા હતાં. તેઓ પંજાબના પ્રથમ સંત કવયિત્રી હતાં જે તેમની વિશેષતા કહી શકાય. ૧૮મી સદીમાં નિરંતર વિદેશી આક્રમણોથી પંજાબની આર્થિક, ધાર્મિક અને સામાજિક સ્થિતિ ડામાડોળ થઈ ગઈ હતી. તેમાંય સ્ત્રીઓની દશા સારી ન હતી.[૧] પ. પંજાબના મુસ્લિમ અને સવર્ણ હિંદુ પરિવારની દીકરીઓ-સ્ત્રીઓને પડદા પ્રથાનું કડક રીતે પાલન કરવું પડતું હતું. આવી પરિસ્થિતિમાં કેટલીક સ્ત્રીઓએ નારીના ગૌરવને પુનઃ પ્રતિષ્ઠિત કર્યું. ખાસ કરીને ગુલાબદાસી સંપ્રદાયની સંત કવયિત્રીઓએ રૂઢિવાદી માનસિકતા અને નારી શોષણ વિરુધ્ધ બુલંદ અવાજ ઉઠાવ્યો. પંજાબની સ્વનામ ધન્ય નારીઓમાં પીરોમા પ્રથમ પંક્તિમાં છે.[૨] આ જ સંપ્રદાયના પંજાબના પ્રથમ ઉર્દુ શાયર સંત કિશનસિંહ આરફના ધર્મપત્ની માતા ચેતકૌર અને માતા હરદેઈ, માતા જીઓકૌર અને માતા જમનાદેવી આ ઉપરાંત કવયિત્રી સાહિબ દેવી અરોડી, બીબી લછમીએ ઉદાસીન પંથની દીક્ષા લઈ ઉદાસીન પંથ સંબંધિત કાવ્યરચના કરી હતી. આમ છતાં મીરાં, આંડાલ, જનાબાઈ, ગંગાસતી જેવી પ્રસિધ્ધ માતા પીરોજીને કેમ ન થઈ તેવો પ્રશ્ન સ્વાભાવિક થાય. તેનું મહત્વનું કારણ સામાન્ય પ્રજા માટે પોતાના અસ્તિત્વની રક્ષા, સ્ત્રી શિક્ષણનો અભાવ, ઉચ્ચસ્તરીય લોકોએ નારીને સાહિત્ય પરિવેશથકોસો દૂર રાખી તે ગણી શકાય. પીરોમાનો પરિવાર નિરક્ષર અને સમાજના નિમ્નત્તમ (મિરાસી કે ડોમ) કક્ષાનો હતો. જો પંજાબવાસીઓએ મા પીરોનો ઉચિત આદર કર્યો હોત તો તેમનું સ્થાન નાભાદાસકૃત 'ભક્તમાલ' જેવા ગ્રંથોમાં હોત. મા પીરોનું સાહિત્યિક અને આધ્યાત્મિક જીવન ઉજાગર કરવાનું શ્રેય સરદાર શમશેરસિંહ 'અશોક', ડૉ. દેવિંદ્રસિંહ, સંત અતરસિંહ અને વર્તમાનમાં સંત વિજેન્દ્રસિંહને મળે છે.

પ. પંજાબના ગુજરાંવાલામાં જન્મેલા મા પીરો વિશે કહેવાય છે કે કોઈ પીરની દુઆ અને દવાથી તેમનો જન્મ થયો હતો. આથી તેમનું નામ 'પીરોદત્તી' રાખવામાં આવ્યું હતું. કેટલાક મહાનુભાવોના મતાનુસાર પીર (સોમવાર)ના દિવસે જન્મી હોવાથી પીરો[૩] તો કેટલાક પ્રબુધ્ધજનો ઈસ્લામી રંગતના સૌજન્યથી 'પીરબાનો'[૪] અને 'પીરુનિસ્સા'[૫]માને છે. પરંતુ ગુલાબદાસી સંપ્રદાયમાં તો તેમને 'માતા પીરો'ના નામથી જ સ્મરવામાં આવે છે. ગુલાબદાસ પાસેથી દીક્ષા લઈ, ગુલાબદાસી સંપ્રદાયની વિભિન્ન માન્યતાઓ, સિધ્ધાંતો, પંજાબની પરંપરા અને સાહિત્યના અનેક આયામોને લેખિનીબધ્ધ કર્યા. આ દષ્ટિએ તેમનું એક અન્ય ક્રાંતિકારી રૂપ પણ ઉજાગર થાય છે કે તેઓ મોમિન પરિવારમાં જન્મ્યા હોવા છતાં તેમણે ચારે વર્ણના પક્ષપાતથી પર રહેતાં એવા નેહકલંક સંત ગુલાબદાસને પોતાના ગુરુપદે સ્થાપ્યા. મુલ્લા-મૌલવીના ઉગ્ર વિરોધનો સામનો કર્યો. તેમની દષ્ટિમાં હિંદુ-મુસ્લિમનો ભેદ સમાપ્ત થઈ ચૂક્યો હતો. તેમને પોતાના સદ્‌ગુરુમાં નિઃસીમ પરમાત્માની છબિ દેખાતી હતી.

મોરે સતગુરુ સબ સિરતાજ રાખો શરણ પડે કી લાજ
પ્રકટ નેહ કલંક અવતારી માને જોગ ભોગ ગુરુ રાજ

માતાજીની વાણીમાં આ તથ્યની સ્પષ્ટ ઝલક જોવા મળે છે.[૬]

સદ્‌ગુરુ ગુલાબદાસના સંપ્રદાયમાં હિંદુ-મુસ્લિમ પરક ભેદભાવ અને જાતિગત વૈમનસ્યને માટે કોઈ સ્થાન નથી.[૭] શંકરાચાર્ય દ્વારા જીવ અને બ્રહ્મની એકતા,[૮] ગીતાની સમત્વદષ્ટિ[૯], તેના પ્રાણરૂપ છે[૧૦] સૂફીવાદ[૧૧] અને કેવળ આત્માની સુંદરતાને જ સર્વોપરિ માનતા જૈનદર્શનની[૧૨] જેમ ગુલાબદાસી સંપ્રદાયે દેહની સુંદરતાને નશ્વર કહી છે.[૧૩]

પીરોના પિતા સાધારણ જમીનદાર હોવા છતાં તેમના ઘરમાં પીરો-ફકીરોનો ખૂબ આદર-સત્કાર કરવામાં આવતો હતો. તેમના પિતાએ પીરો માટે મૌલવીના માર્ગદર્શનમાં અરબીમાં ઈલ્લામિક શિક્ષણનો પ્રબંધ કર્યો હતો. પરંતુ બહુ નાની વયે માતા ગુમાવી ચૂકેલી પીરોએ પિતાની છત્રછાયા પણ ગુમાવી દીધી. આથી એક સાધુ તેનો ઉછેર કરવા લાગ્યા. પરંતુ તેઓ પણ ટૂંક સમયમાં પ્રભુને પ્યારા થઈ ગયા. આથી ૧૩-૧૪ વર્ષની પીરોને તેના કાકા તેમના ઘરે લઈ આવ્યા. તેઓ મુજરો કરતા હતા. અનાથ પીરોને કુલની રીતિ અનુસાર મુજરો કરવા વિવશ કરવામાં આવી. તેના કાકાએ તેને એક કોઠા પર વેચી દીધી.

પીરો કોઠામાં એક ખૂણામાં બેસી ખુદાને પ્રાર્થના કરતી હતી. જાણે ખુદાએ જ મોકલ્યો હોય તેમ ત્યાં આવનાર ગ્રાહકે તેની આ પ્રાર્થના સાંભળી પીરો પાસેથી તેની વિગતો જાણી. તે પીરોને ગુલાબદાસના ડેરા પર મૂકી ગયો. પીરોએ તેમને પોતાના નરકમય જીવનની આપવીતી કહી. ગુલાબદાસે તેની અરજ સ્વીકારી તેમના સાંનિધ્યમાં રહેવાનું સૌભાગ્ય પ્રદાન કર્યું.

પીરોમા સ્વયં આ સુખદ વૃત્તાંતનું વર્ણન કરે છે –

પીરો ખુદ ખુદાયકી હોં તાલબ હોઈ, ના ડીઠા મુસલમાન ન હિંદુ કોઈ.

પીર ફકીર ઔલિયા સબ હદીં ફાંસી, દાસ ગુલાબ બિહદ હૈ, મૈં તિસકી દાસી. ॥૨૦॥

આધ્યાત્મિક માર્ગે ઉન્નતિ કરનારને સમાજ સહન કરી શકતો નથી. તેના સાધના માર્ગમાં વિઘ્નો ખડા કરે છે. મુસ્લિમ નારી હિંદુ સંતના આશ્રમમાં દીક્ષા લઈ સત્સંગ કરે તે વાત તેમનાથી સહન ન થઈ. લાહોરમાં મુલ્લા-મૌલવીની પંચાયતમાં તેના કાકા પણ હાજર હતા. વજીરાબાદના નવાબ ઈલાહીબક્ષ જરનૈલને કહેવામાં આવ્યું કે પીરો અતિસુંદર છે અને આપની બેગમ થવાને યોગ્ય છે. તેમની સાથે મસલત કરી તેઓ ગુલાબદાસ પાસે ગયા.

સંત ગુલાબદાસને વિનંતી કરી કે પીરો તો અમારી બેટી-બહેન છે. કૃપા કરી તેને અમારે હવાલે કરી દો. કારણ કે અમારો મજહબ ગૈરમુસ્લિમના આશ્રયની વિરુધ્ધ છે.

સન્માર્ગનું અનુસરણ કરનારી, અડગ નિશ્ચયવાળી પીરો કહે છે કે, ''હે સદ્‌ગુરુજી! આ વિષયી લોકો સદાચારથી પતિત છે. મને તો આ સંસારમાં એકમાત્ર આપના ચરણ કમળનો જ આધાર છે. આપ હિંદુ અને મુસલમાનોના સમાન રૂપથી સ્વામી છો. આ લોકો લૌકિક કે પરલૌકિક એકેય રીતે સંબંધ નિભાવવવામાં સમર્થ નથી.''

પીરો કહસિ સતગુરો તુમ બેપરવાહે.
કદર ન ઈનકો આપકી યહ બેમુસ આહે.
ભેજો ઈનકે સંગ જી તુમ કિરપા કીજે.
આવૌં ઈનકો ઝાડકે બલ અપના દીજૈ.
હૂં ચલી જાંહ જરૂર મૈં છડ સુંદર બાગાં.
જો હોંસી પૂર્ણ ભાગ મૈં મુડ ચરની લાગાં. ॥૨૫॥

પીરો અને તેના દાવેદારો વચ્ચે ઘણો લાંબો સમય વાક્ યુધ્ધ ચાલતું રહ્યું. અંતમાં પીરોએ બે હાથ જોડી સદ્‌ગુરુને પ્રાર્થના કરતાં કહ્યું કે મને એકવાર આ લોકોની સાથે મોકલી દો. આપ મને એવી શક્તિ આપો જેનાથી એમની સામે ઝઝૂમી અથવા એમને સુધારી આપની પાસે આવી શકું.

છેવટે સંત ગુલાબદાસની આજ્ઞા પ્રાપ્ત કરી પીરો તેમની સાથે નીકળી પડી. તેને તેના સદ્‌ગુરુમાં અપાર શ્રધ્ધા હતી. લાહોર પહોંચતાં જ તે લોકોએ કાંચીડાની જેમ રંગ બદલ્યો. તેમની યોજના મુજબ તેમણે પીરો સન્મુખ ઈલાહીબક્ષ જરનૈલ સાથે નિકાહ પઢી લેવાનો પ્રસ્તાવ મૂક્યો. તેણે સ્પષ્ટ ઈન્કાર કરતાં કહ્યું કે, ''મારો નિકાહ તો મારા ઈષ્ટ, સદ્‌ગુરુ ગુલાબદાસ સાથે થઈ ગયા છે.'' તેની આ હઠ જોઈને તેઓ પીરોને લાહોરથી વજીરાબાદ લઈ ગયા અને જરનૈલની કેદમાં બંદી બનાવી દીધી. પીરોને 'કાફિર' કહી. 'કલમા' પઢીને પુનઃ ઈસ્લામ ધર્મ અંગીકાર કરવા દબાણ કર્યું. પરંતુ પીરો મક્કમ રહી. તેણે ઊભા થઈને મુલ્લ-મૌલવીનો સત્કાર પણ ન કર્યો. આ વૃત્તાંત પીરોની કલમમાંથી ઉજાગર થાય છે.

માર કતેબાં બગલ મોં મુલવાણે આણ.
સ્ત્રબની દેખ મુલાણિયાં ઉઠ શીશ નવાણાં.
પીરો બૈઠી પલંગ પર ના શીશ નિવાએ.
જલે મુલાણે દેખ કે સબ બુરા મનાયો.

પ્રકૃતિનો નિયમ છે કે આધ્યાત્મિકતાના માર્ગ પર એક પછી એક વિઘ્ન આવે છે. પરંતુ આ કઠિન યાત્રામાં ઈશ્વરીયકૃપાનું અવલંબન પણ મળી રહે છે. પીરોજીના સદચારપૂર્ણ વ્યવહારથી પ્રભાવિત એક પવિત્ર સ્વભાવની રહમતી નામની સેવિકાની મદદથી

ગુરુજીને મુનશી દ્વારા પત્ર લખાવ્યો. જેમાં તેમને આ બંદીખાનામાંથી મુક્ત કરાવવાની અરજ કરી અને પોતાના જેવી શૂદ્ર, અજ્ઞાની નારીને ક્ષમા કરી દેવા કહ્યું.

સંત ગુલાબદાસને પત્ર મળતાં જ તેમણે તેમના બે શિષ્યો ગુલાબસિંહ અને ચતરસિંહને વજીરાબાદ મોકલ્યા. ત્યાં જઈ તેમણે બંદીખાનામાં કામ કરતા માળા અને રહમતીની સહાયતાથી એક યોજના બનાવી. પીરોજીને મુક્ત કરાવી ડેરામાં પુનઃ લઈ આવ્યા.

**માતા પીરોની આધ્યાત્મિક સાધના –**

નિરંતર સાધના અને ગુરુચરણોની એકનિષ્ઠાને કારણે પીરોમાનું સ્તર એટલું ઊંચુ થઈ ગયું કે અનુયાયી હીરાસિંહે સંત ગુલાબદાસને 'પીરોંકે નાથ' કહીને સંબોધન કર્યું.[૧૪] તો કિશનસિંહ આરિફના મત પ્રમાણે, ''પીરો સદ્‌ગુરુજીની પ્રેમિકા નહીં પરંતુ શક્તિ છે.''[૧૫] તે જ રીતે શામદાસે પીરોજીને 'માતા પીરો' કહીને નમસ્કાર કર્યા છે.[૧૬] જ્યારે માતા પીરોએ આધ્યાત્મિક પ્રેમના આવેશમાં સદ્‌ગુરુને 'મહેબૂબ' કહીને સંબોધ્યા છે.[૧૭] 'માતા પીરોનો આ વિશુધ્ધ પ્રેમ' નારદ 'ભક્તિસૂત્ર'માં પ્રતિપાદિત અનિર્વચનીય છે.[૧૮] નિષ્કામ ભક્તિયોગ છે. સંત સ્વામી ટેઉ મહારાજ કહે છે, ''પ્રેમ માર્ગમાં માત્ર આપવાનું હોય છે, લેવાનું નામ પણ નહીં લેવાનું. પ્રેમની આ પરાકાષ્ઠા પાસે જ્ઞાન અને કર્મ પણ ફીકાં પડી જાય છે.[૧૯] પ્રેમનું આ ઉજ્જવળ રૂપ માતા પીરોની વાણી અને જીવનમાં ડગલે ને પગલે જોવા મળે છે. વિષયોને વિષતુલ્ય માનતા મા પીરો નિષ્કામ પ્રેમની પહેલી શરત વાસના – ત્યાગને દર્શાવે છે. [૨૦]સાંસારિક પદાર્થોને પ્રાપ્ત કરવાની કોઈ ઇચ્છા શેષ નથી રહેતી. મા પીરોના રોમે રોમમાં દિવ્ય પ્રેમની આ અખંડ ધારા નિરંતર વહેતી રહેતી હતી અને અમૃતથી છલકતા કળશની જેમ તે સિહરફી, કાફિયામાં (કાવ્યોમાં) પ્રગટ થતી હતી. કારણ કે પ્રેમની અનંતતા જ્યારે અંતઃકરણમાં પૂર્ણતઃ સમાહિત નથી થઈ શકતી ત્યારે તે અંદરની સીમાઓનું અતિક્રમણ કરી બહાર પ્રગટ થવા લાગે છે. – મીરાંની જેમ, 'અબ તો બાત ફૈલ પડી જાણે રે સબ કોઈ.'

**સિહરફીનો ભાવ –**

પ્રાણીમાત્ર સુખની ઇચ્છા કરે છે. પરંતુ સાંસારિક સુખ ક્ષણભંગુર હોય છે. જ્યાં સુધી દુઃખો અને દુઃખોના કારણની અત્યંત નિવૃત્તિ થતી નથી ત્યાં સુધી શાશ્વત સુખની પ્રાપ્તિ થતી નથી. દુઃખનું કારણ અવિદ્યા છે. સુખનું મૂળ કારણ આત્મજ્ઞાન છે. જગતના દુઃખોની અત્યંત નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિને મોક્ષ કહે છે. આવા મોક્ષનું એકમાત્ર સાધન આત્મજ્ઞાન છે. આ આત્મજ્ઞાન બ્રહ્મશ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુના શરણમાં જઈને, નિઃસ્વાર્થભાવે તેમની સેવા કરવાથી, શ્રધ્ધા અને સમર્પણથી પ્રાપ્ત થાય છે.

આત્મજ્ઞાની સદ્‌ગુરુ ગુલાબદાસ અને મુમુક્ષુ પીરોમાના ચિંતન મનનથી કેટલીક સિહરફીઓ પ્રગટ થઈ જે ગુરુલિપિમાં ઉપલબ્ધ થઈ છે. આ સિહરફીમાં જિજ્ઞાસુ ભાવને ખૂબ સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે. સંશય નિવૃત્તિ માટે શ્રી ગુરુદેવના મુખેથી રોચક વાક્, ભયાનક વાક્ અને યથાર્થ વાક્ રૂપ બ્રહ્મજ્ઞાનનું ખૂબ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. જેનું પઠન અને મનન કરવાથી આત્મજ્ઞાનનો પ્રકાશ ફેલાય છે જે હૃદયના અજ્ઞાનરૂપી તિમિરને ફેડી નાખે છે. સદ્‌ગુરુ ગુલાબદાસ કરુણાના સાગર છે. શરણમાં આવતા દીન દુઃખીઓને સાંસારિક કષ્ટોથી ઉપર ઉઠવાનો ઉપાય બતાવતાં કહે છે –

તે – તર્ક કરે વિષે નદિયા નૂ, પાછે આરફાં પ્રેમ લગાવસેં તૂં
વિષ જાન વિષે મન હટક લીજે, તાંહ નામ હયાત પલાવસેં તૂં
સોહં સોહં પુકાર દી નામ સદા, રોમ રોમ હીયે હર ગાવસેં તૂં
કહે દાસ ગુલાબ પિયાર કરસે, તભી નામ પિયાલા પાવસેં તૂં॥૩॥

હે પીરોદેવી! તું દેહમાં ઉઠતી વિષય ભોગની લહેરોથી તારા મનને દૂર હઠાવ. વિષયોમાંથી મન। હઠી જતાં આત્મજ્ઞાની સંતોમાં પ્રેમ લાગશે. નામ રૂપી અમૃતનું પાન કરવાથી અજર-અમર, અવિનાશીને જાણવાથી જન્મ-મરણનો સંશય દૂર થશે. તે નામ 'સોહં' છે. તેનો શ્વાસે શ્વાસે જપ થઈ રહ્યો છે અને રોમે રોમમાં તેની ઝંકૃતિ થઈ રહી છે.

નામનું રહસ્ય સદ્‌ગુરુના શ્રી મુખથી સાંભળીને પીરોજી ખૂબ પ્રસન્ન થયાં. તેઓ કહે છે –

સે – સુફલ હોયા અબ જન્મ મેરા, ગુરાં ભૂલડી રાહ બતાયોને.
કૂંજ વાંગમેં પઈ કુરલાવન્‌દી સી, તાંહ નામ હયાત પિલાયોને.
ચિત્ત ભટકદા સી દસોં ઓર મેરા, ચિત્ત દોડનો તાંહ હટાયોને.
પીરો બારમ્બાર કુરબાન ગુરાં, જિન્હોં હિયે આરામ બસાયોને ॥૪॥

મારા સદ્‌ગુરુએ પક્ષપાત રહિત મને સાચો રાહ બતાવ્યો. મારા દિલમાં શાંતિ થઈ, નહીં તો હું કુંજ પક્ષી જેમ ટોળાંથી વિખૂટું પડી જાય અને તરફડે તેમ તરફડતી હતી. મારું ચિત્ત ભ્રમો અને પાખંડોમાં ફસાઈને દસે દિશાઓમાં ભટકતું હતું. મારા સદ્‌ગુરુએ નામ રૂપી અમૃત પાઈને મારું આ ભટકવું, અથડાવું મિટાવી દીધું. જેણે મારા દિલમાં પરમાનંદ પ્રગટાવ્યો છે તેવા મારા સદ્‌ગુરુ ગુલાબદાસ પર હું વારંવાર વારી જાઉં છું.

પીરોજી મુસ્લિમ સમાજનો ત્યાગ કરી વર્ણ, આશ્રમ, દીન-

ઈમાન, મજહબ-પંથથી રહિત નિષ્પક્ષ સંત સમાજમાં આવ્યા હતાં. ગુલાબદાસજી પુનઃ તેમની પરીક્ષા કરતાં કહે છે –

દાલ –દુઈ ગુવાયં કે એકતા મોં, મંજલ તીસરી દા માત માનણાં સી.
દુઈ એકતા વિધી નિખેદ પરે, યહ તુરિયા હી દેશ પછાનણા.
સૂતે સૂરજ જિંવેં પ્રકાસયોઈ, તિવેં આપ સુતન્ત્ર જાણના સી.
કહે દાસ ગુલાબ હનેર, યે હી યે હી આપ જહાન દા ચાનણા સી ॥૯॥

હે પીરો! તું જીવ-ઈશ્વરની એકતારૂપ અદ્વૈતવાદનું પ્રતિપાદન કરે છે, તે તો મુસ્લિમોના દીન (ધર્મ)ની સરિયત, તરીકત, હકીકત અને મારિફત – આ ચાર મંજિલોમાંથી ત્રીજી મંજિલ હકીકતનું વર્ણન છે. કોઈ પુરુષ જગતના વ્યવહારને ત્યાગી મજહબમાં પ્રવેશે છે. ઈન્દ્રિયછેદન, પાંચ વખતની નમાજ, રોજા વગેરે કર્મ કરે છે જે આ નથી કરતાં તે કાફર છે. 'જિંદગી બે બંદગી, સરમીન્દગી સત.' સાહેબની બંદગી વિનાનું જીવન શરમિંદગી છે. આ પ્રથમ મંજિલ-અવસ્થા સરિયત છે. ખુદાની બંદગી કરીને અંતઃકરણ નિર્મળ થાય છે. સર્વ જગતના પદાર્થોનો ત્યાગ કરે છે અને કહે છે, આ દુનિયા મડદાલ છે. ઉસકા તલબગાર જો હૈ, સોઈ કુત્તા હૈ- 'આત દુનિયા જીફ્રાતુન વ તાલબ કલાબનુ'. આ પ્રત્યક્ષ જગતના નિષેધ કરવા પર હક (બ્રહ્મ)ની પ્રાપ્તિ થતી નથી તો તે હક માટે સંત કે જે પરમેશ્વર રૂપ છે તેના મુખેથી મહાવાક્યના ઉપદેશનું શ્રવણ કરે છે. મહાવાક્યમાં ખુદા અને બંદાની એકતા હોય છે. એ જ જીવ-ઈશ્વરની એકતા છે. જેમ વ્યષ્ટિ વૃક્ષ વ્યષ્ટિ વૃક્ષાકાશ છે અને સમષ્ટિ વન સમષ્ટિ વનાકાશ છે. વૃક્ષાકાશ અને વનાકાશનું વાસ્તવિક સ્વરૂપ એક મહાકાશ છે. એમ જ વ્યષ્ટિ અવિદ્યા પ્રતિ જીવ ચેતન છે અને સમષ્ટિ માયા પ્રતિ ઈશ્વર ચેતન છે. જીવ ઈશ્વરના વાસ્તવિક સ્વરૂપ એક ચિદાકાશ છે. ચિદાકાશ સર્વ ચેતનને કહે છે. જેમ બધાં આભૂષણો એક જ સુવર્ણના રૂપ છે. એમ જ સર્વ જીવો એક જ ઈશ્વરના વિવિધ રૂપો છે. હકીકત ત્રીજી મંજિલ છે. સર્વત્ર દસે દિશામાં એક પરમેશ્વરને જ જાણવો. જે જુએ છે તે પણ ખુદા છે અને જે દેખાય છે તે પણ ખુદા છે. હક (બ્રહ્મ) સિવાય કશું છે જ નહીં. સમગ્ર આલમ ખુદા રૂપ જાણે છે. પૂરી આલમને ખુદા રૂપ જાણવાથી સ્વયંના નિશ્ચય રૂપ નિશાન નથી. આ સમજ દ્વઈ અહં (આ સર્વ કંઈ હું જ છું) જાણવાથી થાય છે, જે તે જાણી નથી. તેને હકીકત કહે છે. આ વિદ્યા જ્ઞાન છે, સ્વરૂપ જ્ઞાન નથી. વિદ્યાજ્ઞાન વીજળી સમાન છે જ્યારે સ્વરૂપજ્ઞાન સૂર્ય સમાન છે. જેમ વીજળી વાદળના આશ્રયે છે, તે સ્વતંત્ર નથી. તે તો પરતંત્ર છે. તે જ રીતે વિદ્યાજ્ઞાન અંતઃકરણના આશ્રયે છે, તે પરતંત્ર છે અને આથી સ્વતંત્ર નથી. જ્યારે સ્વરૂપજ્ઞાન અંતઃકરણના આશ્રયે નથી માટે તે સ્વતંત્ર છે. આ વિદ્યાજ્ઞાન રૂપ ત્રીજી મંજિલ હકીકતમાં દ્વૈત, અદ્વૈત, વિધિનિષેધ અને જીવ-ઈશ્વરની કલ્પના છે. આ બધી કલ્પનાઓથી પર ચોથી મંજિલ જેને મારિફ્રત (તુરિયા) કહે છે. જ્યાં બંદા પણ, ખુદા પણ (જીવ પણ, ઈશ્વર પણ) બંને સ્વયંને જાણે છે. ઊંચ-નીચ, સૂક્ષ્મ-સ્થૂલ, સર્વ પોતાનું જ સ્વરૂપ છે. આથી પૂરી આલમ દઈ અહં બ્રહ્મ અસ્મિ (અનલહક) સ્વયંને જાણી, દેહની વૃત્તિઓને નિર્મૂળ કરી સ્વયંમાં મસ્ત રહે છે.

ગુરુવાણી સાંભળી પીરોજી કહે છે –

જાલ – જાહરાં ખાબ ખયાલ જિંવેં, તિંવેં જાગ્રત આપ પ્રકાશિયા સી.
યહી એક અનેક ખયાલ મેરા, હર તરાં હો આપહુલાસિયા સી.
એક તુખમ બરોટડા જાન જિવેં, તિંવેં સર્વ નિરન્ત્ર ભાસયા સી.
પીરો મીહરી પ્યારિયાં સતગુરાં દી, પાય સોહં પ્રકાશિયા સી॥૧૦॥

જેમ સ્વપ્નની સર્વ સૃષ્ટિ સ્વપ્નદ્રષ્ટા હોય છે તેમ આ પ્રત્યક્ષ સર્વ નજારો એક પરમેશ્વર રૂપ જ છે. પરમેશ્વરથી જરા પણ ભિન્ન નથી. આ એક જ અનેક છે અને અનેક જ એક રૂપે સ્થિત છે. જેમ બીજ જ વૃક્ષરૂપ છે. બીજ અને વૃક્ષ એક નિરંતર સ્વરૂપ છે. ભિન્ન સત્તા છે જ નહીં. આ પ્રમાણે પીરોજી કહે છે કે આપની કૃપાથી મને સોહં પ્રકાશ પ્રાપ્ત થયો છે.

આગળ ઉપર પણ તેઓ કહે છે કે આપની કૃપાથી મને હિંદુ-મુસલમાનમાં કોઈ ભેદ નજર આવતો નથી. જેમ વાદળ અનેક બુંદ થઈ જાય છે અને અનેક બુંદ એક વાદળ જ છે અને વાદળ-બુંદનું મૂળ સ્વરૂપ એક જળ છે, તેમ જ એક ઈશ્વર જ અનેક જીવ છે અને અનેક જીવ જ એક ઈશ્વર છે. જીવ અને ઈશ્વરનું મૂળ સ્વરૂપ એક ચિદાકાશ ચેતન છે, શુધ્ધ બ્રહ્મ છે.

ફે – ફિકર ન રહ્યો વિચારને દા, ત્રિકાલ યહી હર હોયા સી.
જહાં ખાબકી તરાં પછાન લિતા, ચિત્ત ધાવણે તાહ ખહોયા સી.
ધર ટંગે ટંગ નિસંગ સોય, જિન્હોં ભ્રમ દ્વૈત દા ખોયા સી.
હર કલ્પના યહીગુલાબદાસા, આપે આપકો આપ જણોયા સી॥૨૨॥

શ્રુતિનું પ્રમાણ છે કે યઃ અકામઃ નિષ્કામઃ આપ્તકામઃ પૂર્ણકામઃ તસ્ય પ્રાણઃ ન ઉત્ક્રમન્તિ બ્રહ્મૈવ સન બ્રહ્માપ્નોતિ। અર્થાત્ જે અકામ છે, નિષ્કામ છે, પૂર્ણકામ છે, આપ્તકામ છે તેના પ્રાણ તેને કોઈ દિવ્ય લોકમાં નથી લઈ જતા. પરંતુ તે અહીં જ બ્રહ્મરૂપ થઈને બ્રહ્મમાં સ્થિત થઈ જાય છે. આ શ્રુતિ સિધ્ધાંત અનુસાર ગુલાબદાસજી પૂર્ણરૂપથી આત્મ તૃપ્ત અવસ્થાનું વર્ણન કરતાં કહે છે કે જે જાણવાનું હતું તે જાણી લીધું હવે જાણવાનું કશું બાકી રહેતું નથી.

જેમ સ્વપ્નનું સંપૂર્ણ દશ્ય સ્વપ્નકાર સ્વયં હોય છે, તેમ જ જાગ્રતનું સંપૂર્ણ દશ્ય આત્મસ્વરૂપ હોય છે. દ્રષ્ટા, દશ્ય અભેદરૂપ થઈ જાય છે. આશ્ચર્ય તો એ છે કે બ્રહ્મને/હરિને શોધતાં હતાં અને પોતાને જ મળ્યાં. 'લાલી ઢૂંઢન મૈં ચલી, મૈં હી હો ગઈ લાલ.'

આમ, સ્વયં સચ્ચિદાનંદ શુધ્ધ આત્મ સ્વરૂપને જાણીને નિર્વિકલ્પ થઈ ગયા.

ગાફ – ગગન સમાન સરૂપ તેરા, ઘટ ફૂટે અકાશકા ફૂટિયા કી.
નાહ બન્ધ તે મોક્ષ સરૂપ તેરે, ક્યા કૈદ અકાશકા છુટિયા કી.
નાહ સંગ અસંગ સરૂપ તેરે, ક્યા ભિન્ન અકાશકા ઝૂટિયા કી.
નાહ મારયા મરે ગુલાબદાસ, તલી માર અકાશકા સુટિયા કી॥૨૩॥

સદ્‌ગુરુ ગુલાબદાસ પુનઃ પુનઃ આત્મજ્ઞાન દ્વારા આત્માનંદ રસનો આસ્વાદ કરાવતા કહે છે કે, હે પીરો! તારું આત્મ સ્વરૂપ આકાશ સમાન છે. જેમ આકાશ ઘડાની સાથે પેદા નથી થતું અને ઘડાની અંદર બંધાયેલું નથી રહેતું અને ઘડો ફૂટતાં તે ફૂટતું નથી તેમ જ તારું આત્મ સ્વરૂપ દેહ સાથે જન્મતું નથી અને દેહની અંદર બંધાયમાન પણ નથી. દેહ મરતાં આત્મા મરતો નથી. વાસ્તવમાં બંધ કે મોક્ષ નથી પરંતુ એક નિરંતર છે. જેમ આકાશ ઘડાથી ભિન્ન કે અભિન્ન નથી તેમ જ તારું આત્મ સ્વરૂપ ન સંગ છે કે ન અસંગ. આકાશમાં તલવાર આદિ શસ્ત્રો ચલાવવાથી આકાશ ખંડિત થતું નથી તેમ જ આત્મા અખંડ, અવિચલિત, અજર-અમર, અવિનાશીછે.

**માતા પીરોની સિહરફી –**

બે – બન કોઠાઈયા કાજીયાને, સદા આપદી પાએ ભૂલાએ મેનૂં.
કહે કલમા પઢો મુસ્લમાન હોસી, હેસાં પાક પલિત બનાઈ મેનૂં.
કરે મસલે ખોલ કુરાન આગે, કહે મજબ અસાઈડે આએ મેનૂં.
પીરો કહે લિજે ઈના ગન્દીયા તે, કદમી આપદીગુરુ લગાઈ મેનૂં.

પીરોમા કહે છે કે મને કાજીઓએ મજહબની કેદમાં નાખીને કહ્યું કે કલમા પઢવાથી મોમીન પાક (પવિત્ર) થાય છે. કેટલીય વાર મને કુરાનનું પ્રમાણ બતાવ્યું જેથી હું મજહબના નિયમોમાં બંધ થઈ જાઉં. ધન્ય છે સદ્‌ગુરુ ગુલાબદાસને જેમણે મને તેમના શરણમાં લીધી અને મજહબ ફિરકાપરસ્તોથી આઝાદ કરી. આથી જ મા પીરો કહે છે કે આપ જેવા અન્ય કોઈ પીર-ફકીર જોયા નથી. મારું પ્રત્યેક કદમ આપના પવિત્ર દર્શન કરવા જ ઊઠે. હવે આપના દર્શન સિવાય અન્ય કશાની ઇચ્છા નથી.

ખે – ખાસ ના અબર પદાર્થા દી, દર્શણે આપદે દી ગુરુ ખાસ મેનૂં.
નહીં દેખીયા પીર ફકીર કોઈ, હક આપદે ચરણ દી આસ મેનૂં.
મકર કિઆહ હોવે નહીં જાનસા મેં, ખુશી આપકા દેખ પ્રકાશ મેનૂં.
પીરો ટહલન ટહલ દા ચાવ ગુરુ, ટહલ વકસીયે ચરણ દી દાસ મેનૂં.

પીરો મા તેમની અન્ય એક સિહરફીમાં પણ દર્શનની પ્યાસને ગાય છે એટલું નહીં તેમના સદ્‌ગુરુના દર્શન કરવા તેમની સહેલીઓને પણ આમંત્રણ પાઠવે છે.

દાસ – દેસો સહેલિયો મેરીઓની, કોઈ રાહ પ્યારે દા પાવન દા.
સંઈયો દર્શણ કાજ પ્યારે દે, સાડા નેહ ફલ જાગે તે આવને દા.
મોલી મહેન્દીયા લાએ સુહાગ બાંઝૂ, દિરગ હાર સિંગાર બનાવને દા.
પીરો કહે સહેલિયોં મેરીઓ ની, એ હી જન્મ પ્યારે દે પાને દા.

પીરો કહે છે, સહેલીઓ આવો! પ્યારા ઇષ્ટની રાહ નિહારો. તેમના દર્શન વિના જગતમાં આવવાનું બેકાર છે. માથે મહેંદી લગાવવાથી સુહાગ કાયમ નથી રહેતો. પ્યારા સદ્‌ગુરુના દર્શનથી સદા સુહાગણ રહેશો. જેણે ગુરુદેવને મેળવ્યા છે તેનો જન્મ જ સફળ છે. તેમના નામનો શણગાર જ પવિત્ર છે.

તેમના ગુરુદેવ એટલે મહાન છે કે તેઓ ભેદભાવથી મુક્ત છે. આથી તેઓ નિષ્કલંક છે.

જે – જેતડે પીર ફકીર દેખે, દેખા હિન્દૂ તે મુસ્લમાન સંઈયો.
અવર દેખીયા વરણ આશ્રમ સારે, સભી દેખીયો વેદ-કુરાન સંઈયો.
આપો આપને દાગ લગાઈ બૈઠે, સભીબાંધીયો ધર્મ ઈમાન સંઈયો.
ગુરુદાસ ગુલાબ અદાગ પીરો, અવર દાગલ સર્વ જહાન સંઈયો.

પીરો મા કહે છે કે મેં ઘણાય પીર ફકીર, હિન્દુ, મુસલમાન અને વર્ણાશ્રમોને તથા તેમના જ્ઞાતાઓને નજીકથી જોયા છે. બધા પોતાનો મજહબ સારો અને બીજાનો વખોડે છે. આમાં પક્ષપાત છે. સહુ પોતાની તરફ ખેંચે છે. કેવળ સદ્‌ગુરુ ગુલાબદાસ જ બેદાગ છે. તેઓ ચારેય વર્ણોનો સમન્વય કરી, નિષ્પક્ષ જ્ઞાન આપે છે.

યે – યાર મહબૂબ પરતખ સંઈયો, હર તરહ હો આપ દસાવન્દાઈ.

કિતે કરે અદાલતા તકત બૈઠા, કિતે ચિડીઆ તો બાજ તુદાવન્દાઈ.

કિતે હોવસી આજત બન્દગી ઓ, કિતે આપ ખુદાએ કહાવન્દાઈ.

ઈદમ હંગ નિસગ પછાન પીરો, તેરા ખ્વાબ ખયાલ જનાવન્દાઈ.

પીરોમા કહે છે કે, આત્મજ્ઞાન થવાથી હર તરફ યાર, મહેબૂબના દિદાર થશે. ક્યાંક ખુદ બંદગી કરે છે અને સ્વયં અનલહકની બલંદ સ્વરે હાંક લગાવે છે. એક માત્ર નિઃસંગ બ્રહ્મનું જ પીરો ચિંતન કરે છે.

દોહરા – સતગુરુ દાસ ગુલાબકી, કૃપા પીરો પાયે ।
રચી સિહરફી મેહર તે, તિનકી ખુશી રજાયે॥

પૈંતી પહેલી –

પીરોમાએ સિહરફીની માફક પૈંતીમાં તેમના અધ્યાત્મ ચિંતનને પ્રસ્તુત કર્યું છે. તેમાં તેમણે પિંડે તે બ્રહ્માંડેની વાત કરી છે. જગત નશ્વર હોવાથી જગદીશના નામ સ્મરણ પર ભાર મૂક્યો છે. હૃદયની અંદર જ ઓહં - સોહંનો ધ્વનિ થઈ રહ્યો છે. જો બહાર ભટકતી વૃત્તિઓને અંદરની તરફ વાળવામાં આવે તો ઓમકારનો નાદ સંભળાય છે અને તે રોમે રોમને ઝંકૃત કરી દે છે. જેમ એક જ આકાશના ઘટાકાશ, મઠાકાશ વિવિધ વિકોરો છે, જેમ વસ્ત્ર અનેક સૂત્રોનું બનેલું છે તેમ આ જગતમાં એક જ બ્રહ્મનું વૈવિધ્ય જોવા મળે છે. વિવિધ સુવર્ણાલંકારોમાં અંતે તો હેમનું હેમ છે. પીરોમાંએ આ તત્વજ્ઞાન વિવિધ દૃષ્ટાંતો દ્વારા રસપ્રદ રીતે પીરસ્યું છે.

આવો, આપણે તેમની જ બાનીમાં માણીએ –

ઊડા – ઓઉં ઓઉં કર મન મેરે.
ઓહં સોહં અંતર તેરે.
ઔર સર્વ તેં રહો ઉદાસા.
સિમરો ઉસ ન હોવત નાશા ॥૧॥

હે મારામન! તું નિત્ય ઓરૂમ ઓરૂમનું સ્મરણ કર. તારી અંદર ઓહં સોહંનો મધુર ધ્વનિ સમાયેલો છે. આથી નશ્વર જગતથી ઉદાસીન થઈ તે એક અજર-અમર, અવિનાશી પરમેશ્વરનું સ્મરણ કર.

જજા – જીવ પ્રકાસિયો પણ્ડિ જ્યૂં, ત્યું ઈશર બ્રહ્માંડ.
પિણ્ડ ઔર બ્રહ્મણ્ડ મોં, ઈશર એક અખંડ ॥૪ ॥

જેમ પિંડ રૂપ જીવ છે તેમ બ્રહ્માંડરૂપ ઈશ્વર છે જેમ પિંડ બ્રહ્માંડ એક નિરંતર છે તેમ જ જીવ, ઈશ્વર એક અખંડ પરમેશ્વર રૂપ છે.

નના – નામ રૂપકા આસરા, તુઝ બિન અવર ન કોય.
ઘટ પટ હરકો આસરા, સૂત મૃત જ્યૂં હોય ॥૧૦॥

આ નામરૂપમય સંપૂર્ણ જગતનો આધાર તારા વિના બીજું કોઈ નથી. જેમ ઘડાનો આધાર માટી છે અને પટનો આધાર વસ્ત્ર છે.

હહા – હરદમ હિરદે સિમર હૈ, મુખેં કહે કી હોય.
ભીતર મનકી, બિરતકો, ઘેર લગાવે સોય.

જેનું હૃદયમાં સતત સ્મરણ થઈ રહ્યું છે, તેને મુખેથી પોકારવાની જરૂર નથી. એમાં તો માત્ર મનની વૃત્તિને બહારથી રોકીને અંદર લગાવવાની જરૂર છે.

ગગા – ગગન વિકારનિરંતર જૈસે.
તામ્બે માંહ નિરંતર પૈસે.
તતં વિકાર નિરંતર સોઈ.
નામ રૂપ ત્યોં ઈશ લખોઈ ॥૧૫॥

જેમ ઘટાકાશ, મઠાકાશ, જલાકાશ, મેઘાકાશ વગેરે આકાશના વિકાર આકાશરૂપ છે. જેમ તાંબાના વિકાર પૈસા અને વાસણ છે. એ બધું એક તામ્ર રૂપ છે. જેમ સૂત્ર (સુતર)ના વિકાર સર્વ વસ્ત્ર એક નિરંતર સૂત્રરૂપ છે, એમ જ આ નામરૂપમય સંપૂર્ણ જગત એક નિરંતર ઈશ્વરરૂપ છે.

ઘઘા – ઘટ ઘટ આપ પિયારા રે.
હૈ પછ બાદ તેં નિયારા રે.
જ્યૂં મુખ એક પ્રકાશે હૈ.
લઘુ દીર્ઘ હોય કરભાસે હૈ ॥૧૭॥

પ્યારા પરમેશ્વર સર્વ હૃદયમાં બિરાજમાન છે. તે પક્ષપાત રહિત સર્વના સાક્ષી છે. જેમ દર્પણમાં મુખનું પ્રતિબિંબ મોટું દેખાય છે અને તે જ મુખનું પ્રતિબિંબ આંખમાં નાનું દેખાય છે. એક જ મુખ મોટી-નાની ઉપાધિથી મોટું-નાનું દેખાય છે.

મમા – મુખ જ્યૂં ચેતન હૈ, લઘુ દીર્ઘ ન કોય.
લઘુ અવરણ ઉપાય તે, દીર્ઘ આત્મ હોય ॥૧૮॥

એક જ ચેતન માયા ઉપાધિમાં સર્વજ્ઞ ઈશ્વર ભાસે છે અને તે જ ચેતન અવિદ્યા ઉપાધિમાં અલ્પજ્ઞ જીવ ભાસે છે. વાસ્તવમાં ચેતન ન સર્વજ્ઞ ઈશ્વર છે અને ન અલ્પજ્ઞ જીવ છે. આ તો અલ્પજ્ઞ, સર્વજ્ઞ, લઘુ, દીર્ઘમાં રહિત એક નિરંતર શુધ્ધ ચેતન છે.

ઝઝા – ઝણ ઝણ સખે હારા રે.
બહ રહ્યો અગણત પિયારા રે.
જહં એક અનેક લખાયો રે.
તહં સર્વ નિરંતર પાયો રે ॥૧૯॥

પરમેશ્વર તો એક, બે, ત્રણ આદિ સંખ્યાઓથી રહિત છે. તેમાં સંખ્યાની કલ્પના નથી. જેણે એક અનેકને સમાન પેખ્યા છે, તેણે નિરંતર પરમેશ્વરને પામ્યા છે.

મમા- મરકટકે સમ ઉપે તાણા.
નગન ફિરે જ્યોં બન મિરગાના.
નૈન મૂન્દ કર લોક દિખાય
હોતે નૈની અંધ કહાય ॥૫૯॥

જે મનુષ્ય વૃક્ષ પર ચઢી સાધના કરે છે, તેને વાનર સમાન જાણવો. જે નેત્ર બંધ કરી લોકો મક્ષ દેખાડો કરવા ધ્યાન કરે છે. તેને છતી આંખે અંધ સમજવો.

અહીં આપણને સહેજે ય કબીરનું સ્મરણ થાય – 'આંખ ન મૂંદો, કાન ન રૂંધો'.

બબા – બડા અચરજ તમાસા રે.

તિર લજા કહે ખલાસા રે.

યહ બરણ અસરમાં ફાંસા રે.

મુખ તેં મૂરખ ખિર ખિર હાંસા રે ॥૬૬॥

આશ્ચર્યની વાત છે કે મૂર્ખ પોતાને ત્રિલાજના બંધન રહિત માને છે. પરંતુ વર્ણાશ્રમના બંધનમાં પડ્યો છે, છતાં પણ તે મૂર્ખ વ્યર્થ હસે છે.

દોહરા – સિંઘ જિંવેંપડ પીંજરે, ઊંચે બૌલ સુણૈન.

દાસ ગુલાબ ખલાસિયાં, બંધે રીસ કરેન ॥૬૭॥

જેમ પિંજરામાં બંધ સિંહ ઊંચા અવાજે ગર્જના કરે છે તેમ આ વર્ણ, આ આશ્રમ અને ત્રણ લાજના બંધનમાં પડેલો પુરુષ નિર્બંધ પુરુષોની નકલ કરે છે.

**કાફિયા –**

જેમ કસ્તુરી મૃગ તેની નાભિમાં જ કસ્તુરી હોવા છતાં જંગલોમાં ભટક્યા કરે છે તેમ જીવ પણ પરમાત્મા તેની હૃદયગુહામાં હોવા છતાં પણ ધર્મોના જંગલોમાં ઘુમ્યા કરે છે. પીરોમાને પરવરદિગારની ભાળ મળી ગઈ છે એટલે તેના બાહ્ય ક્રિયાકાંડ છૂટી ગયા છે. તેને નામનો એવો તો નશો ચડી ગયો છે કે તે દીવાની, મસ્તાની બની ગઈ છે. મીરાંબાઈની માફક તે તેના પ્રીતમ કાજ જોગણ બની ગઈ છે અને પ્રિયતમ પ્રભુનું મિલન થતાં તેને જળમાં, સ્થળમાં સર્વત્ર પેલા નરસૈંયાની જેમ અખિલ બ્રહ્માંડમાં એક શ્રી હરિના જ દર્શન થાય છે. તેની આ અનુભૂતિ કાફિયામાં ઢાળે છે –

પીરો ઢૂંડા જંગલામેં ફિરા ચૂપીતી.

ઘર વિચ સોઈ વસદા મૈં ખબર ન લીતી.

સોહં નામ પુકારદા ક્યૂં મૈં તે નસાં.

ગૂંગા ગુડકો ખાઈ જ્યૂં મૈં મન વિચ હંસા ॥૭॥

પીરોમા કહે છે કે હું ચૂપચાપ પરમાત્માને શોધતી ફરતી હતી, પરંતુ મારા પરમાત્મા તો મારા દિલમાં જ નિવાસ કરે છે. મેં જ તેની સુધ લીધી નહોતી. 'સોહં સોહં' (તે હું છું, તે હું છું)નો શ્વાસે શ્વાસે પોકાર થઈ રહ્યો છે. તેને છોડીને હું બીજે ક્યાંય શા માટે જાઉં? જેમ મૂંગો ગોળ ખાઈને મનમાં ને મનમાં જ રાજી થાય તેમ હું પણ ખુદ ખુદાને પામીને મનમાં જ હસી રહી છું.

પીરો અમલ સચ દે મૈં થીવી કિતી.

નામ સુરાહી અમલકી મૈં ભરકર પીતી.

નિવાજાં રોજે છૂટ ગએ મસ્તાની હોઈ,

સોહં આપે જાન કે મૈં આપે જોઈ ॥૮॥

પીરોમા કહે છે કે મેં સતનામના અમલને પ્રાપ્ત કર્યું છે. મેં સતનામના અમલની સુરાહી ભરીને પીધી છે. મને નામનો નશો ચઢી ગયો છે. હું મસ્તાની થઈ ગઈ છું અને રોજા, નમાજ વગેરે છૂટી ગયું છે.

જેવા મેં સોહંને મારામાં જાણ્યા, તેવી જ હું ખુદ ખુદા થઈ ગઈ છું.

પીરો કહે સહેલિયોં મૈં સહુંથે ચલી.

ભૂખ નંગ કબૂલ કે દરવેંસી રલી.

દર્શન કરને વાસ્તે મૈં જોગણ હોઈ.

જિસ તે સંઈયોં બીછડે બર પાયા સોઈ ॥૧૧॥

હે પ્યારી સહેલીઓ! હું મારા પિયાના ઘરે જઈ રહી છું. મારા પિયા દરવેશ છે. ભૂખ, વસ્ત્રો (નગ્નતા)ની પરવા ન કરીને હું દરવેશોમાં ભળી ગઈ છું. હું પરમેશ્વરના દર્શન વાસ્તે જોગણ થઈ ગઈ છું. હે સહેલીઓ! જે પિયાથી હું વિખૂટી પડી ગઈ હતી, તે પતિ પરમેશ્વર મને મળી ગયા છે.

પીરો ખુદ ખુદાય કી હૌં તાલબ હોઈ.

ના ડિઠા મુસલમાન કો ના હિંદુ કોઈ.

પીર ફકીરે ઔલિયા સબ હદીં ફાંસી.

દાસ ગુલાબ બિહદ હૈ મૈં તિસકી દાસી ॥૩૦॥

પીરોમા કહે છે કે હું ખુદ ખુદાની જાણકાર થઈ ગઈ છું. મારી નજરમાં ન કોઈ મુસલમાન છે ન કોઈ હિંદુ છે. પીર, ફકીર, ઔલિયા, પોત પોતાના દીન-ઈમાન, મજહબનીહદમાં ફસાઈ ગયા છે. સદ્‌ગુરુ ગુલાબદાસ બધી હદોથી પર બેહદ છે.

પીરો કહે પુકારકે સબ હદ્દાં વાલે.

દેખ ખલાસે જલ જાંવેં સાલે.

કૂડે મજબ બણૌત કે કપ કૂડે દાવે.

લિંગ મૂછકો કાટકે ફિર તુર્ક કહાવે.

હિંદૂ બણે બણૈત કે ધર જનૂં ચોટી.

બણે બણૌત ન નારિયાં ગલ દોનોં ખોટી ॥૪૪॥

પીરોમા પોકારીને કહે છે કે આ મુસલમાનો બધા દીન-ઈમાનની હદમાં છે. તેઓ બંધનવિહીન પુરુષોને જોઈને જલે છે અને જૂઠા, બનાવટી મજહબનો મિથ્યા દાવો કરે છે. લિંગ અને મૂછ કપાવીને મુસલમાન કહેવડાવે છે. હિંદુઓ પણ જનોઈ અને શિખા બાંધીને ધર્મના દેખાડામાં બંધાયેલા છે. પણ બંને ધર્મની સ્ત્રીઓ આ બનાવટી ચિહ્નોથી રહિત છે. આથી બંનેની વાત ખોટી છે.

તુર્ક હિંદ દુઈ બૈલસે પીઠ બોરી ઈને.

કૈ વલ જાસેં બાવરે હોએ પરા અધીન.

રોકે રહત ન બેનવાં ઈન પચ્છો માંહી.

તુર્ક હિંદકે બાદ મો વહ પરતેં નાહીં.

કાંહૂં ભેખ ન પંથ મો ગુરુ બેપરવાહે.

પીરો તાંકી દાસ હૈ જો એસે આહે ॥૫૩॥

તુર્ક અને હિંદુ બંને બળદ સમાન છે, જેમની પીઠપર દીન-ધર્મની બોરીનો બોજ રાખ્યો છે. તેઓ પરાધીન થઈને પાગલોની જેમ ક્યાં જઈ રહ્યા છે, તેની તેમને ય ખબર નથી. જ્ઞાનવાન સંતો આવા પક્ષોમાં બાંધી નથી રાખતા. તેઓ ન તો વિવાદમાં પડે છે કે ન વેશ ધરે છે. મારા સદ્‌ગુરુ આ બધાથી બેપરવા છે.

આથી જ પીરોમા પોતાને સંત ગુલાબદાસની દાસી કહેડાવવામાં ગૌરવ અનુભવે છે. સદ્‌ગુરુની કૃપાથી દર્શન થતાં પોતે ન્યાલ થઈ ગઈ હોવાનું 'બારમાસા'માં કહે છે.

પ્રાયઃ કુશળ કવિઓ બાર મહીનાના નામને લઈને પ્રત્યેક માસ પર છંદ રચીને 'બારમાસા' નામથી પોતાનો પ્રેમ કે ભક્તિભાવ પ્રગટ કરે છે. આપરંપરામાં પીરોમાએ 'બારહમાહ' નામે એક લઘુગ્રંથની રચના કરી છે. જેમાં ચૈત્રથી લઈ ફાગણ સુધીના મહીનાઓનું કરેલું વર્ણન તેમની સદ્‌ગુરુના દર્શનની તીવ્ર અભિલાષાને વ્યક્ત કરે છે. અંતમાં ફાગણ આવતાં તેઓ કહે છે –

ફાગન ફકરો કર દીદાર, લગી કચહડી ગુરુ

દુલો દાસ ગુલાબ મઝાહાર, ચન્દ ચાકેરે જ્યોં પરિવાર.

પીરો દર્શન કરને હાર, ચોકરે સદ્‌ગુરુ ॥૧૨॥

ફાગણમાં સાચા ફકીરના દર્શન થયા છે. મારા સદ્‌ગુરુના દરબારમાં બધા ફકીરોની સભા ભરાઈ છે. આ સભાની મધ્યમાં જેમ તારાગણ વચ્ચે ચંદ્રમા શોભે તેમ તેઓ શોભી રહ્યા છે. દાસી પીરો સદ્‌ગુરુના ચારે કોર, સર્વત્ર દર્શન કરીને ન્યાલ થઈ ગઈ છે.

પીરોમાએ પોતાના રાગ સાગર ગ્રંથમાં વિવિધ રાગોની હોળીને પણ ખેલાવી છે.

તે જ રીતે વિવિધ રાગોમાં શબ્દને પણ આલેખ્યો છે.

પીરોમાનું જીવન અનેક ચડાવ-ઉતારથી ભરપૂર છે. સંઘર્ષો અને વ્યથાઓની ગાથા સમું છે.

પોતાના સદ્‌ગુરુ પ્રત્યેની અપાર આસ્થાના બળે તેમણે તેમના લક્ષ્યને પાર પાડ્યું હતું. તેઓ ઈસ્લામ કે હિંદુ ધર્મના બંધનમાં બંધાયા વિના આજીવન સદ્‌ગુરુને સમર્પિત રહ્યાં. શ્રધ્ધા, ભક્તિ, જીવ-ઈશ્વરનું ઐક્ય, તત્વજ્ઞાન, દર્શનની અભિલાષા વગેરે તેમને જ્ઞાની ભક્તની કોટિમાં મૂકી આપે છે. તેમના કવન-સિહરફી, પૈંતી, કાફિયા ઈત્યાદિમાં અદ્વૈતવાદ, ગીતા, જૈન દર્શન તો કબીર, મીરાં, નરસિંહના જ્ઞાન અને ભક્તિને પ્રમાણી શકાય છે. અદ્યાપિ અંધારામાં રહેલ પંજાબના આ સંત કવયિત્રી પીરોમાને અન્યાય થયો છે. પરંતુ તેઓ તો ન્યાય, અન્યાય, હદ, બેહદથી ઉપર ઉઠેલા છે.

છતાં પણ અત્રે તેમને ઉજાગર કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

---

**પાદટીપ :**

૧. પંજાબ કા ઇતિહાસ, લે. શ્રી કૃપાલસિંહ નારંગ, ડૉ. હરિરામ ગુપ્તા, પૃ. ૩૭૧
૨. પંજાબી દી પહલી સ્ત્રી કવિ પીરો, લે. દેવિંદરસિંહ 'વિદ્યાર્થી', પૃ. ૪
૩. મુનશી મૌલા બક્ષનો મત
૪. શ્રી અવતારસિંહ 'આઝાદ'નો મત
૫. હાફિઝ મહમૂદ શીરાનીનો મત
૬. પીરોમા રચિત રાગ સાગર ગ્રંથની વાણી, ૨૨
૭. મરદાને ખુદા, ખુદા ન બાસદ
   વ લેકિન અજ ખુદા, જુદા ન બાસદ, ગુલાબવાણી, પૃ. ૩૩૧
૮. શ્લોકાર્ધેન પ્રવક્ષ્યામિ યદુક્તં ગ્રંથ કોટિભિઃ
   બ્રહ્મ સત્યં જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ ના પરઃ॥ વિવેક ચૂડામણિ
૯. શ્રીમદ્ ભગવદ્‌ગીતા (૫, ૨૮)
૧૦. જીવ ઈશકા ભેદ ન એસે જૈસે નીર તરંગે ।
   ઉત્પત્તિ પર લો હોત તા મેં મધ નીરકે અંગે ॥ ગુલાબદાસ રચિત, મનોહર ગ્રંથ, ૬૦
૧૧. ઈક સમાવંદા હૈ, ઢૂંઢ દેખ જહાન દી કૌર નિત્થે કખના ॥
   નજરીં આંવદા હૈ ॥ સૂફી સંત બુલ્લેશાહ
૧૨. એયત્તણિચ્છય ગઓ સમઓ સબા ॥
   સવ્વત્થ લેએ ॥ કુંદકુંદ મુનિ
૧૩. જિસ દેહકા ભુગે હૈ, સુંદર વસ્ત્ર ચંદન લૈ હૈ ।
   યહ ઈક દિન અગ્નિ જારા રે, તુમ કિસ પર પાંવ પસારા રે ॥ ગુલાબચમન, પૃ. ૧૨૪
૧૪. શ્રી ખાનપતિ પુરાણ, હસ્તલિખિત, લે. હીરાસિંહ, પૃ. ૧૧૩
૧૫. દોહરે કિશનસિંહ, દોહરાના, લે. કિશનસિંહ 'આરિફ'
૧૬. હરફ ફારસી, હસ્તલિખિત, ગુરુ નાનકદેવ વિશ્વ વિદ્યાલય, ગ્રંથ ૮૫૨, બંદ, ૩૦૧.
૧૭. તૌર મહબૂબ દી દેખણેં નૂં પૂછાં સખી સાહેલિયાં જાયકે મૈં ॥
   કી ખટણા વટણા જગ કોલોં ડિઠા સુખ ન જગતેં આયકે મૈં ॥ પીરોમા સિહરફી, ૩
૧૮. અનિર્વચનીય પ્રેમ સ્વરૂપમ્, મકાખાદનવત્ નારદ ભક્તિ સૂત્ર,૫-૫૨
૧૯. સા તુ કર્મ જ્ઞાન યોગેભ્યોઽપ્યધિકતરા, ફલત્વાત્, નારદ ભક્તિસૂત્ર, ૨૫, ૨૬
૨૦. તે તર્ક કરે વિષે નદિયા નૂં, પાછે આરફાં પ્રેમ લગાવસે તૂં॥
   વિષ જાણ વિષે મન હટક લીજે, તાંહ નામ હયાત પલાવસેં તૂં॥
   સિંહરફી, સાંઝી, ૩.

✦ ✦ ✦

સંપર્ક : ૯૪૨૯૧૩૯૧૪૫.

# તિરૂક્કુરળ ચિંતનિકા-૨

**પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ.સા. (બેન મ.સા.)**

## દુર્ગુણથી દૂર રહેવું, તે જ ધર્મ

**ईर्ष्यापूर्ण विचारास्तु,**
**सततं दु:खदायिन: ।**
**मनसा ताञ्जहीहि त्वं,**
**तदभावे हि धर्मिता ।।**
(परिच्छेद: १७, गाथा - १)

**પ્રા**તઃકાળનો સમય હતો. ઉષારાણીના આગમનની છડી પોકારાઈ રહી હતી. પંખીઓના ટહુકા અને કલરવથી દિશા ગુંજી રહી હતી. દેવમંદિરના ઘંટારવ વાતાવરણને પવિત્ર કરી રહ્યા હતા. માનવજગત નિદ્રાનો ત્યાગ કરી જાગ્રત બની રહ્યું હતું. પવિત્રતાની સુરભિ પ્રસરી રહી હતી. એક વ્યક્તિનું મુખ પ્રસન્નતાના પમરાટથી શોભી રહ્યું હતું. બીજી એક વ્યક્તિ પણ નિદ્રામાંથી ઉઠે છે. પરંતુ તેનું મુખ અપ્રસન્ન હતું. સુપ્રભાત કાળમાં પણ તેનું હાસ્ય વિલીન થઈ ગયું હતું. એવું લાગતું હતું કે હમણાં કોઈક અપમંગલની આગાહી કરશે. પોતે દુઃખી થશે અને બીજાને દુઃખી કરશે. કદાચ અપમંગલની ઉદ્‌ઘોષણા કરશે.

એક વિચારક અને ચિંતક મહાશય તે બંને વ્યક્તિના મુખના અહોભાવને વાંચી રહ્યા છે. આમ કેમ થાય? એકને ઉઠતાં જ સુખનો સાગર મળી ગયો અને બીજાને શું થયું? દુઃખના સાગરમાં ડૂબી ગયો. બાહ્ય વાતાવરણ બંને માટે સામાન્ય છે. પણ બંનેનું અભ્યંતર વાતાવરણ જરૂર જુદું છે. વિશ્વનું સઘળું ય સુખ માનવ પાસે છે. મારી પાસે તો સુખનો પડછાયો ય નથી. સુખ તો દૂર રહ્યું. અરે! સુખ નામનો શબ્દ ય નથી. વિશ્વમાં સમસ્ત સુખ, સમૃદ્ધિ, આનંદ, કિલ્લોલ ઉછળી રહ્યા છે. મારી પાસે કંઈ જ નથી. મારો ભાઈ સુખી, મારી બેન સુખી, મારા સ્વજનો સુખી, મારા મિત્ર સુખી, મારો પાડોશી સુખી. બધાંની પાસે બધું પ્રાપ્ત છે. મારી પાસે શું? સૌને માન-સન્માન, સમાજમાં કીર્તિ-પ્રતિષ્ઠા. આમાંથી મારી પાસે કશુંય નથી. હું કેટલો દુઃખી.

માનવ પાસે સહેજ પણ દુઃખ નહોતું, પરંતુ દુઃખની કલ્પના માત્ર તેને હેરાન-પરેશાન કરી રહી હતી. સમસ્ત દુઃખોની જનનીએ તેના મન-મગજ અને મસ્તિષ્કનો કબજો લઈ લીધો હતો. તેની વિચારધારામાં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ હતી. ''બધા પાસે બધું. મારી પાસે કંઈ જ નહીં.'' આ ઈર્ષ્યાની અગ્નિની ભાવનામાં તે ભડભડ બળી રહ્યો હતો. તેની આંખમાં ભયંકર ક્રૂરતા ડોકાઈ રહી હતી. તેનું હાસ્ય-પ્રસન્નતા ક્યાંય વિલીન થઈ ગયા હતા. મત્સરના કાદવમાં ડૂબકી મારી રહ્યો હતો. ઈર્ષ્યાળુ વ્યક્તિ કોઈપણ દુઃખ વિના દુઃખી દુઃખી થાય છે. પામર બની જાય છે. પ્રત્યેક ક્ષણમાં– પરિસ્થિતિમાં દુઃખી થાય છે અને બીજાને દુઃખના દાવાનળમાં હોમે છે. દુર્યોધનને શું દુઃખ હતું? સત્તા, સામ્રાજ્ય, સંતતિ, સંપત્તિ બધું જ સ્વાધીન હતું. પરંતુ મનમાં ઈર્ષ્યા પેદા થઈ હતી કે પાંડવોની પ્રશંસા અને કૌરવોની નિંદા. પાંડવોને દુઃખી કરવાની મનમાં રહેલી ઈર્ષ્યાએ દુર્યોધનને લોભી-લાલચુ બનાવ્યો. વિશ્વનું સમગ્ર રાજ્ય મને અને માત્ર મને જ મળવું જ જોઈએ. રાજ્ય મેળવવા માતા-પિતા, કુટુંબ, સ્વજન-સ્નેહી, જે કોઈને પણ દુઃખી કરવા પડે તેને દુઃખી કરીશ. ઈર્ષ્યાથી લોભમાં આવી દુર્યોધને પાપની લીલાનો પ્રારંભ કર્યો. ગોત્રદ્રોહ, રાજ્યદ્રોહ અને રાષ્ટ્રદ્રોહ કર્યો. ભયંકર દુઃખની ગર્તા ઉભી કરી. વ્યક્તિની ઇચ્છા માત્રથી વિશ્વનું સંચાલન થયું. પૃથ્વીમાં આંબાના વૃક્ષ વાવવાથી મધુરતા અને મીઠાશ મળે. લીમડાના વૃક્ષારોપણથી કટુતા મળે. જગત સ્વભાવના વિવેકભાવે દર્શન કરવા જોઈએ.

ઈર્ષ્યામાંથી લોભ અને પરંપરાએ કોપ જન્મે છે. કોપના પ્રભાવે સાર અસારનો વિવેક નષ્ટ થાય છે. મારું કે મરું? હું દુઃખી થાઉ પણ સામી વ્યક્તિને પણ દુઃખી કરીને જ રહું. ભલે, હું સુખી બનું કે ન બનું. પણ વિશ્વને દુઃખી કર્યા વગર જવું નથી. ક્રોધનો જ્વાળામુખી પ્રદીપ્ત થઈ ગયો છે. સુખ શબ્દની – સુખી વ્યક્તિની એલર્જી ઉત્પન્ન થઈ છે. તેની વિચારધારામાં ભયંકર ગુન્હાતિતતા પ્રગટી છે. આવો માનવી હાહાકાર પેદા કરે છે. બીજાને દાવાગ્નિમાં યાહોમ કરવા જતાં પહેલાં પોતે જ દાવાનળમાં સળગી ઉઠે છે.

ક્રોધી માનવની વાણી ભયંકર કટુ બની જાય છે. અસત્ય, અયોગ્ય, નિર્લજ્જ, કઠોર ભાષા તેના જીવનનો પર્યાય બની જાય છે. તેના શબ્દકોશમાં અયોગ્ય, અસત્ય, કઠોર ગાળો જ ભરેલી હોય, તેમ કઠોર શબ્દ બોલતાં હરખાય છે. જણાવે છે કે મારા શબ્દોએ કેવી અસર કરી છે. સત્તા જમાવી સામે વાળાની બોલતી જ બંધ કરી દીધી ભલા! માનવી તારી ઈર્ષ્યાએ રાવણનું રૌદ્રરૂપ ધારણ કર્યું. લોભ, ક્રોધ, અસત્ય વચન જ તારા સ્વરૂપ બની ગયા. તું બદલાઈ ગયો. તારું રૂપ, તારું સ્વરૂપ એકવાર નીહાળ. તને જ તારા વિકરાળરૂપના દર્શન થશે અને બિહામણા સ્વરૂપથી ઉઠશે – મુંઝાઈ જશે.

વિચારક પુણ્યાત્મા તિરૂવરૂકાર આ ચારને જ "અધર્મ" કહે છે. જ્યાં આ ચારે ય દુર્ગુણ છે ત્યાં ધર્મ તો નથી, તેનો પડછાયો ય નથી. સૌએ આ ચાર દુર્ગુણની ભૂતાવળથી દૂર રહેવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે. પ્રત્યેક ધર્મશાસ્ત્ર આ ચાર દુર્ગુણોની દૂર રહેવા હાકલ કરે છે – સૌને એક જ અવાજ છે. "ઇર્ષ્યા, લોભ, ક્રોધ, કઠોર વચન" રહિત જીવન જીવવા પ્રયત્ન કરો. એ જ ધર્મનો માર્ગ અનુકરણીય-અનુસરણીય અને અનુમોદનીય છે.

✦ ✦ ✦

સંપર્ક : 9687626349
Email : zyash89@gmail.com

# જ્ઞાન-સંવાદ – ૧૨

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

સુજ્ઞ વાચકગણ

ગયા અંકમાં અગિયારમા દ્વારમાં વેદ વિશે જાણ્યું હવે આ અંકમાં બારમા પર્યાપ્તિ દ્વાર વિશે વિગતવાર જાણીએ.

**પર્યાપ્તિનું સ્વરૂપ :** કોઈપણ જીવ જે ભવમાં ઉત્પન્ન થાય છે. તેમાં જીવનમાં કરવા યોગ્ય આવશ્યક કાર્યો માટે જે આહાર લેવો વગેરે ક્રિયાઓ માટે જે શક્તિ ઉત્પન્ન કરવી પડે છે તેનું નામ પર્યાપ્તિ. જીવ સૌ પ્રથમ આહાર સ્વીકારે છે તેમાં તેજસ શરીર કારણરૂપ છે. તે આહારનો યોગ્ય પરિપાક થતાં શરીર બંધાય છે. શરીરનો વિકાસ થવાથી ઇન્દ્રિયો વગેરેનો સ્પષ્ટ આકાર સર્જાય છે.

**પર્યાપ્તિની વિવિધ વ્યાખ્યાઓ :** આત્માની પુદ્ગલના સમૂહથી પ્રાપ્ત થયેલી શક્તિ તેનું નામ પર્યાપ્તિ. આત્મા અને પુદ્ગલોનો સંબંધ થવાથી આહાર વગેરે પુદ્ગલો સ્વીકારવાની અને તેના યોગ્ય પરિણામ આપવાની શક્તિ તેનું નામ પર્યાપ્તિ.

જીવ પ્રતિસમયે પુદ્ગલો ગ્રહણ કરે છે. તેમાંથી જે પુદ્ગલો શરીર ઈન્દ્રિય વગેરે રૂપે પરિણમવાનું સામર્થ્ય ધરાવે તે પુદ્ગલોને તે તે રૂપે પરિણમાવવાનું આત્માનું સામર્થ્ય તેનું નામ પર્યાપ્તિ.

કોઈપણ જીવ ઔદારિક કે વૈક્રિય પુદ્ગલો ધરાવતી યોનિ ઉત્પત્તિ સ્થાન)માં ઉત્પન્ન થાય છે તે જ સમયે આ ઔદારિક કે વૈક્રિય પુદ્ગલોના સંબંધના કારણે, પ્રગટ થયેલી પોતાની શક્તિ દ્વારા પોતાની આજુબાજુમાં રહેલા આહાર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે અને આહાર, શરીર, ઇન્દ્રિય શ્વાસોછ્વાસ, બોલવાની શક્તિ અને વિચારવાની શક્તિરૂપે પરિણમાવે છે.

જીવ ઉત્પત્તિના પ્રથમ સમયે આહાર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે તેનું કારણ પૂર્વભવથી સાથે રહેલું તૈજસ-કાર્મણ શરીર છે કાર્મણ શરીરના કારણે ઉત્પત્તિ સ્થાનમાં રહેલા પુદ્ગલો જીવ દ્વારા ગ્રહણ કરાય અને જુદી જુદી શક્તિરૂપે પરિણત કરવાનું કાર્ય તૈજસ શરીરનું છે.

જે જુદી જુદી શક્તિઓ પ્રાપ્ત થાય છે તેને જૈનદર્શનમાં પર્યાપ્તિ નામ આપ્યું છે, તે છ પ્રકારની છે. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ ભાષા અને મન પર્યાપ્તિ.

જીવ જ્યારે એક સ્થૂલ શરીરનો ત્યાર કરી બીજું સ્થૂલ શરીર (બાહ્ય શરીર) ધારણ કરે છે ત્યારે ભાવી જીવનયાત્રા માટે તે પોતાના નવીન જન્મક્ષેત્રમાં એકી સાથે પુદ્ગલોનો કેટલોક ઉપચય કરે છે. તેને અથવા તેનાથી ઉત્પન્ન થતી પૌદ્ગલિક શક્તિને પર્યાપ્તિ કહેવામાં આવે છે.

**પ્રજાપ્તિ** – પર્યાપ્તિ માટે કેટલાક સ્થળે પ્રજાપ્તિ શબ્દ આવે છે જે પ્રાકૃત સ્વરૂપ છે. પર્યાપ્તિ સંસ્કૃત સ્વરૂપ છે. પ્રજાનો એક અર્થ પ્રજન એટલે જન્મવું થાય છે. જે જન્મ માટે નિમિત્ત બને, ઉત્પન્ન થવા માટે નિમિત્ત બને તે પ્રજાપ્તિ.

**પર્યાપ્તિનું સ્વરૂપ :** જે પર્યાપ્તિ બાંધવાની શરૂઆત કર્યા પછી પૂરી બંધાઈ રહે તેને પર્યાપ્તિ કહેવાય અને બંધાવાની બાકી હોય તેને અપર્યાપ્તિ કહેવાય. પર્યાપ્તિ **છ** છે એમ અપર્યાપ્તિ પણ **છ** છે.

પુદ્ગલના ઉપચયથી એક પ્રકારની શક્તિ ઉત્પન્ન થાય છે. તેના વડે જીવ આહાર ગ્રહણ, શરીર નિવર્તન આદિ માટે સમર્થ બને

છે. તેથી પુદ્ગલોપચયથી ઉત્પન્ન થતી શક્તિ એ જીવનું કારણ છે અને કર્તા જીવ છે.

જીવમાં કર્મને કારણે કોઈપણ દેહ ધારણ કરીને જીવવાની શક્તિ છે. પણ તે પર્યાપ્તિ વિના પ્રગટ થતી નથી. અર્થાત્ જીવને દેહધારી તરીકે જીવવું હોય તો પર્યાપ્તિ દ્વારા જ એમ કહી શકાય છે. તેથી સંસારીજીવ માટે પર્યાપ્તિ અતિ અગત્યની છે. તે પર્યાપ્તિ ૭ પ્રકારની છે. તે આ પ્રમાણે –

(૧) આહાર પર્યાપ્તિ – જે શક્તિ વિશેષથી જીવ બહારના આહાર પુદ્ગલોને ગ્રહણ કરીને ઓજ આહારરૂપે પરિણમાવે એવી શક્તિ વિશેષની પૂર્ણતાને આહાર પર્યાપ્તિ કહે છે. આહાર પર્યાપ્તિથી ભવની શરૂઆત થાય છે.

(૨) શરીર પર્યાપ્તિ – જે શક્તિથી આહારના રસ ભાગનો રસ, રક્ત, માંસ, અસ્થિ, મજ્જા, શુક્ર, મેદ (વીર્ય) આદિ સાત ધાતુઓમાં પરિણમાવે એની પૂર્ણતાને શરીર પર્યાપ્તિ કહે છે.

(૩) ઇંન્દ્રિય પર્યાપ્તિ – જે શક્તિથી આત્મા ધાતુરૂપ પરિણમેલા આહારને સ્પર્શ આદિ ઇંન્દ્રિયરૂપમાં પરિણમાવે તેની પૂર્ણતાને ઇન્દ્રિય પર્યાપ્તિ કહે છે.

(૪) શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ – જે શક્તિથી આત્મા શ્વાસોચ્છ્‌વાસ યોગ્ય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને શ્વાસોચ્છ્‌વાસ રૂપમાં પરિણમાવે એની પૂર્ણતાને શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ કહે છે.

(૫) ભાષા પર્યાપ્તિ – જે શક્તિથી ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને ભાષા રૂપે પરિણમાવે તેની પૂર્ણતાનો ભાષા પર્યાપ્તિ કહે છે.

(૬) મનઃપર્યાપ્તિ – જે શક્તિથી મનને યોગ્ય મનોવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરીને મનરૂપે પરિણમન કરે અને એની શક્તિ વિશેષથી એ પુદ્ગલોને પાછા છોડે એની પૂર્ણતાને મનઃપર્યાપ્તિ કહે છે.

મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની શક્તિ તે મનઃપર્યાપ્તિ. મનોવર્ગણાના પુદ્ગલ કાયયોગ દ્વારા લેવાય છે. તે પુદ્ગલો મનન અને વિચાર કરવામાં સહાય કરે છે. જેની પાસે દ્રવ્ય મન હોય તે જ મનોવર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરી શકે છે. દ્રવ્યમન મનન-વિચાર કરવા માટેનું સાધન છે.

આ છ પર્યાપ્તિમાંથી પ્રથમની ત્રણ પર્યાપ્તિ સર્વ સંસારી જીવોને હોય છે. એ ત્રણ અમર પર્યાપ્તિ કહેવાય છે. એ પર્યાપ્તિમાં કોઈ જીવ મરે નહીં.

ચોથી શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ પણ બધા સંસારી જીવોને હોવા છતાં આ પર્યાપ્તિ બાંધતા બાંધતા કેટલાક જીવો એ પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જ મરી જાય છે. આ ઘટના માત્ર ઔદારિક શરીરવાળા જીવોમાં જ થાય છે. એટલે કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આટલા પ્રકારના જીવો અપર્યાપ્તા અવસ્થામાં કાળ કરી શકે છે. દેવ અને નારકી, મનુષ્ય જુગલિયા અને તિર્યંચ જુગલિયા અપર્યાપ્તા અવસ્થામાં ક્યારેય કાળ ન કરે.

**ભાષા પર્યાપ્તિ :** જે જીવોને જીભ મળી છે, ભાષા મળી છે એવા જીવોને ભાષા પર્યાપ્તિ હોય. ભાષા પર્યાપ્તિમાં પણ પૂર્વોક્ત ઔદારિકવાળા જીવો કાળ કરે છે. એમને અપર્યાપ્તા અવસ્થામાં કાળ કરનાર કહેવાય છે અને જે કાળ કરતા નથી અને પર્યાપ્તિ પૂરી બાંધીને પછી કાળ કરે છે એને પર્યાપ્તા કહેવાય છે. જ્યાં સુધી આ પર્યાપ્તિ ન બંધાય ત્યાં સુધી જીવોને ભાષા પર્યાપ્તિના અપર્યાપ્ત કહેવાય. આ પર્યાપ્તિ બાંધી લીધા પછી પર્યાપ્ત કહેવાય. ભાષાનો પ્રયોગ પર્યાપ્ત થયા પછી જ થાય છે.

**ભાષા પર્યાપ્તિ** – બેઇંન્દ્રિય, તેઇંન્દ્રિય, ચૌરેન્દ્રિય, નારકી, તિર્યંચ પંચેન્દ્રિય મનુષ્ય અને દેવને હોય છે. ૨૪ દંડકમાંથી ૫ સ્થાવરના દંડકને બાદ કરીને ૧૯ દંડકમાં ભાષા હોય. જીવના ૧૪ જીવના ભેદમાંથી બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય એ પાંચ ભેદમાં હોય છે.

જીવના ૫૬૩ ભેદમાંથી નારકીના ૭ પર્યાપ્તા, તિર્યંચના ૧૩ પર્યાપ્તા, મનુષ્યના ૧૦૧ પર્યાપ્તા, દેવના ૯૯ પર્યાપ્તા = ૨૨૦ ભેદમાં ભાષા હોય.

પાંચ સ્થાવરના દંડકમાં પ્રથમની ચાર, ત્રણ વિકલેન્દ્રિયમાં પ્રથમની પાંચ અને બાકીના ૧૬ દંડકમાં છ પર્યાપ્તિ હોય છે.

**મનઃ પર્યાપ્તિ** – જે જીવોને મન મળ્યું છે એ જીવોને મનઃપર્યાપ્તિ હોય. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં – નારકી, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને દેવને મનઃપર્યાપ્તિ હોય. આ પર્યાપ્તિ બાંધતા બાંધતા પણ જે જીવ કાળ કરે છે તે અપર્યાપ્તમાં કાળ કરનારા કહેવાય. આ પર્યાપ્તિ ન બંધાય ત્યાં સુધી જીવ અપર્યાપ્તા ગણાય. દેવ, નારકી અને જુગલિયા આ પર્યાપ્તિ બાંધતા ક્યારેય કાળ ન કરે. માત્ર સંખ્યાતા વર્ષવાળા સંજ્ઞી મનુષ્ય અને સંખ્યાતા વર્ષવાળા સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જ કાળ કરે છે.

મનઃપર્યાપ્તિ ૧૬ દંડક = ૧૩ દેવ, ૧ નારકી, ૧ તિર્યંચ, ૧ મનુષ્યમાં હોય. જીવના ૧૪ ભેદમાંથી – માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્તામાં હોય.

ઔદારિક શરીરવાળા જીવો ઔદારિક સંબંધી છ પર્યાપ્તિ એક

ભવમાં એક જ વાર બાંધે છે.

વૈક્રિય શરીરવાળા – વૈક્રિય શરીરની ભવ સંબંધી (ભવધારણીય) છ પર્યાપ્તિ એક વખત બાંધે પણ જે વૈક્રિય શરીર રૂપસંબંધી હોય એટલે ઉત્તર વૈક્રિય કરવા આશ્રી સંખ્યાતી વાર કરી શકે. ના. તિ. મનુષ્ય દેવ ચારેમાં ઉત્તર વૈક્રિય થઈ શકે. અર્થાત્ જેટલી વાર વૈક્રિયરૂપ કરે એટલી વાર પર્યાપ્તિ બાંધે છે. માટે વૈક્રિય આશ્રી ૧ ભવમાં સંખ્યાતી વાર કરી શકે.

**આહારક શરીરવાળા** – બે વખત કરી શકે.

છ એ પર્યાપ્તિ એક સાથે જ બાંધવાની શરૂઆત થાય પણ પૂર્ણ ક્રમશઃ થાય કારણ કે ક્રમશઃ પુદ્ગલો સ્થૂળથી સૂક્ષ્મ હોય છે. દા.ત. આહારના પુદ્ગલો સર્વથી સ્થૂળ હોય તેથી તે જલ્દી બંધાય પછીના સૂક્ષ્મ હોય તેથી વાર લાગે. જેમ કે વટાણા કરતાં ઘઉંને પીણતા વાર લાગે, ઘઉં કરતાં બાજરીને વીણતા વાર લાગે એમ સમજવું.

પર્યાપ્તિનો કાળ સર્વ જીવો આહાર પર્યાપ્તિ પ્રથમ સમયે પૂરી કરે છે અને શરીરાદિ અન્ય પર્યાપ્તિઓ ત્યારબાદ અંતર્મુહૂર્તે પૂરી કરે છે. આહાર સિવાયની પર્યાપ્તિઓ ઉત્તરોત્તર સૂક્ષ્મ છે. તેથી અધિક પુદ્ગલની ઉપચયની અપેક્ષા રાખે છે એટલે તેને ક્રમશઃ સમય વધારે લાગે છે.

આમ દરેક સંસારી જીવોમાં પર્યાપ્તિ હોય છે જે ભવ પર્યંત એટલે કે જીવનયાત્રા હોય ત્યાં સુધી ચાલુ રહે છે. મહાપુણ્યનો ઉદય હોય તો જ છ એ છ પર્યાપ્તિ મળે છે. એમાં મન પર્યાપ્તિનો યોગ્ય ઉપયોગ કરીએ તો મોક્ષને મેળવી શકીએ છીએ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

# શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

**ગાથા - ૩૬**

**સંપત્તિ પ્રાપક**

**ઉન્નિદ્રહેમ–નવ - પંકજ - પુંજ કાન્તિ**
**પર્યુલ્લસન્ નખમયૂષ - શિખાભિરામૌ**
**પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્તઃ ।**
**પદ્માનિ - તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ॥૩૬॥**

ભાવાર્થ : હે જિનેન્દ્ર ભગવાન! આપના પવિત્ર ચરણ યુગ્મ જ્યાં જ્યાં પૃથ્વી પર પગલા પાડે છે, ત્યાં ત્યાં હજાર પાંખડીવાળા કમળ તૈયાર થાય છે. આ દેવકૃત લીલા છે. આ ચરણકમલ જાણે તાજા ખીલેલાં નવીન સ્વર્ણમય કાંતિવાળા કમળોના સમૂહ સમાન દિવ્ય છે. તેમ જ તે કમળગુચ્છ પ્રભુના નિર્મળ નખમાંથી પ્રસરતી જ્યોતિના કિરણોથી અધિક મનોહર લાગે તેવા છે.

વિવેચન : આઠ પ્રાતિહાર્યો પછી ચરણથી ભક્તિયોગનો શુભારંભ અહીં થાય છે. ચરણ ભક્તિ તે ભક્તિયૌગિક સાધનાનો પાયો છે. પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ દેવાધિદેવના ચરણોના મહિમા દ્વારા ભક્તિરસનો આસ્વાદ કરાવ્યો છે. જેનું રસપાન કરવા દેવો પણ જાણે ઉતાવળા બન્યા હોય તેવું ચિત્ર પ્રગટ કર્યું છે. કમલ અને ચરણનું આલંબન દ્વારા ચરણકમળને દેવકૃત કમળ સાથે સરખાવી કવિશ્રી કાવ્યશક્તિનો પરિચય કરાવે છે. એટલું જ નહીં કમળ પ્રત્યેનું આકર્ષણ આ શ્લોકમાં પુનઃસ્થાન મેળવી પ્રભુના મહિમાના ઉદ્ગાનનું નિમિત્ત બન્યું છે.

પ્રસ્તુત શ્લોકમાં પણ સહસ્ત્ર પાંખડીવાળું કમળ સ્વતઃ દેવકૃત હોવાથી પ્રભુના ચરણોનું નિધાન બને છે. આ કમળ કોઈ સાધારણ કમળ નથી, સુવર્ણ કાંતિવાળા કમળ જાણે ભક્તિથી પ્રેરિત બની પ્રભુના ચરણોને ભૂમિના સ્પર્શથી દૂર રાખવા, પોતાના શિર પર ચરણોને ધારણ કરી ગૌરવનો અનુભવ કરે છે. અર્થાત્ કમળને પણ પોતાના સુખ કરતાં પ્રભુની ભક્તિ વિશેષ પ્યારી લાગે છે. ત્યારે દેવો પણ ભક્તિનાં ઉલ્લાસમાં આવીને પ્રભુના પ્રત્યેક પગલે સુવર્ણકમળોની રચના કરે છે. પ્રભુનો જે પગ આગળ આવે તે પગ નીચે કમળ રચાય છે અને જ્યાંથી પગ ઉપડે ત્યાંનું કમળ વિલીન થાય છે.

પ્રસ્તુત શ્લોકનો પ્રારંભ 'ઉન્નિદ્ર' શબ્દથી થયો છે. કે જે એક અભિનવ જાગૃતિની અભિવ્યક્તિ કરે છે. કવિશ્રી પરોક્ષભાવે કહે છે કે કમળ તો છે જ પરંતુ કોઈ પણ પદાર્થ જ્યાં સુધી 'ઉન્નિદ્ર' અર્થાત્ આવરણથી મુક્ત ન થાય ત્યાં સુધી તેની કાંતિ પૂર્ણપણે પ્રગટ થતી નથી. પદાર્થની ગુણાત્મક પર્યાય પ્રગટ ન થાય, ત્યાં સુધી દ્રવ્યના ગુણોથી વંચિત રહેવું પડે. એટલે જ કવિશ્રીએ અહીં આવરણથી મુક્ત થયેલ ખીલેલાં કમળોની વાત કરી છે. ખીલવાથી તેમની સુવર્ણમય કાંતિ એવી રીતે પ્રગટ થાય છે કે જાણે બધા કમળો હમણાં જ ખીલ્યા છે, તાજા નવીન અને કાંતિથી આચ્છાદિત છે. સાથે સાથે પ્રભુના ચરણકમળના નખમાંથી નીકળતાં ને ચારેબાજુ પ્રસરતા કિરણો છે તેની સાથે પંકજ કાંતિ સમાવિષ્ટ થઈને ચરણોને શોભાયમાન કરી રહી છે.

જાગૃતિ અથવા જાગરણ એ આવિર્ભાવનું પ્રથમ ચરણ છે.

જેમ મતિજ્ઞાનમાં વ્યંજનાવગ્રહ પ્રથમ ચરણ છે, તેમ દ્રવ્યનું જાગરણ એટલે દ્રવ્યમાં થતું પરિવર્તન. તે સંપૂર્ણ ખીલતી પર્યાયનું પ્રથમ ચરણ છે.

કમળોનું જાગરણ અને ચરણોની ગતિશીલતા, આ બંનેની સુમેળ સાધવાની ક્રિયા દર્શાવી છે. ચરણ ગતિશીલ થાય અને કમળ ચરણ તલે પોતાના મસ્તક ધરે તેવી દેવલીલા અહીં સર્જાય છે. કવિશ્રીએ અહીં કાવ્યની અદ્ભુત કલાને તેમ જ સાથે સાથે પારંપારિક માન્યતાને પણ સ્થાન આપ્યું છે. અર્થાત્ કમળ પર કમળ આરુઢ થવાથી સંગતિના દર્શન કરાવી પ્રભુના વિલક્ષણ વિહારનો મહિમા પણ ગાયો છે.

સ્તુતિકારને કંચન, કમળ અને સૂર્યની કાંતિનું વિશેષ આકર્ષણ હોય તેવું લાગે છે, કારણ કે અચૂક ભાવે આ આલંબનનો ઉપયોગ કરે છે. અહીં પણ કવિશ્રીએ કમળને પણ સોના જેવાં કહ્યાં છે. પરંતુ વ્યત્યય અંલકાર દ્વારા આ કથનનું હાર્દ એવું દર્શાવ્યું છે કે, સોનું નવા ખીલેલા કમળ જેવું બનીને નખમાંથી નીકળતા કિરણોને પ્રતિબિંબિત કરે છે. અને કાંતિના દર્શન થાય છે. હકીકતમાં સોના ઉપર જે કિરણો પ્રતિબિંબિત કરે છે. અને કાંતિના દર્શન થાય છે. હકીકતમાં સોના ઉપર જે કિરણો પ્રતિબિંબિત થઈ રહેલ છે, નહિ કે કમળો ઉપર. સોનું કમળ જેવું બની જવાથી સોનામાં અલૌકિક ભાવ પ્રગટ થયેલ છે. સોનું-સોનું હોવા છતાં પોતાના ગુણોને કાયમ રાખી કમળના ગુણોને ધારણ કરી શોભાયમાન બને છે.

પ્રસ્તુત શ્લોકના ત્રીજા પદમાં 'કવિશ્રીએ' 'पादौ पदानि' એમ દ્વિરુક્ત ભાવે પદનું આખ્યાન કર્યું છે. 'ડગલા ભરે છે' એટલું કહેવા માત્રથી પગનો બોધ થાય છે. પરંતુ આ પદમાં 'પાદ' અને 'પદ' બંને શબ્દોનો પ્રયોગ કરીને આચાર્યશ્રીએ સ્થિતિ અને ગતિ બન્નેનો આભાસ કરાવ્યો છે. પદ અથવા પાદ સ્થાયી સંપત્તિ છે. તે શરીરનું અંગ છે, તે સ્થિતિશીલ છે. જ્યારે પદ મૂકવા અર્થાત્ ડગલા ભરવા, તે ગતિશીલતા છે. આમ પ્રભુના ચરણ તો દર્શનીય અને પવિત્ર છે જ, પરંતુ આ ચરણ જ્યારે ગતિશીલ બન્યા, ત્યારે પ્રભુનો વિહાર પણ પાવન બનીને વિશેષરૂપ પ્રમોદભાવને ઉત્પન્ન કરે છે. અર્થાત્ પરોક્ષભાવે સ્વયં દેવાધિદેવ પણ ચર્યાનો પરિત્યાગ કરતા નથી. બધા જ અરિહંત વિહારશીલ રહ્યાં છે. આચાર્યશ્રી પણ અહીં પ્રભુની મંગલમય વિહાર યાત્રાનો તથા એક એક પગ ઉપાડે છે, તેવા ચરણન્યાસના દર્શન કરાવે છે.

ચતુર્થપદમાં કવિશ્રીએ 'વિબુધા પરિકલ્પયન્તિ' શબ્દો પ્રયોજ્યા છે. 'વિબુધ' એટલે સ્વર્ગના દેવો તેઓ પ્રભુની સેવામાં તત્પર રહી કમળની રચના કરી એક પરિકલ્પનાને સાકાર કરે છે. અર્થાત્ આ ફક્ત દેવોની રચના નથી. પરંતુ તેની સાથે આત્મિકભાવ અને વિવેક પણ ભળ્યા છે. દેવો વિવેકપૂર્વક પ્રભુની સેવા કરી રહ્યા છે, પણ તેઓને પોતાનું સામર્થ્ય માત્ર દેખાડવવાનો આશય નથી, પરંતુ અદૃશ્ય રહીને પ્રભુના ચરણોનો જ આ પ્રભાવ છે કે જે સ્વતઃ કમળોની રચના થાય છે. તેવો અહીં ભક્તિમય ભાવ ઉત્પન્ન કરવો એ પરિકલ્પના છે. આ પરિકલ્પનાની રચનામાં સ્વયં દેવો. ઉપસ્થિત રહીને પોતાને ધન્ય માને છે.

આચાર્યશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં આધ્યાત્મિક ભાવોને પણ ગૂંથી લીધા છે. પ્રભુના બે ચરણ તે માત્ર ભૌતિકરૂપે નથી. પરંતુ કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપ રહેલ છે. જેના ઉપર પ્રભુનું શાસન વિશ્વને પ્રભાવિત કરે છે. જગતની ભૌતિક સત્તા અને સંપત્તિ પરમાત્માના જ્ઞાન અને દર્શનની સામે નતમસ્તક બની સ્વતઃ તેમની સેવામાં સમર્પિત થઈ જાય છે. પરમાત્માના આ બે ચરણ જ્યારે આત્મપ્રદેશરૂપી પૃથ્વી પર અંકિત થાય છે, ત્યારે ચારેબાજુ સુખશાંતિ અને આનંદના કમળો ખીલી ઊઠે છે. ત્યારે દેવો પણ સિદ્ધ સ્વરૂપની ભક્તિ કરવા તત્પર બન્યા છે. આમ સ્થૂલથી સૂક્ષ્મ સ્વરૂપનો ભાવ તાદૃશ્ય થાય છે.

ત્યારે આચાર્યશ્રી માનતુંગસૂરિજી પણ ચરણભક્તિનો લ્હાવો લઈ પ્રભુની વાણીનો મહિમા ગાવા આગળ વધી રહ્યાં છે.

**ऋद्धि :–** ॐ ह्रीं अर्हं णमो विप्पोसहि-पत्ताणं।

**मंत्र :–** ॐ ह्रीं श्रीं कलिकुण्ड दण्ड-स्वामिन् आगच्छ। आत्ममंत्रान् आकर्षय आकर्षय । आत्ममंत्रान् रक्ष रक्ष । परमन्त्रान् छिन्द छिन्द मम समीहितं करु करु स्वाहा।

**વિધિ-વિધાન :** પવિત્ર થઈ પીળા વસ્ત્ર ધારણ કરી, ઉત્તર દિશા તરફ મુખ કરી યંત્ર સ્થાપિત કરવું. યંત્રની પૂજા કરવી. ત્યારબાદ પીળા આસાન પર પદ્માસન લગાવી પીળી માળા દ્વારા હજાર જાપ પૂર્ણ કરી મંત્ર સિદ્ધ કરવું.

**ફલાગમ :** યંત્ર પાસે રાખવાથી તથા પ્રતિદિન એક સો આઠ વાર ૩૬મી ગાથા ઋદ્ધિ-મંત્રના આરાધનથી સુવર્ણ વગેરે ધાતુઓના વ્યાપારમાં ધનનો લાભ થાય છે. રાજ્યમાં સન્માન મળે, પંચમાં પ્રતિષ્ઠા મળે.

શ્રી ભક્તામર સ્તોત્રની ૩૬મી ગાથાનું આરાધન કરવાથી શું લાભ પ્રાપ્ત થાય છે, તે દર્શાવતી એક પ્રાચીન કથા

**સુરસુંદરીની કથા :**

ઘણાં વર્ષો પહેલા પટના નામના નગરમાં ધારિવાહન નામે એક રાજા રાજ્ય કરતા હતા. એમની પટ્ટરાણીનું નામ ક્ષત્રીસેના હતું. તેઓને સાત પુત્ર હતા, અને એક જ કન્યા હતી. કન્યાનું નામ

સુરસુંદરી હતું. જેવું નામ એવું જ એનું રૂપ હતું. એને પોતાના સુંદર રૂપનું ઘમંડ હતું. એટલું જ નહીં જૈનધર્મ પ્રત્યે એને બિલકુલ આસ્થા ન હતી. પોતાના રૂપના અભિમાનમાં તે બીજા બધાને તણખલા જેવા જ ગણતી. રાજા-રાણીએ એકની એક પુત્રી હોવાને કારણે ખૂબ લાડ-કોડમાં ઉછેરી હતી. જેના કારણે તે રાજા-રાણીને પણ ગણકારતી ન હતી. એ પોતાનું ધાર્યું જ કરતી એને રાજા કે રાણીની કોઈ પરવાહ ન હતી. તેમ છતાં માતા-પિતાની અર્થાત્ રાજા-રાણીની તો તે લાડકવાયી દીકરી જ રહી હતી.

એક દિવસ તે પાલખીમાં બેસીને વનવિહાર માટે નીકળી. સાથે ઘણી બધી સાહેલીઓ પણ હતી. રસ્તામાં તેણે એક જિનમંદિર જોયું. તે મૂર્ખીએ જિનરાજની દિગંબર પ્રતિમાની ખૂબ જ નિંદા કરી. તે કહેવા લાગી, અરે! એને ન તો આભૂષણ છે, ને તો સ્ત્રી છે, બીજું બધું તો ઠીક, કપડાં સુદ્ધા નથી. જ્યારે એની પોતાની જ આવી દશા હોય તો એ બીજાને શું આપી શકશે? સુખની આશામાં એની પૂજા કરવી એટલે ઘી માટે પાણી વલોવવું, એટલું જ નહીં આ સુરસુંદરી એવું પણ કહેવા લાગી કે, દેવતાઓમાં કૃષ્ણજીને ધન્ય માનવા જોઈએ. જે દિવ્ય, વસ્ત્ર-આભૂષણોથી સજાયેલ હોય છે, વળી ગોપીઓ અને ગોવાળિયાની મંડળી સાથે ક્રીડા કરે છે, તેમ જ સોળ હજાર રાણીઓ સાથે મોજ કરે છે.

જિનપ્રતિમાની આવી મજાક-મસ્તી કરતાં તે આગળ વધી, ત્યાં જ થોડેક દૂર એક પરમ વીતરાગી દિગંબર મુનિરાજને જોયા. આવા કૃશકાયી તપસ્વીને પણ નિર્લજ્જ, દરિદ્ર જેવાં, અપશબ્દો કહેવા લાગી. એટલું જ નહિ રૂપના અભિમાનમાં પાગલ થયેલ તેણે પોતાના મુખમાંથી પાનની પિચકારી પેલા નિઃસ્પૃહ મહાત્માજી ઉપર ફેંકી.

ક્યારેક ક્યારેક ભારી પાપ કર્મોનો વિપાક ઝડપથી ફળ આપે છે. અને પૂર્વોપાર્જિત શુભકર્મ-અશુભકર્મમાં પરિણમે છે. સુરસુંદરી માટે પણ એવું જ કાંઈક બન્યું. દેવ અને ગુરુની ઘોર નિંદા કરતાં જ એનું શરીર કાંતિહીન તેમ જ કરૂપ થઈ ગયું. જ્યારે તે ઘરે પાછી ફરી ત્યારે સખીઓએ જિન પ્રતિમા અને મુનિરાજની નિંદાનો સારો વૃત્તાંત રાજાને સંભળાવ્યો. મહારાજા ધારિવાહન પુત્રીના આ કરતૂત અને દશા જોઈ ખૂબ જ ચિંતિત થયા. એટલું જ નહીં. નગરના શ્રાવકોની સંમતિથી જિનરાજની મહાન પૂજા કરી તેમ જ મુનિરાજના શરણે ગયા.

રાજાના વંદન-નમસ્કાર સ્વીકારી, મુનિરાજે ધર્મલાભ આપ્યો. અને બોલ્યા, રાજન્! આપ કુશળ તો છો ને!

રાજા બોલ્યા, હે ગુરુદેવ! આપના ચરણ પ્રસાદથી મંગલ થશે.

મુનિરાજ – એવી શું વાત છે? જરા ખુલાસો કરીને કહો.

રાજા – મારી સુરસુંદરી નામની કન્યાએ જિનદેવ અને જિનગુરુની નિંદા કરીને પોતાના પગ પર હાથે કરીને કુહાડી મારી છે. તે એકદમ કુરુપ-રોગી બની ગઈ છે. કોઈ એવો ઉપાય બતાવો કે, જેનાથી આ અશાતા દૂર થાય.

ત્યારે મહાત્માજીએ એક ઘડો પાણી મંગાવ્યું. અને શ્રી ભક્તામર-સ્તોત્રની ૩૬મી ગાથાનું રટણ કર્યું. ત્યારબાદ રાજાને કહ્યું, કે રાજન! આ પાણીથી તારી કન્યાને સ્નાન કરાવજે. આ બાજુ સુરસુંદરીને પણ પોતાના નિંદનીય કૃત્ય પર ખૂબ જ પશ્ચાત્તાપ થયો. અને તેનું વારંવાર પ્રાયશ્ચિત કરવા લાગી. ત્યારબાદ મહાત્માજીએ આપેલ મંત્રિત જળથી સ્નાન કર્યું. સ્નાન કર્યા બાદ તેનું રૂપ પહેલાં કરતાં પણ સુંદર ઉર્વશી જેવું બની ગયું. ત્યારે તેને પણ જૈન ધર્મ પ્રત્યે પૂરી શ્રદ્ધા જાગી. એટલું જ નહીં તેણે પોતાના લગ્ન ન કરવાનો નિર્ણય જણાવી પેલા મુનિરાજની પાસે અર્જિકા વ્રત સ્વીકારી, આયુષ્યના અંતમાં સમાધિપૂર્વક દેહ છોડી તે દેવસુંદરી દેવલોકમાં ગઈ.

ખરેખર! જૈન ધર્મ તો મહાન જ છે, સાથે સાથે શ્રી ભક્તામર સ્તોત્રનો મહિમા પણ અપરંપાર છે. અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : khimji_chhadwa@yahoo.com
૯૮૯૨૮ ૨૮૧૯૬

- ☞ અહિંસા અને સંવર એ નિર્જરાનું મૂળ છે.
- ☞ જીવરાશિ પ્રત્યે સ્નેહનો પરિણામ એ અહિંસાનું મૂળ છે.
- ☞ સ્નેહ પરિણામનું મૂળ ચૈતન્યનો સ્વભાવ છે, જે અભેદ પરિણતિરૂપ છે.
- ☞ દરેક જીવને ભેદ અપ્રિય છે – અભેદ પ્રિય છે.
- ☞ અભેદ સાધવા માટે મૈત્રીનો પ્રયત્ન કરવાનો છે અને દુશ્માવટને દૂર કરવાની છે.
- ☞ જીવો પ્રત્યે મૈત્રી ધારણ ન કરવી, એ ચૈતન્યની સામે પડકાર અને પોતાના જ ચૈતન્યભાવની હિંસા છે, તેથી આપણી અંદર રહેલ ચૈતન્ય અવરાય છે.
- ☞ મૈત્રીથી ચૈતન્ય ઉપરનું એ આવરણ ખસે છે.
- ☞ અમૈત્રીથી એ મોહ છે, મૈત્રી એ વિવેક છે.

હસ્તાક્ષરનું અક્ષયપાત્ર - ૧૦/૨૦૧
www.bhadrankar.com
– રોજનીશીમાંથી અવતરણો;

આ લેખક : પૂ. પન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.

# માનવીયતા

## ડૉ. વિજય શાસ્ત્રી

*"હું કહીશ કે માનવીય અને સરળ બનવું એ જ મહત્ત્વની વાત છે ના, સાચા બનવું એ જ મહત્ત્વની વાત છે. કેમ કે પછી તો બધું – માનવતા અને સરળતા – એને અનુકૂળ થઈ જાય છે."*

*– આલ્બેર કામૂ અનુ : સુમન શાહ*

**બા**ળક સરળ હોય છે, ફૂલો નિર્દોષ હોય છે, ક્રૂરમાં ક્રૂર પ્રાણીઓ પણ નિષ્કપટ હોય છે. બાળક આપણને જેવું બહારથી દેખાય છે તેવો જ તેનો સ્વભાવ પણ હોય છે. ફૂલનાં પણ બેવડાં સ્વરૂપો નથી હોતાં. વાઘ કે સિંહની ક્રૂરતા વિશે પણ આપણને કોઈ શંકા નથી હોતી. પણ માણસની વાત આવે છે ત્યાં 'આપણે તરત જ અટકી જવું પડે છે. માણસના કોઈ પણ વર્તનને, કોઈ પણ શબ્દને, કોઈ પણ ઈશારાને આપણે નિર્ભયપણે સ્વીકારી લેતા નથી – સ્વીકારી શકતા નથી. આપણાને શંકા જાય છે કે, માણસનું આ વર્તન, માણસનો આ શબ્દ કે માણસનો આ ઈશારો જેવો દેખાય છે તેવો જ ખરેખર હશે ખરો?

માણસની આ સરળતામાં પણ માણસને વિશ્વાસ નથી રહ્યો. જે સરળતાથી કદાચ એક ફૂલ બીજા ફૂલને જોતું હશે તે સરળતાથી કે વિશ્વબ્ધતાથી એક માનવી બીજાને જોઈ શકતો નથી. જે આપણને નિર્ભયતાનું વચન આપે છે તેનાથી જ આપણે ડરતા રહેવું પડે છે. જે આપણી તરફ મૈત્રીનો હાથ લંબાવે છે તે જ પીઠમાં ખંજર હુલાવે છે અને એટલે જ સાચી મૈત્રીમાં કે સાચા વચનમાં આપણને શ્રદ્ધા નથી.

આવી કરુણ વિચિત્રતાનો ઉદ્ભવ માણસની સાચ અને જૂઠને ઓળવાની શક્તિમાંથી થાય છે એમ કહીએ તો ખોટું નથી. કારણ કે માણસ જાણે છે કે આ સાચું છે ને પેલું જૂઠું છે. એટલે એને માટે સત્ય અને અસત્ય બેમાંથી ગમે તે એકની પસંદગીનો વિકલ્પ ઊભો થાય છે. માનવ સિવાય બીજા કોઈ પ્રાણીને સત્યના અને સસત્યના સ્વરૂપનો ભેદ માલૂમ જ નથી. તેઓ એકને સત્ય તરીકે ને બીજાને અસત્ય તરીકે ઓળખી શકતા નથી કે જુદું પાડી શકતાં નથી. આથી તેઓનું વર્તન સત્યાસત્યથી પર હોય છે.

કામૂના મતે સરળતા યા માનવીયતા સ્વતંત્ર વિભાવો નથી પણ સત્યનિષ્ઠ વિભાવો છે. માણસ સાચો બને એટલે આપોઆપ જ સરળતા અને માનવતા તેનામાં આવે, કારણ કે સરળતા – માનવતા એ સત્યાંતર્ગત ગુણો છે. સાચા માનવને કશું છુપાવવાનું નથી હોતું, તેથી જ કશા પ્રપંચો પણ કરવાના નથી હોતા, કોઈ તરકટો રચવામાં નથી હોતાં. આમ, તેને કુટિલ – અસરલ થવાનું કોઈ પ્રયોજન જ રહતું હોતું નથી. તે સરળ જ હોય છે અને માનવતા આ રીતે તેના વર્તનમાંથી આપોઆપ જ પ્રગટે છે.

જ્યાં અસત્યની જ જરૂર નથી ત્યાં પ્રપંચ-કુટિલતા શા માટે રહે? હવા-પાણી વગર પ્રાણી જીવી શકે નહીં. તેમ લોભ, ઈર્ષા, ઐહિક-વ્યાવહારિક પ્રયોજનો વગર અસત્ય, કુટિલતા કે પ્રપંચ પણ ટકી શકે નહીં.*

માનવી જેમ જેમ વ્યાવહારિક પ્રયોજનોને સિદ્ધ કરવાની લોલુપતા વધારતો જાય છે તેમ તેમ તેનો વ્યવહાર સરળતાને ત્યજતો જાય છે. બાળકનો વ્યવહાર સરળ હોય છે તેનું કારણ એ જ છે કે તેનામાં દુન્યવી પ્રયોજનો વિશે કોઈ ખ્યાલ સુધ્ધાં નથી હોતો. તે અજાણ્યાની સામે પણ હાસ્ય વેરતું જાય છે.

માનવ થવું એથી વિશેષ શ્રેષ્ઠ કશું હોઈ શકે નહીં અને એટલે જ કામૂની નવલકથા 'ધ પ્લેગ'માં Tarrou નામનું એક પાત્ર સંત બનવા ચાહે છે અને દાક્તર Rieuxનું બીજું એક પાત્ર પણ સંત બનવા ચાહે છે પણ દાક્તર, "માનવને માટે" સંત થવા મથે છે તેથી તે Tarrou કરતાં ચડિયાતો ઠરે છે. આમ માનવ માટે સંત થવા મથતા દાક્તરને ચડિયાતો કહેવામાં જ માનવીયતાની સર્વોપરિતા કદાચ કામૂએ સૂચવી દીધી છે. મહાભારતકારે પણ એથી જ કહ્યું હશે કે – न मानुषात् श्रेष्ठतरं हि किंच्चित् । (માનવીથી શ્રેષ્ઠ કોઈ નથી.)

પુખ્ત અને પ્રૌઢ થયેલા માનવી પાસે બાળકના જેવું મુક્ત અને સરળ હાસ્ય ક્યાં છે? અરે હાસ્ય જ ક્યાં છે? પુખ્ત માનવીનું હાસ્ય એક વેપારની વસ્તુ બની ગઈ હોય છે. તે વિચાર કરને હસે છે. ક્યારે હસવું, કેવું હસવું, કેટલું હસવું, કોની સામે હસવું ને કોની સામે ન હસવું વગેરે ચોકઠાંઓ, નીતિનિયમો, ટાઈમટેબલોમાં માનવીએ હાસ્યને ગુમાવી દીધું છે. માનવીના હાસ્યની જ શું કરવા, માનવીના પ્રત્યેક વર્તનની, શબ્દની, અભિનયની પણ આ દશા છે. માપી-

માપીને, તોલી-તોલીને જોઈ-વિચારીને હસતો, બોલતો, વર્તતો માનવી કેટલો દયાપાત્ર અને દીન લાગે છે? આ બધાંનું કારણ આલ્બેર કામૂ ગણાવે છે તેમ એક જ છે માનવી સાચો નથી. તેથી સરળ નથી. તેથી મુક્ત નથી. તેથી માનવી કદાચ માનવી જ નથી!

* *જે કૃષ્ણમૂર્તિ કહે છે તેમ 'મુક્ત અવસ્થા ન હોય ત્યારે પ્રપંચને પ્રજ્ઞા લેખવામાં આવે છે. પ્રપંચી રીતો અસરળ અને વિનાશક હોય છે.' (Commentaries on Livingના હીરાલાલ બક્ષીકૃત અનુવાદ 'જીવનમીમાંસા'માંથી પૃ. ૧૯૩*

✦ ✦ ✦

(લેખકના પુસ્તક : **'ઉદ્‌ગાર'માંથી સાભાર**)

# પદ્મશ્રી કુમારપાળ દેસાઈના નેતૃત્વ હેઠળ હવે ઑનલાઈન ઉપલબ્ધ થશો ગુજરાતી વિશ્વકોશ

ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા) પ્રગટ કરનાર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ૧૯૮૭થી ૨૦૦૭ સુધીના બાવીસ વર્ષમાં ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોનું પ્રકાશન કર્યું. ૧૭૦ જેટલાં વિષયો સમાવતાં ૨૪,૦૮૩ લખાણોવાળો ગુજરાતી વિશ્વકોશ ગુજરાતનો સૌથી મોટો જ્ઞાનસાગર બની રહ્યો. એ પછી વર્તમાન સમયને અનુલક્ષીને છેલ્લાં સાતેક વર્ષથી ગુજરાતી વિશ્વકોશના ૨૪,૦૦૦થી વધુ લખાણો ઑનલાઇન મુકવાનો પ્રકલ્પ ચાલતો હતો. જેને પરિણામે સવા કરોડની શબ્દસંખ્યા ધરાવતો આ વિશ્વકોશ હવે ઑનલાઇન ઉપલબ્ધ થયો છે. શ્રી કુમારપાળ દેસાઈના નેતૃત્વ હેઠળ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજીના અનુભવી પૂર્વીન દેસાઈના કાર્ય સાથે વિશ્વકોશે આ યોજના સાકાર કરવા માટે એક અલાયદી ટીમ બનાવી અને એ દ્વારા ગુજરાતી ભાષામાં માનવવિદ્યાના, ૮,૦૮૩ વિજ્ઞાનના, ૭,૬૪૦ સમાજવિદ્યાના, ૭,૬૪૭ લઘુચરિત્રો તેમજ ૫,૦૬૩ વિસ્તૃત વ્યાપ્તિ લેખો અને ૨,૦૪૯ અનુદિત લેખો હવે ગુજરાતની પ્રજાને ઑનલાઈન ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. આ ઑનલાઇન વિશ્વકોશના દરેક વોલ્યુમમાં એ ગ્રંથ જે વર્ષે પ્રકાશિત થયો હોય તેનું વર્ષ મળશે, જેથી એનો ખ્યાલ આવશે કે કયા સમય સુધીની માહિતી આ અધિકરણમાંથી ઉપલબ્ધ થશે. આ ગ્રંથો વિશ્વકોશના અધિકરણના શીર્ષકથી, લેખકના નામથી કે એના વિષયથી 'સર્ચ' કરીને એમ ત્રણ રીતે એની માહિતી મેળવી શકાશે. જ્યારે લેખકના નામથી સર્ચ થાય, તે વખતે એ નામ જે જે લેખમાં આવતું હશે, એ લેખ પણ તમને સાથે દેખાશે. આ સામગ્રી મોબાઇલમાં પણ ગુજરાતી કી-બોર્ડ ઇન્સ્ટોલ કર્યા પછી ઑનલાઇન જોઈ શકાશે. આમ કમ્પ્યૂટર, લેપટોપ કે મોબાઈલમાં આ ચોવીસ હજારથી વધુ લખાણો પ્રાપ્ત થશે. ગુજરાતની અસ્મિતાને ઉપસાવી આપતો ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, વિશિષ્ટ વ્યક્તિઓ, સંસ્થાઓ અને ગુજરાતી પ્રજાની તમામ ક્ષેત્રની પ્રવૃત્તિઓનો વિગત સમૃદ્ધ રસપૂર્ણ અધિકૃત પરિચય આમાંથી પ્રાપ્ત થશે તેમજ નિષ્ણાતો દ્વારા લખાયેલાં સ્વતંત્ર લેખોથી વિશ્વ વિશે અને ભારત વિશે અદ્યતન અને પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થશે. સમૃદ્ધ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સંત સ્વામીશ્રી માધવપ્રિયદાસજી તથા જાણીતા વિજ્ઞાની પંકજ જોશીએ ગુજરાતી ભાષામાં વર્તમાન યુગને અનુસરીને વિશ્વકોશને ઑનલાઇન મુકવાના વિરાટ કાર્ય સિદ્ધ થવા માટે વિશ્વકોશ ટ્રસ્ટને અભિનંદન આપ્યા હતા અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વકોશના કાર્યવાહકો કુમારપાળ દેસાઈ, પી. કે. લહેરી, પ્રકાશ ભગવતી, પ્રીતિ શાહ, મનુભાઈ શાહ, પૂર્વીન દેસાઈ અને નલિની દેસાઈ સાથેની મુલાકાતમાં પોતાનો આનંદ પ્રગટ કર્યો હતો.

✦ ✦ ✦

# Hemchandracharya

**Dr. Kamini Gogri**

Hemacandracarya occupies a significant place in the history of Jainism. There was hardly s branch of literature to which he did not contribute. Not only his contemporaries but the whole subsequent history of Jainism was influenced by him. The place and the period to which he belonged, provided him the fullest scope to manifest his potential.

## Historical Background:

Gujarat has been a stronghold of Jainism for centuries. The kings of Gujarat followed tolerant religious policy. Jainism was followed by influential section of population, hence even though the kings themselves were not Jainas, they considered it their duty to patronize Jainism. The medieval period of Jaina history starting from eighth century onwards, was the period marked by significant achievements in art and literature. Further, the 12thcentury was indeed the golden age for Jainism in western India, particularly Rajasthan and Gujarat. The kings openly patronized the Jaina saints and authors.

## Life-sketch of Hemacandracarya:

Hemacandracarya was born on full-moon day of Kartika in V.S. 1145 (1088 A.D.) in Dhandhuka near Ahmedabad in a Modha family. Father Cacadeva and mother Pahinidevi named their child Cangdeva. He was initiated in Jainism at the age of eight by the famous Jaina monk Devacandsuri. After Diksa, Cangadeva was renamed 'Muni Somacandra'. Within a few months, he mastered poetry, logic and literature. It is said that he could learn and recite 1000 slokas in one day. His progress in the literary field was also accompanied by progress in the spiritual field. At anyoung age of 21 he was elevated to the position of Acarya, the highest spiritual position in Jainism, in 1110 A.D. Thereafter he became known as Hemacandracarya.

## Literary Works of Hemacandracarya:

The literary contribution of Hemacandracarya has been so extensive that hardly any field of study was left untouched by him. It is said that he wrote thirty-five million slokas in his lifetime. He has written so many subjects that he could be called Grammarian, philosopher, thinker, religious leader and historian, and he has played all these different roles with dexte1ity.

His work on Grammar, viz. Sabdanusasana, is a very practical and easy grammar for the students of Sanskrit language. In a similar work, he deals with Prakrt grammar. His expertise was extended to the field of writing dictionaries like 'Abhidhanacintamani' and encyclopedias like Nighantusesa, which contains the botanical names. Among the scientific works of Hemacandra, his Anusasana Series – theKavyanusasana and the Chandonusasana- deserves special mention. His aim in writing this series was to provide authoritative works on subjects like poetics. His Sanskrit 'Dvyasrayakavya' ranks him as a historian where he traces the history of Gujarat and in particular the history of CalukyaDynasty. The voluminous work of Hemacandra is TrisastisalakapurusaCarita which describes the lives of 63 great men.

As Hemacandra wrote chiefly in Sanskrit, his name was held in high esteem by educated Hindus as well as Jainas. No Acarya since Hemacandra has ever wielded so great an influence. For the perfection he attained in the creation of literature on variety of topics, he was titled as 'Kalikalasarvajna', i.e. Omniscient of the Kalikala.

Hemacandra's contribution to Jaina Philosophy:

Though a versatile writer, Hemacandra being a Jaina Acarya, had a natural bias for Jaina religion. His contribution to Jaina religion is no less significant. We find the discussion of the main principles of Jainism mainly in his three works – Yogasastra, Pramanamimamsa and Anyayogavyava-cchedaatrimsika. Yogasastra, deals with the Sravakacara. Pramanamimamsa is a comprehensive

work on Logic, and the last one points out the defects of the other systems of Indian philosophy. More than any other Jaina writer, Hemacandra had a gift for marshalling of facts and for their clear and orderly exposition. He had even greater mastery as far as the presentation, discussion and compilation of the subject matter was concerned, but this could not be said in the case of originality.

His work ‘Yogasastra’, is the most valuable contribution to the study of Jaina yoga. It is an encyclopedic compilation on the duties of laymen and ascetics. He wrote this manual for King Kumarapala. Such manuals known as Sravakacara – laymen’s conduct - had been written for many centuries. In Yogasastra, Hemacandra skillfully synthesized the various practices and doctrines found in these earlier manuals, and as a result, Yogasastra has set the pattern for all subsequent Sravakacara texts especially for Svetambara tradition.

Yoga, according to Hemacandra, is the cause of final emancipation and consists in the threefold jewels of Right Faith, Right Knowledge and Right Conduct (Yogasastra: 1-15). He makes it clear that when passions are destroyed, there is an experience of pure state. That is Right Faith, Right Knowledge and Right Conduct. (Yogasastra: 4-2).

Hemacandra has used the word Yoga in the sense of joining (samyoga) while Patanjali’s Yogasatra views Yoga more in the sense of concentration. It must be pointed out here that earlier Jaina texts, e.g. Tattvartha Sutra, define Yoga as actions of body, speech and mind (6-1). It was Haribhadra in the 8thcentury who spoke of Yoga as that which joins the soul with moksa (Yogabindu - 33).

Hemacandra’s concept of Yoga follows this line. There are also other influences on Hemacandracarya. Emphasizing on the three jewels and meditation, he has discussed in detail, five Mahavrattas, twelve Anuvrattas, five Samitis, three Guptis and twelve Anuprelcyas. He truly represented his age and yet within this frame, he synthesized the views of previous Jaina Acaryas on Yoga.

**Hemacandra and the History of Gujarat :**

Hemacandra’s influence was not restricted to the field of literature. He occupies animportant place in the histo1y of Gujarat, At that time, the Calukya King Siddharaja Jaisimha was ruling Gujarat. Hemacandra was appointed as the spokesman of the Jaina community atAnhilvadaPotana to welcome the great Calukya King on his return from famous victory in Malwa. When the King met Hemacandracarya, in the very first meeting, he was impressed by the poetic qualities of Hemacandra, and invited him to be the court Pandit and the court Annalist in the Royal capital. On the orders of the King, Hemacandra compiled a new grammar, which acquired fame as Siddha-Hema-SabdanusasanaSiddharaja was so delighted that he placed it before him on the elephant and took it to the state treasury. Also, the King engaged three hundred copyists for three years to transcribe it and sent the copies all over India. Gradually due to the influence of Hemacandracarya, the King became inclined towards Jainism. He exercised equally powerful influence on Siddharaja’s successor Kumarapala, who got converted to Jainism. This was a turning point, not only in the life of Kumarapala, but also in the history of Gujarat. Kumarapala listened to the sermons of Acaryaand tried to make Gujarat a model state by removing the prevailing vices. Not onlydid he himself refrained from killing, flesh-eating and hunting, but forbade the destruction of life in his kingdom. Animal sacrifices were stopped, drinking and gambling were prohibited. Thus, due to the influence of Hemacandracarya, Gujarat witnessed non-violent revolution. Kumarpalashowed his further zeal for Jainism by erecting numerous temples and taking the twelve vows of a Jaina layman. He raised the tone of public morals, established peace, safety and good government in Gujarat. UnderKumarpalaJianism became the syate religion of Gujarat and its headquarters were no longer to be found in the district of Bihar, its birth place, but was transferred to the dominions of this Jaina King.

### Hemacandra in the Social Context:

Like the early Jaina writers, Hemacandra, in his work Yogasastra, has criticized the contact with women and pointed out the obstacles arising out of such a situation. According to Hemacandra, women are the "torches on the way to the gate of the hell, the root of all troubles and the primal cause of dissentions."But that did not mean that it aimed to degenerate the position of woman. On the contrary, King Kumarapalagave up the practice of confiscating the property of a man dying without a male successor. Such properties, which were earlier confiscated by the state, were now allowed to be inherited by widows. To some extent, this contributed to the betterment of the position of women.

Hemacandracarya's discussion of the Sravakadharmai.e. duties of householder fits perfectly in the social context. He discusses the thirty-five qualities of Sravaka in detail in his Yogasastra. The list includes qualities like earning one's living lawfully, keeping one's expenditure within the limits of one's income etc. No wonder, the cultivation of these qualities paved the path for spiritual progress, but beyond this, they were intended to make the person of a distinct character and a good law-abiding citizen. This way, social perspective was beautifully synthesized with the religious one.

### Hemacandra's Religious Tolerance:

It is true that Hemacandra had perfect dedication towards Jaina principles but he was equally tolerant of other religions. By no means was he narrow-minded in his religious approach. One incident which is well-known, can be cited as an example, where he recited the prayers in praise of Mahadeva without rejecting his Jaina loyalties in the form of Mahadevastotra.

On the whole Hemacandracarya was one of the most intellectual priest of his times. There is little doubt that Hemacandra was the wonder of his age, and his epithet, Kalikalasarvajina, was fittingly bestowed on him. He had extensive and accurate knowledge of many branches of Hindu and Jaina learning combined with great literary skill and an easy style. His contribution is considered very special, foe he spread the Jaina message of non-violence throughout the country. He occupies the place of a great scholar in the history of Indian literature and a great Acarya in the history of Gujarat. Under the rule of Hemacandra, Jainism reached its Zenith and after his time, its influence declined.

✦ ✦ ✦

Contact: 96193 7958

## સર્જન સ્વાગત

**સંધ્યા શાહ**

**પુસ્તકનું નામ : સૂકૃત સાગર મંત્રીશ્વર પેથડશાહ**

**લેખક : પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**



**પ્રકાશક : પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન, ગોપીપુરા, સુરત**

**તૃતીય આવૃત્તિ : ૨૦૨૦, પૃષ્ઠ : ૧૧ + ૩૬૦ મૂલ્ય : રૂા. ૩૦૦/-**

કાળના પટ પર ઝગઝગતા કેટલાક મહાપ્રતાપી, ઓજસ્વી, તેજસ્વી, ઐતિહાસિક કિરદારોને આલેખતી પૂ. શ્રી આચાર્યદેવ વિજયપૂર્ણ ચન્દ્રસૂરીશ્વરજીની કલમે રચાયેલું અદ્ભૂત પુસ્તક એટલે સૂકૃત સાગર મંત્રીશ્વર પેથડશાહ.

પ્રસ્તુત કૃતિમાં ૧૨મી અને ૧૩મી સદીના મહાયશસ્વી કનકગિરિ દેદશાહ, મંત્રીશ્વર પેથડશાહ અને સંઘપતિ ઝાંઝલકુમારની ત્રણ પેઢીના ઉદાત્ત ભવ્ય જીવનને તેમના જીવન સંઘર્ષોને, કટોકટીની પળે દર્શાવેલા અપ્રતીમ ધૈર્ય અને ચાતુર્યને જીવનભર જાળવી રાખેલી દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની અવિચળ પ્રચંડ શ્રદ્ધાને, સાધર્મિકોની ભક્તિને તથા તીર્થનિર્માણના સૂકૃતોને રસાળ શૈલીમાં પ્રગટ કરવામાં


આવ્યા છે.

જૈન ધર્મના ગૌરવવંતા ઇતિહાસના આ શ્રેષ્ઠીવર્યોના પરાક્રમી જીવનની કથા વાંચીને અપાર આનંદની અનુભૂતિ થાય છે.

મંત્રીશ્વરના જીવનકાળ પછી લગભગ ૧૭૫ વર્ષ પછી પ. શ્રી રત્નમંડનગતિએ તેમનું ચારિત્ર આલેખ્યું હતું. ૨૨ વર્ષ પહેલા પૂ. આચાર્યશ્રી વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજીએ 'કલ્યાણ'માં ધારાવાહિક સ્વરૂપે સતત પાંચ વર્ષ આ કથાનક પોતીકી મુદ્રા સાથે લખ્યું હતું. અંકુર સૂચકના ૫૫ કળાત્મક ચિત્રો સાથે આ પુસ્તકની તૃતીય આવૃત્તિ પ્રગટ થઈ છે. રસપ્રચૂર શૈલી અને આકર્ષક રેખાંકનો થકી પળે પળે ઔત્સુક્ય જગાવતી, જ્ઞાન, દર્શન, ચારિત્રના અદ્ભૂત સમન્વય સમા જિનશાસનના અજોડ આરાધકોના જીવન પ્રસંગો થકી ધર્મ પ્રત્યેની શ્રદ્ધાને બળવત્તર બનાવતી આ કથા જૈનત્વના ગૌરવની સુદીર્ઘ પરંપરાને વ્યક્ત કરે છે. સુવર્ણસિદ્ધિ સાથે શરૂ થતી ને કર્ણાવતીના સાધર્મિક વાત્સલ્ય સાથે સમાપ્ત થતી, ત્રણ પેઢીની આ કથા વાચકના ચિત્ત પર અમીટ છાપ અંકિત કરી જાય છે. સમગ્ર કૃતિમાં હિલોળા લઈ રહેલો સૂકૃતોનો સાગર માનવજીવનને રળિયામણું બનાવવાની પ્રેરણા આપે છે. વાચકોના બહિરંતરને ભીંજવતી આ કથા એટલી સહજતાથી લખાઈ છે કે નવી પેઢી અનાયાસે જ જૈનત્વના મૂલ્યોને આત્મસાત્ કરી શકે.

✦ ✦ ✦

**પુસ્તકનું નામ : યુગશ્રાવક કુમારપાળ વી. શાહ**
**લેખક : રોહિત શાહ**
**પ્રકાશક : શ્રી શ્રુતજ્ઞાન સંસ્કારપીઠ, વાસણથાળા કમ્પાઉન્ડ, અરૂણ સોસાયટીની બાજુમાં, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૧૬૩ મૂલ્ય : રૂ. ૪૦૦/-**





વર્ધમાન સેવા કેન્દ્ર કલિકુંડ તથા મુંબઈના પ્રાણ સમા, કર્મવીર, મૂઠી ઊંચેરા શ્રાવકના સેવાથી સુગંધિત વ્યક્તિત્વને રોહિતભાઈએ અપાર આદર તથા ઉમળકાથી આલેખ્યું છે.

માનવતાના કાર્યો કરવા જ જન્મ લીધો હોય તેમ, અણથક રહીને, આપત્તિની વેળાએ દોડી જતા, સહુને ઉગારતા આ કરુણાયું વડીલ પ્રસિદ્ધિ અને કીર્તિની જોજનો દૂર રહ્યા છે. જિનાલયના નિર્માણનું, પ્રાણપ્રતિષ્ઠાનું, જીર્ણોદ્ધારનું કે સાધુસંતોની વૈયાવચ્ચનું કામ હોય, ખડેપગે રહેતા કુમારપાળભાઈની આજીવન કર્તવ્યનિષ્ઠાના અનેક પ્રસંગો લેખકે વર્ણવ્યા છે. મૂંગા અબોલ પશુઓના જીવન અને જતનની કાળજી કરનારા કુમારપાળભાઈએ કેટકેટલાની આંતરડી ઠારી છે! કોરોના કાળની, સંકટની ઘડીઓમાં કોઈનીયે રાહ જોયા વિના ગરીબ સાધર્મિક ભાઈબહેનોને ચૂપચાપ સહાય પહોંચાડી છે. આવા ઉજ્જવળ જીવનના ધારક કુમારપાળભાઈના જીવન અને કર્તવ્યોને તસવીર સાથે પ્રગટ કરી રોહિતભાઈએ યુવાપેઢીને પ્રેરણાત્મક સંદેશો આપ્યો છે.

✦ ✦ ✦

**પુસ્તકનું નામ : ગુજરાતી ખંડકાવ્યમાં પ્રયુક્ત વક્રોક્તિ વિચારણા**
**સંપાદન : ડૉ. દીક્ષા એચ. સાવલા**
**પ્રકાશક : ડૉ. દીક્ષા એચ. સાવલા, ગુરુ ડિઝાઈન શોપ ૩૩, બીજે માળ, બાકરોલ સ્ક્વેર, આનંદ-૩૮૮ ૩૧૫.**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૧૧૬ + ૪ = ૧૨૦ મૂલ્ય : રૂા. ૧૨૫/-**

સંસ્કૃત સાહિત્ય મીમાંસક કુન્તકના વક્રોક્તિ વિચાર પર એમ.ફીલ. તથા પીએચ.ડી. કરનારા સંસ્કૃતના પ્રાધ્યાપિકા ડૉ. દીક્ષા સાવલાએ સિદ્ધહસ્ત કવિકાંતના ખંડકાવ્ય 'વસંતવિજય' અને 'ચક્રવાકમિથુન' તથા રવીન્દ્રનાથ ટાગોર રચિત – ઝવેરચંદ મેઘાણી દ્વારા અનુવાદિત 'અભિસાર'ના અનુસંધાનમાં વક્રોક્તિને ગુજરાતી સાહિત્ય વિશે વિશદ્ છણાવટ કરી છે.



સંસ્કૃત સાથે ગુજરાતી સાહિત્યનો ઉત્તમ અનુબંધ જાળવનારા લેખિકાનું આ નવમું પુસ્તક છે. સાહિત્યના અભ્યાસુઓને માર્ગદર્શક નીવડે તેવા આ ગ્રંથમાં ખંડકાવ્યનું સ્વરૂપ, તેની છંદો, પ્રયોજાયેલી વક્રોક્તિ સંદર્ભગ્રંથોની સૂચિ, પાદટીપ તથા પરિશિષ્ટ સાથે ત્રણેય કાવ્યો મૂકાયા છે.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી આ ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો છે.

✦ ✦ ✦

પુસ્તકનું નામ : વાર્તા મંજરી
સંપાદન : વર્ષા અમીન, દિપાલી મયૂર રાણા
પ્રકાશક : ઈન્કલાબ પ્રકાશન ઉત્તરાખંડ




ગુજરાતી સાહિત્યમાં 'અક્ષર નારાયણની કથા' દ્વારા વર્ષો પહેલા પદાર્પણ કરનારા લેખિકા વર્ષા અમીનના પ્રસ્તુત પુસ્તકમાં પાંચ વાર્તાઓ સમાષ્ટિ છે.

ધીરુબહેન પટેલની પ્રસ્તાવના પામેલા આ વાર્તાસંગ્રહની પાંચેય વાર્તાઓ જીવનના વિવિધ પહેલુને શબ્દાંક્તિ કરે છે, ભાવાંક્તિ કરે છે.

સહજીવનના મધુરા સ્વપ્નાઓ જેની સાથે જોયા, તે પાત્ર પરદેશથી પાછા આવ્યા પછી નાયકને ક્યાંય મળ્યું જ નહીં... ઊંડે ઊંડે ધરબાયેલી એ પ્રીત ગૃહસ્થજીવનમાં એકાંકી થયા પછી વધુ ને વધુ બળવત્તર બનતી ગઈ. પ્રિયજનના 'પુર્નમિલન'ની આ કથાની લેખિકાએ ખૂબ સુંદર માવજત કરી છે.

'પ્રિસ્ક્રીપ્શન' વાર્તા સમાજની ઘરે ઘરે જોવા મળતી પરિસ્થિતિનો આબેહૂબ ચિતાર આપે છે. આખી જિંદગી દોડધામ કરીને સંતાનોને થાળે પાડ્યા પછી 'હાશ' કહેવાના અવસરે, નિરાંત લેવાના અવસરે સંતાનોથી હડધૂત થતા પિતાની વ્યથાને ડૉક્ટરે સૂચવેલો કિમિયો, જે રીતે કારાગર થાય છે તે ભાવકોને ભીંજવે છે.

'અવકાશ' લેખિકાને સ્વયં નાયિકાના રૂપમાં આલેખતી કથા પથારીવશ સ્ત્રીની મનોદશા આલેખે છે. ક્યાંય બહાર નહીં જવાના અફસોસની સાથે ભૂતકાળની મીઠી સ્મૃતિઓ ફ્લેશબેકથી વર્ણવાઈ છે. અતીતના એ સંભારણા જીવનની છેલ્લી ક્ષણોને અલોક્તિ કરે છે.


લેખિકાએ કોરોના કાળે ગોઠવાયેલા ઑન લાઈન એજ્યુકેશનને પણ વાર્તામાં સાંકળી લીધું છે. નવી પરિસ્થિતિ, નવા પ્રશ્નો નિર્માણ કરે તેને જોવાની વાર્તાકારની દૃષ્ટિ એનું નાવીન્યપૂર્ણ નિરૂપણ કરી શકે – 'વા વા વંટોળિયો' વાર્તા એનું પ્રમાણ છે.

સ્ત્રીના હૃદયનું વાત્સલ્ય તિરુપતી 'મીરાં રાજીવ' વાર્તા એ સાબિત કરે છે કે કોઈ બાકી રહેલા ઋણાનુબંધે જ આપણે સંસારમાં મળતા હોઈએ છીએ.

બધી જ વાર્તાઓ લાગણીના અનુબંધે રસાયેલી છે.

✦ ✦ ✦

પુસ્તકનું નામ : જૈન સાહિત્ય વિમર્શ
સંપાદન : ગુણવંત બરવાળિયા, અભય દોશી, ડૉ. માલતીબહેન શાહ, ડૉ. સેજલ શાહ
પ્રકાશક : વીરતત્વ પ્રકાશક મંડળ શિવપુરી તથા શ્રી રૂપમાણક ભણશાળી ટ્રસ્ટ, મુંબઈ. ૧૨૮, મિત્તલ ચેમ્બર્સ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૧.
પૃષ્ઠ : ૩૨૦ મૂલ્ય : રૂા. ૨૦૦/-



શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજીત ૨૩મા જૈન સાહિત્ય સમારોહમાં જૈન તીર્થ, સજઝાય અને ભાવના પર વિદ્વાનોએ રજૂ કરેલા શોધપત્રોમાંથી ચયન કરીને સંપાદકોએ પ્રસ્તુત ગ્રંથનું સંકલન કર્યું છે.

જૈન તીર્થોમાં પૂર્વ ભારતની તીર્થભૂમિઓ, ઝાંઝમેર, પાવાગિરી, શત્રુંજય તીર્થની સાથે તીર્થ સાહિત્ય અને ફાગુ કાવ્યોની સમીક્ષા અહીં પ્રગટ થઈ છે.

સજઝાયમાં અષ્ટપ્રવચનમાતા, સ્થૂલિભદ્ર શ્રી પ્રભંજન, ચંદનબાળા, ગજસુકુમાલ તથા ઈલાયચીકુમારની સજઝાય વિશે વિદ્વાનોએ પોતાનું સંશોધન પ્રગટ કર્યું છે.

બાર ભાવનાઓમાં અનુપ્રેક્ષા અશરણ ભાવના બોધિ દુર્લભ ભાવના, અન્યત્વ ભાવના અને એકત્વ ભાવના વિશેનું વિશદ્ જ્ઞાન રજૂ કર્યું છે.

૧૯૭૭થી શરૂ થયેલી શ્રુતજ્ઞાન યજ્ઞની આ ઉજ્જવળ પરંપરા થકી અનેક વિદ્વાનો આ જ્ઞાન યજ્ઞમાં જોડાયા છે. જૈન ધર્મની પરંપરા – તીર્થંકરો – તીર્થભૂમિઓ – આગમ અને સ્તુતિઓ વગેરેનો વિશદ્ અભ્યાસ, અધ્યયન અને તેનું પરિશિલન થાય તે હેતુ સાર્થક થયો છે. આવા ગ્રંથોનું સંકલન તેની પ્રતીતિ કરાવે છે.

✦ ✦ ✦

પ્રિય વાચક મિત્રો,

'સર્જન સ્વાગત' વિભાગમાં તમારા પુસ્તક મોકલાવતી વખતે ખાસ ધ્યાન રાખો કે તે તાજેતરનું પ્રકાશન હોય, પુસ્તકના અવલોકન માટે પુસ્તક મોકલવા આવશ્યક છે. માત્ર એક જ કોપી પુસ્તક તંત્રીશ્રીના સરનામે મોકલવું. એના ઉપર અવલોકનાર્થે લખવું. સહકાર બદલ આભાર – તંત્રીશ્રી

# ભાવ – પ્રતિભાવ

**મા**નનીય સેજલબહેન, તમારા લેખો, છેલ્લા થોડા સમયથી, કાવ્યમય ગદ્ય જેવા તો લાગતાં જ હતાં. હવે તે ધીમે ધીમે તે પૂરેપૂરું કાવ્યનું રૂપ લઈ રહ્યા હોય એવું લાગી રહ્યું છે!

ખાસ તો મારે આજે, તમે જે શિક્ષકની પરિકલ્પના કરી રહ્યા છો (આપણે ત્યાંના મોટા ભાગના શિક્ષકો, આપણા સામાન્ય (average) શિક્ષકને નજરમાં રાખીએ તો) તે પ્રકારના શિક્ષક, કદાચ કલ્પનામાં જ મળે એમ કહેવું હોય તો કહી શકાય. આમ છતાં, હું મારા જીવનમાં બહુ વર્ષો પહેલાં આવેલા બે આવા પ્રકારના શિક્ષકોની વાત કરી, તમારા લખાણમાં ટાપસી પૂરવા ચાહું છું.

૧૯૫૬માં જ્યારે હું S.S.C. પાસ કરી સિડનહામ કૉલેજમાં જોડાયો ત્યારે અમારા સિવિક્સના વિષયના, વર્ષના પ્રથમ વ્યાખ્યાનમાં (મને આજે યાદ આવે છે, તે મુજબ) શ્રી કોલી નામના એક યુવાન ગુજરાતી પ્રાધ્યાપક આવ્યા, ત્યારે શરૂઆતમાં વિદ્યાર્થીઓએ ધમાલ કરી મૂકી. પરંતુ તેમણે સહુને એક જોક કહીને, ન કેવળ ચૂપ કરી દીધા. તેમના ભક્ત બનાવી દીધા. તેઓશ્રી, હું ભુલતો ના હોઉં તો બી.કોમ. અને એમ.કોમ. બન્નેમાં ફર્સ્ટ ક્લાસમાં ફર્સ્ટ પાસ થયા હતાં. અમારા દરેક તાસમાં, જોક્સ કરતા હોવા છતાં, વર્ષનો કોર્સ પહેલા છ મહિનામાં પતાવી દઈ વિદ્યાર્થીઓની અન્ય કોઈ પણ વિષયની, કોઈ પણ મુસીબત નિવારવા હંમેશ તત્પર રહેતા. (વર્ષો પછી મેં મારી પૌત્રી પાસેથી જે જાણ્યું હતું, તે સાચું હોય તો તેઓશ્રી વિર્લેપાર્લે પશ્ચિમની એક કોલેજમાં પ્રિન્સિપાલ પણ બન્યા હતાં).

આ પ્રકારના એક અન્ય શિક્ષકનો સંપર્ક મને વર્ષ ૨૦૦૧-૨૦૦૨માં કલીનામાં, જૈનોલોજીના ડિપ્લોમા કરતી વખતે થયો હતો. એ બહેન શીખવતા હતા એ વિષયનું નામ અત્યાર બરાબર યાદ નથી આવતું. પરંતુ 'વિશ્વના ધર્મો' કે એવું કાંઈક હતું. આમ જોઈએ તો અમારા અભ્યાસક્રમમાં એ વિષય બહુ અગત્યની નો'તો, પરંતુ જે રીતે તેઓ એ શીખવતા એ કારણે એ બહેનની સાથે એ વિષય પણ વિદ્યાર્થીઓમાં પ્રિય બની ગયો હતો. (આજે લગભગ ૨૦ વર્ષ પછી એમનું નામ યાદ નથી આવતું. પરંતુ એવું યાદ આવે છે કે એક વિદ્યાર્થી એમને જ્યારે મજાકમાં પૂછ્યું કે તમારું નામ આવું પુરુષ જેવું કેમ છે, ત્યારે તેમણે હસતાં હસતાં કહ્યું હતું કે 'આ સવાલનોનો જવાબ તો મારી મમ્મી જ આપી શકે!' પાછળથી એવી ખબર આવી કે એક અન્ય શિક્ષક બહેન, જે સર્વજનપ્રિય શિક્ષકાના એક વખતના ગુરુ હતાં. તેઓશ્રી આ શિક્ષીકા બહેનને ત્યાંથી કઢાવવા ઇચ્છી રહ્યા છે, ત્યારે અમારા વર્ગના અમુક વિદ્યાર્થીએ ડૉ. બિપીન દોશીને મળી એ પાક્કું કરાવી દીધું હતું કે આ સરસ શિક્ષકની નોકરી જાય નહીં.

Incidentally, અમારા આ સર્ટીફિકેટ કોર્સના વર્ગમાં વિદ્યાર્થીઓમાં બેથી ત્રણ તો ડૉક્ટર હતા, જેમાંના એક ડૉ. વિ(બિ)પીન શાહ, સાંતાક્રુઝના Eye Specialist હતા અને મોટા ભાગે વર્ગમાં, વચ્ચેની બાજુની પહેલી બેંચ ઉપર અમે બન્ને બાજુ બાજુમાં બેસતાં.

તમારા મૂલ્યાવાન સમયનો ભોગ લેવા ક્ષમા પ્રાર્થના સાથે,

આપનો,

**– અશોક ન. શાહ**

✦ ✦ ✦

સવિનય જણાવવાનું કે – 'પ્રબુદ્ધ જીવન' માસિકનું લવાજમ ભરતાં તરત જ કુરિયથી નવેમ્બર, ૨૦૨૧નો અંક પ્રાપ્ત થયો. લવાજમ ભર્યા પછી આટલી ઝડપથી કોઈ સામયિક મોકલતા નથી.

આપનો આભાર.

એક બેઠકે આખો અંક વાંચી ગયો. તંત્રીશ્રી ડૉ. સેજલબેન શાહનો લેખ – 'આપણી દીવાલ પર આપણી પોતાની સહી!' લેખ ઉત્તમ રહ્યો. શિક્ષક-વિદ્યાર્થીઓનું ઉદાહરણ સરસ છે. સુંદર લેખ માટે તંત્રીશ્રીને અભિનંદન. અંકના અન્ય લેખ સરસ છે.

'સર્જન સ્વાગત' વિભાગમાં પુસ્તક પરિચય પ્રાપ્ત થયો.

'પ્રબુદ્ધ જીવન' માસિક ગાગરમાં સાગર જેમ શ્રેષ્ઠ વાંચન રજૂ કરતું સામયિક છે.

**– હસમુખ રામદેપુત્રા, રાજકોટ**

✦ ✦ ✦

***(નોંધ : 'ભાવ-પ્રતિભાવ'માં તમારું મંતવ્ય જરૂર લખો, તમે ઈમેલ, વોટ્સઅપ કે પત્ર લખી શકો છો. અક્ષર સુવાચ્ય હશે તો મૂકવામાં સરળતા રહેશે. આભાર – તંત્રીશ્રી)***

✦ ✦ ✦

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૬૦,૦૦૦/- | IWC Bombay Airport Area ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨૫,૦૦૦/- | કાર્તિક ટિંબડિયા |
| ૧,૦૦૦/- | અશ્વિનભાઈ આર. સંઘવી |
| ૧૦,૦૦૦/- | ડૉ. ચિરાગ જયેશ ગાંધી |
| **૯૬,૦૦૦/-** | |

### એજ્યુકેશન રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧,૦૦૦/- | અશ્વિનભાઈ આર. સંઘવી |
| **૧,૦૦૦/-** | |

### પુસ્તક વેચાણ ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૦,૦૦૦/- | શ્રી નીતિનભાઈ સોનાવાલા |
| **૨૦,૦૦૦/-** | |

### જરનલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૨,૫૦૦/- | સુહાસની આર. કોઠારી |
| ૨,૫૦૦/- | શ્રી મિહીરભાઈ આર. કોઠારી |
| ૨૦,૦૦૦/- | પ્રભાત ટી એન્ડ ટેક્ષટાઈલ |
| ૧,૦૦૦૦૦- | રજનીબેન સુધીરભાઈ શાહ |
| ૨૫,૦૦૦/- | એ. એમ. શેઠ |
| ૫,૦૦૦/- | ઘેલાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦,૦૦૦/- | પ્રતિમાબેન ચક્રવર્તી |
| ૨૦,૦૦૦/- | પ્રવિણા અશ્વિન મહેતા |
| ૨૦,૦૦૦/- | ધીરેન્દ્રકુમાર વરજીવન શાહ |
| ૧૦,૦૦૦/ | શ્રીમતી રસીલાબેન શાહ |
| ૨,૫૦૦/- | ઈન્દ્રવદન સી. શાહ |
| ૧,૦૦૦૦૦/- | ઓનવર્ડ ફાઉન્ડેશન |
| ૧૦,૦૦૦/- | સ્નેહલ સંઘવી |
| **૩,૨૭,૫૦૦/-** | |

## અનાજ રાહત યોજના

**ભા**ગદોડ ભરી આ દુનિયામાંથી મારે એક જ વાર પસાર થવાનું છે, ત્યારે મારી ઇચ્છા એ જ ક્યાંક કોઈના આંસુ લૂછી શકું, ક્યાંક કોઈક સ્મિત વેરી શકું, ક્યાંક કોઈનું દર્દ પી શકું, કોઈની સામે લંબાવું, હમદર્દીનો હાથ કરી લઉં. બધુ આ બનતી ત્વરાએ, ફરી કદી આ રસ્તે આવવાનું નયે થાય. એક પરિવારનું જતન અને સંવર્ધન કરવું એ સૌથી મોટી સામાજિક સેવા છે. એ દેશને કરેલું સર્વશ્રેષ્ઠ પ્રદાન છે.

આ વાક્યને આપણા જીવનમાં પૂરેપૂરી રીતે ચરિતાર્થ કરવાનો સમય આવી ગયો છે.

આપણી પોતાની જીવનરીતિમાં જરાક બદલાવ લાવીને આપણામાં બીજાને સામેલ કરવા તે. આ મહામારીમાં સૌના હૃદયમાં કરુણાની સરવાણી વહેવા લાગી છે. કોરોનાએ સમગ્ર વિશ્વને હચમચાવી દીધો છે.

અનાજ માટે વલવલતાં કેટલાંયે કુટુંબો આપણી નજર સમક્ષ આવે છે. ભુખનું દુઃખ શું હોય તેની કલ્પના પણ આપણને હચમચાવી દે છે.

લોકોને અનાજ પહોંચાડવા મારે ઘણી સંસ્થાઓ કાર્યરત બની છે. સરકાર પણ યથાશક્તિ મદદ કરે છે, પણ આભ ફાટે ત્યાં થીંગડું ક્યા કામ લાગે? આ થીંગડામાં થોડા ટેભા ભરવા માટે મુંબઈ જૈન યુવક સંઘ તરફથી અનાજ રાહત યોજનાનો પ્રોજેક્ટ લીધો છે. આ સંસ્થા તરફથી ૧૯૮૫ થી લગભગ ૧૦૦ કુટુંબને દર મહિને રૂા. ૪૩૦/-નું (જે અત્યારે) અનાજ અપાય છે. આવા કપરા કાળમાં પણ બહેનો ટ્રેન બંધ હોવા છતાં જાનનું જોખમ લઈને અનાજ લેવા આવે છે. ઘણા ઘરોમાં તો ચૂલા જ ઠંડા પડી ગયા છે. શું કરવું તેજ ન સમજાય. તેથી આપ સૌને અમારી હૃદયપૂર્વકની કમાડ ખોલીને ખોબલે ખોબલે અમારો વાલવ ભરી દીધો.

આપણે કરેલી મદદથી તેઓના મુખ પરનો આનંદ જોઈને આપણું જીવન ધન્ય બની જશે.

**રમા મહેતા – ઉષા શાહ – પુષ્પા પરીખ – ભારતી પારેખ**

# અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
સંપર્ક: ૯૮૧૯૩ ૭૨૯૦૮

## ડૉ. રણજી પટેલ (અનામી)

૨૦ વર્ષના સમયગાળા દરમિયાન નિયમિત રીતે વિવિધ વિષયો ઉપર ડૉ. રણજિત પટેલ (અનામી)ના નીચે જણાવેલ સૂચિ મુજબ ૧૦૦થી વધારે લેખ પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશિત થયેલ છે. વિગતવાર વાંચન માટે visit http://prabuddhjeevan.in

Aug-૧૯૯૫ સાંપૂત વિચાર વિહાર
June-૧૯૯૭ કહેવતોમાં નારી
Nov-૧૯૯૭ વૃધ્ધત્વં જરસા વિના ?
Dec-૧૯૯૮ મને સાંભરે રે
Feb-૧૯૯૯ ધન્ય થઈ ગયાં
Apr-૧૯૯૯ પંચતંત્ર
Jun-૧૯૯૯ પાસપોર્ટની પાંખે-ઉત્તરાલેખન
Dec-૧૯૯૯ ગાંધારીનું આવેદન
Jan-૨૦૦૧ નિરુદેશ યાત્રા અને
Mar-૨૦૦૧ કેટલુંક ચિંતન
Mar-૨૦૦૧ કેટલુંક ચિંતન
Apr-૨૦૦૧ કેટલુંક ચિંતન
Apr-૨૦૦૧ કેટલુંક ચિંતન
Jun-૨૦૦૧ સ્વ. પ્રો. જયંત કોઠારી
Sep-૨૦૦૧ હિંદ સ્વરાજ-સાંપ્રત સંદર્ભ
Dec-૨૦૦૧ કેટલુંક ચિંતન
Jan-૨૦૦૨ કિશોર-સ્મૃતિ
Mar-૨૦૦૨ નર્મદનો ડાંડિયો
Apr-૨૦૦૨ કવિવર ટાગોરનું એક ઉદ્‌બોધન-કાવ્ય
Jun-૨૦૦૨ કેટલુંક ચિંતન
Jul-૨૦૦૨ ભાત ભાત કે લોગ
Sep- ૨૦૦૨ યદ્‌ભવિષ્ય
Oct-૨૦૦૨ વૈશ્વિક સંવેદનાનો વિસ્ફોટ
Nov-૨૦૦૨ કેટલુંક ચિંતન
Dec-૨૦૦૨ સ્વ ભંવરલાલજી નાહટા
Dec-૨૦૦૨ સાહિત્ય ચિંતન
Jan-૨૦૦૩ સ્ત્રી-પુરુષ અસમાનતા : એક નાગચૂડ
Feb-૨૦૦૩ યશોધીરકૃત પંચાખ્યાન બાલાવબોધ
Mar-૨૦૦૩ સ્તેભ્યો નરેભ્યો નમ:
May-૨૦૦૩ નિદ્રા
Jul-૨૦૦૩ હા કષ્ટં
Sep-૨૦૦૩ વડોદરા : મારી સંસ્કારભૂમિ
Oct-૨૦૦૩ પત્ર-વ્યવહાર
Nov-૨૦૦૩ બાબરીઓ
Jan-૨૦૦૪ જૂનવાણી કે ઉપયોગીતાવાદી
Feb-૨૦૦૪ નવ કરશો કોઈ શોક
Mar-૨૦૦૪ ઘરમાંની છબીઓ
Apr-૨૦૦૪ કહેવતોમાં નારી
Jun-૨૦૦૪ મારા સંબંધોની શ્રી ગણેશાય નમ:
Aug-૨૦૦૪ કેટલાક અનુભવો કેટલુંક ચિંતન
Sep-૨૦૦૪ અક્ષર
Oct-૨૦૦૪ સ્વયં શિસ્ત ડૉ. રણજી
Nov-૨૦૦૪ સદ્‌ગત સાક્ષરો
Dec-૨૦૦૪ દાદીના શબ્દ પ્રયોગ
Jan-૨૦૦૫ પ્રણય અને કર્તવ્યના સંઘર્ષની અમરકથા
Mar-૨૦૦૫ દેખાવું અને હોવું
Jul-૨૦૦૫ ત્રણ યાત્રા-કાવ્યો
Aug-૨૦૦૫ ન્હાનાલાલ કવિ
Sep-૨૦૦૫ ભૂતના મારા અનુભવો
Oct-૨૦૦૫ આકૃતિ : ગુણાન કશયતિ
Mar-૨૦૦૬ રાષ્ટ્રીયતાના જ્યોતિર્ધરની ભવાની ભારતી
Mar-૨૦૦૬ પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
Jun-૨૦૦૬ સમસ્યાઓ
Jul-૨૦૦૬ માંસાહાર
Sep-૨૦૦૬ હળવી પળોમાં
Nov-૨૦૦૬ શીલ પ્રજ્ઞાનો સમન્વય
Dec-૨૦૦૬ ધૃતરાષ્ટ્ર
Feb-૨૦૦૭ શબ્દ-રમત
Apr-૨૦૦૭ તહમે ઈશ્વરમાં માનો છો
May-૨૦૦૭ વધારીઆ
Jun-૨૦૦૭ સદભાગી
Jul-૨૦૦૭ મને કેમ વિસરે રે
Aug-૨૦૦૭ વધારિઆનો વધારો
Sep-૨૦૦૭ આતમરામે રે મુનિ રમે
Oct-૨૦૦૭ પંથે પંથે પાથેય: ઇઝી એન્ડ હાર્ડ
Nov-૨૦૦૭ ગુણજ્ઞ આચાર્યશ્રી બાબુભાઈ ગામી
Dec-૨૦૦૭ હિંસા
Jan-૨૦૦૮ પંથે પંથે પાથેય: શું આ અશક્ય છે ?
Mar-૨૦૦૮ લત
Apr-૨૦૦૮ લલના-પ્રિય અર્જુન
Jun-૨૦૦૮ ઉપદેશ-શૈલી
Jul-૨૦૦૮ કવિવર ટાગોર અને રાજકારણ
Dec-૨૦૦૮ છિન્ન ભિન્ન રાષ્ટ્રનું વ્યાકરણ
Jan-૨૦૦૯ ભવિષ્યવાણી
Feb-૨૦૦૯ જે. કૃષ્ણ મૂર્તિ અને પ્રેમ
Mar-૨૦૦૯ મૃત્યુ : કબીર અને ટાગોર
Apr-૨૦૦૯ ગામઠી આરોગ્ય વિજ્ઞાન
May-૨૦૦૯ વિધેયાત્મક અભિગમ
Jun-૨૦૦૯ શ્રીમત શંકરાચાર્ય-વિચરિત મણિત્નમા
Jul-૨૦૦૯ ભારત-ચીન
Aug-૨૦૦૯ અપરિગ્રહવ્રત
Sep-૨૦૦૯ આ ધાર્મિકતા!
Oct-૨૦૦૯ દીકરી માટેની ઝંખના
Nov-૨૦૦૯ વસુદેવ-હિંડીની શૈલી
Dec-૨૦૦૯ એક પ્રેરક-પાવન જીવન ચરિત્ર
Jan-૨૦૧૦ સર નેઈમ લેસ
Feb-૨૦૧૦ સંબંધ
Apr-૨૦૧૦ આપણા ભાવ-વિશ્વના કવિ-ટી એસ એલિ
May-૨૦૧૦ અનુભૂતિની અફલાતૂન અભિવ્યક્તિ
Feb-૨૦૧૧ ક્રોધ
Mar-૨૦૧૧ સર્વેગુણા કાંચનાશ્રયન્તે
Apr-૨૦૧૧ ક્રોધ અને હું
Apr-૨૦૧૧ ક્રોધ અને હું
Jun-૨૦૧૧ ચમત્કાર વિના નમસ્કાર નહીં ?
Jan-૨૦૧૨ સૂત્ર-બંધન
Jun-૨૦૧૨ અનુગ્રહ
Jul-૨૦૧૨ સુખ
Oct-૨૦૧૨ સો શરદો જીવો શ્રાપ કે અભિશાપ
Dec-૨૦૧૨ ભૂત અને ભગવાન
Feb-૨૦૧૩ ટપ લઈને મરી ગયા
Jun-૨૦૧૩ શતાયું ભવ મત કહેના
Jan-૨૦૧૪ ભાત ભાત કે લોગ
Dec-૨૦૧૪ સ્વર્ગ-નર્ક
Mar-૨૦૧૬ આ ધર્મ



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

હરીશ દાસાણી

**પ્રિય,**

આ પત્ર પ્રથમ અને અંતિમ છે. તું એટલો નજીક છે કે પત્ર લખવાનો પ્રસંગ જ આવ્યો નથી. પણ આજે જ્યારે તારી જ ઇચ્છા છે અને આગ્રહ પણ છે, તો લખું.

શું લખું? આપણા સંબંધ વિશે, મારા વિશે કે તારા વિશે?

પત્રમાં લખવા માટે એવી તો કોઈ વાત નથી કે જે તું જાણતો ન હોય. મારો જન્મ થયો એ ક્ષણથી તું મને જાણે જ છે. મેં શું કર્યું છે, શા માટે કર્યું છે, એ તારાથી તો અજાણ નથી જ. હા, કદાચ તારી એવી ઇચ્છા હોય કે તું આ પત્ર દુનિયા સામે ખુલ્લો મુકવાનો હોય તો કંઈ લખું.

૧૭ ડિસેમ્બર, ૧૯૫૧ પોરબંદરના દરિયાઈ મોજા સાથે હું અહીં આવ્યો અથવા તું મને લાવ્યો. ભમરડા અને લખોટીઓ, મોઈ દાંડિયા અને હુતુતુતુ – આવું બધું હું અને તું રમતા અને બીજાને પણ રમવા બોલાવતા. મને યાદ નથી કે પહેલો એકડો ને બારાખડી મને કોણે ઘૂંટાવેલાં.

પણ એ પહેલાં જ ઘરની બાજુના રામમંદિરમાંથી સંભળાતી ધૂન અને ત્યાં ચાલતી પાઠશાળા મને યાદ છે. રામાયણની ચોપાઈ, ગીતાના શ્લોક, મહાભારતની કથા અને સુદામામંદિરની ભૂલભૂલામણીમાં હું વધતો ગયો.

ડોંગરે મહારાજના અશ્રુભીના ભાગવત પ્રવાહ સાથે કંઈ પણ ન સમજતાં હું પણ રડતો. કીર્તિમંદિરની લાઈબ્રેરીમાં ચૂપચાપ બેઠેલ ક. મા. મુનશી, ગુણવંતરાય આચાર્ય અને ધૂમકેતુ કે ર. વ. દેસાઈ મને ખેંચતા. નવયુગ વિદ્યાલયના નરોત્તમ પલાણ કાચીપાકી કવિતા વાંચતા, વખાણતા ને છંદ શીખવતા – જે હું વારંવાર ભૂલી જતો. મિત્ર કાંતિ રાડીયા સાથે કલાકો સુધી દરિયાકિનારે બેસી રહેતો. ભણતો ગયો. ભૂલતો ગયો. રખડતો રહ્યો. ફિલ્મોના ગીતોની નકલ કરીને ગાતો રહ્યો.

આમ બધી વાતો ચીલાચાલુ રીતે ચાલતી હતી. તેમાં અચાનક નોકરી મળી. કલકત્તા મામાને ઘરે મળવા ગયા ત્યાં મળ્યા પાંડુરંગ દાદા. ૧૯૭૨ શિબિર પ્રવચનોમાં દાદાજીના વાક્ પ્રવાહમાં સાંભળી અદ્ભૂત વાત. જે કવિતાઓ લખે તે કવિ નહીં.કવિ મનીષી પરિભૂ સ્વયંભૂ સાંભળીને ઈશાવાસ્ય ઉપનિષદની મોહિની લાગી.

સહજ થતું ગયું બધું. લગ્ન,સંતાનો, પ્રમોશન વગેરે સાથે ચાલતા રહ્યા સાહિત્ય, સંગીત અને સ્વાધ્યાય. ભકિતફેરી અને ભાવફેરીથી નિરપેક્ષ પ્રેમયુકત સંબંધો મળ્યા. દિવસો વહેતાં રહ્યા ને સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, જૂનાગઢ, જામનગર, સુરત અને મુંબઈ – સ્થળાંતર થતું રહ્યું. અને લો, આ આવી પહોંચ્યા સંવત ૨૦૭૮ને ઈ. સ.૨૦૨૧ માં.

અંતિમ પત્ર લખી રહ્યો છું ત્યારે થાય છે. લખું છું, લખાઈ રહ્યું છે કે લખાવાઈ રહ્યું છે?

હજી સુધી હું તેનો નિશ્ચિત અંતિમ ઉત્તર શોધી શકયો નથી. ક્રિયા થાય છે, પરિણામ આવે છે એ દેખાય પણ છે. પણ ક્રિયાની પાછળ રહેલ શકિત કોણ છે, કેવી છે, કેવા છે એ શકિતના ગુણધર્મ અને શું છે તેનો હેતુ, એ કશું હું સમજી શકયો નથી. જીવનને કોઈ નિશ્ચિત વ્યાખ્યા કે અર્થ આપી શકયો નથી અને એવું કંઈ કરવા માટે ઇચ્છુક પણ નથી હું.

પ્રિય, તને એટલું જ કહેવું છે અંતિમ પત્રમાં-જગત સુંદર છે અને હું સુખી છું. કારણ કે તું છે. તું મારી સાથે છે.

તું મને ગમે છે અને હું તને ગમું છું એવો પાકો વિશ્વાસ છે.

*લિ. હરીશ*

Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Raod, Mumbai - 400 004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415

**Editor : Dr. Sejal M. Shah**

Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.